
Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates




Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

ॐ

શ્રી પંચપરમેષ્ઠીને નમઃ
શ્રી નિજ શુદ્ધાત્માને નમઃ
શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

# સત્ અહેતુક જ્ઞાન

અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કહાન ગુરુદેવના,
અનન્ય શિષ્યરત્ન, આત્મજ્ઞ,
પૂજ્ય 'ભાઈશ્રી' લાલચંદભાઈના
સમયસાર ગાથા-૨૭૦, કળશ-૧૭૨
તથા તત્ત્વચર્ચા ઉપરના પાંચ પ્રવચનો.

: પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :
શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ
''સ્વીટ હોમ'' જાગનાથ પ્લોટ શેરી નં-૬,
જીમખાના રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
| --- | --- | --- | --- |
| ૩૬ | ૨૫૪૨ | ૨૦૭૨ | ૨૦૧૬ |

: પ્રકાશન :

પૂ. ''ભાઈશ્રી'' લાલચંદભાઈ મોદીના ૧૦૭ માં જન્મદિન પ્રસંગે
તા. ૧૩-૬-૨૦૧૬, સોમવાર, જેઠ સુદ-૯

પ્રથમ આવૃતિ - ૫૦૦ પડતર કિંમત - રૂા. ૭૫/- (અંદાજીત) મૂલ્ય - સ્વાધ્યાય

## 'સત્ અહેતુક જ્ઞાન' નું પ્રાપ્તિ સ્થાન

**રાજકોટ :** શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ,
'સ્વીટ હોમ' જાગનાથ પ્લોટ શેરી નં. ૬, જીમખાના રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.

**રાજકોટ :** શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ટેલી નં. ૨૨૩૧૦૭૩

**મુંબઈ :** શ્રી પંકજભાઈ શાંતિલાલ ઝવેરી
૮૧-નિલામ્બર, ૩૭, પેડર રોડ, મુંબઈ - ૪૦૦ ૦૨૬.
ટેલી નં. ૨૩૫૧૬૬૩૬ / ૨૩૫૨૪૨૮૨

**થાણા :** શ્રી ચીનુભાઈ બાલચંદભાઈ શાહ
વર્ષા સોસાયટી, સંગીતા બિલ્ડીંગ, બીજે માળે, વંદના સોસાયટી સામે,
હાઈ-વે; ૯ પાડા, થાણા વેસ્ટ. ટેલી નં. ૨૫૪૦૭૦૭૮, મોબાઈલ : ૯૩૨૩૦૪૧૯૪૪

**કલકત્તા :** શ્રી પ્રકાશભાઈ શાહ
૪૬, રૂપચંદ મુખર્જી લેન, ધનશ્રી કુંજ, બ્લોક-એ, પહેલા માળે, ભવાનીપુર,
કલકત્તા-૭૦૦૦૨૫. મોબાઈલ : ૯૮૩૦૩ ૩૧૦૧૦

**બોરીવલી :** શ્રી ભરતભાઈ સી. શાહ
૯૦૫/૯૦૬ યોગી રેસીડેન્સી, એક્સર રોડ, યોગીનગર, બોરીવલી વેસ્ટ, મુંબઈ - ૯૨.
મોબાઈલ : ૦૯૩૨૨૨ ૮૨૧૬૬

**સોનગઢ :** ડૉ. મધુરીબેન એસ. નંદુ ''ધ્રુવધામ'', રાજકોટ-ભાવનગર મેઈન રોડ,
મુ.પો. સોનગઢ, જી. ભાવનગર. ટે.નં. ૦૨૮૪૬/૨૪૪૧૩૨

: લેસર ટાઈપ સેટીંગ અને જેકેટ :
**DESIGN SCOPE**
**Rajkot.**
**Cell :** 98250 76007, 94280 11274
**E-mail :** designscope1@gmail.com

: મુદ્રક :
શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ
૩૧૨, હીરા પન્ના કૉમ્પ્લેક્સ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ.
ફોન : ૨૪૬૮૪૬૧, મોબાઇલ : ૯૮૨૫૦ ૭૫૦૬૧
અમદાવાદ ફોન : ૨૬૫૮૪૪૧૪/૧૫
Email: sharpoffset@hotmail.com

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## Thanks & Our Request

This electronic shastra has been donated Shree KundKund KahanAmrut Prabhavna Mandir Trust, Sweet Home, Jagnath Plot, Sheri Number 6, Gymknana Road, Rajkot, India, 360 001, Phone: 0281-2231073.

Our request to you:

1) This electronic version of Sat Ahetuk Gnaan is the original copy from which the first paper version was printed. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 28 February 2017 | First electronic version |

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પ્રકાશકીય કલમે....

**અહો ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિ દિવ્યનો,**
**જિનકુંદ ધ્વનિ આપ્યા, અહો તે ગુરુ કહાનનો.**

વર્તમાન શાસન નાયક મહાવીર ભગવાનથી પ્રગટ થયેલી દિવ્યધ્વનિની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ એવા શ્રી કુંદકુંદાચાર્યદેવ બે હજાર વર્ષ પૂર્વે થયા. તેઓશ્રીએ વર્તમાન મહાવિદેહક્ષેત્રે બિરાજમાન શ્રી સીમંધર ભગવાનની સુખાનંદથી વહેતી દિવ્ય દેશનાને પ્રત્યક્ષ સદેહે ત્યાં જઈ સાક્ષાત મૂર્તિમંત કરીને ભરતક્ષેત્રમાં લાવીને દ્વિતીય શ્રુતસ્કંધમાંના સમયસાર આદિ પંચપરમાગમોની રચના કરી.

ત્યારબાદ એક હજાર વર્ષ પૂર્વે આ કાળના હાલતા ચાલતા સિદ્ધ એવા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ થયા. તેમણે સમયસાર આદિ અનેક શાસ્ત્રોની ટીકા કરી.

આ પરંપરામાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ જેવો જ થઈ ગયેલો. મિથ્યાત્વ ગળાડૂબ થઈને તેનું એક છત્ર રાજ શરૂ થયેલું, તેવામાં જ જૈનશાસનમાં એક આધ્યાત્મિક મહાપુરુષ, આત્મજ્ઞસંત, નિષ્કારણ કરુણાના સાગર ને ભાવિ તિર્થાધિરાજ એવા નિર્ભય-નિડર ને નિશંક સિંહપુરુષ પ.પૂ.શ્રી કાનજીસ્વામીનો જન્મ થયો. તે પુરુષે આચાર્યોના હૃદયમાં પેસીને ચારે પડખેથી શાસ્ત્રોનો નિચોડ કાઢીને, પરમાગમના રહસ્યોને પોતાની પ્રજ્ઞાથી આત્મસાત્ કરીને, ભવ્યજીવોના શ્રેયાર્થે ૪૫ વર્ષ સુધી અતૂટ ધારાથી દેશનાની શૃંખલા વરસાવીને, અસંખ્ય જીવોને આધ્યાત્મિક વાતાવરણમાં તરબોળ કરી દીધા. ઘણાં જીવોએ પૂ.ગુરુદેવશ્રીના નિમિત્તે પોતાના આત્મસ્વરૂપને સમજી ને આત્મસાત્ કર્યું.

પૂ.ગુરુદેવશ્રીના ૪૫ વર્ષના સોનગઢના સુવર્ણકાળ દરમ્યાન અનેક શિષ્યરત્નો થયા. તેમાંના એક પ્રમુખ શિષ્યરત્ન એવા આદરણીય પૂ.'ભાઈશ્રી' લાલચંદભાઈ થયા. તેમણે ઘણો સમય સોનગઢ પૂ.ગુરુદેવશ્રીની નિશ્રામાં રહી, આચાર્ય ભગવંતોના મૂળ તાત્ત્વિક રહસ્યોને પોતાના જ્ઞાનસરોવરના પ્રકાશ સાથે મેળવી ને આચાર્ય ભગવાન તથા પૂ.ગુરુદેવશ્રીએ જે રીતે શુદ્ધાત્માનું રહસ્ય ચારે પડખેથી વિસ્તૃત કરેલ છે તેને બરાબર અવધારીને છઠ્ઠી ગાથાના નિમિત્તે પોતાના શુદ્ધાત્માનો સ્પર્શ કરી અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખી લીધો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

''સત્ અહેતુક જ્ઞાન'' પુસ્તકમાં શ્રી સમયસારજી પરમાગમની બંધ અધિકારની ગાથા ૨૬૯-૨૭૦ તથા કળશ ૧૭૨ ઉપરના પ્રવચનો તેમજ નિમિત્ત ઉપાદાનની ચર્ચા તથા અનાદિથી જીવને પ્રવર્તતી કર્તા બુદ્ધિ અને જ્ઞાતા બુદ્ધિ કેવી રીતે જાય તેનું સ્પષ્ટીકરણ ''આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું'' તે ભાવ દ્વારા પૂ.ભાઈશ્રીએ આ પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવેલ પાંચ પ્રવચનો દ્વારા કરેલ છે.

ગાથા-૨૭૦ ના ૩ પ્રવચનોમાં જે સમયે જીવને પર્યાયમાં અધ્યવસાનાદિ ભાવો વર્તે છે તે જ સમયે એક જ્ઞપ્તિરૂપ જાણવાની સત્ અહેતુક ક્રિયા પણ પર્યાયમાં વર્તી રહી છે. આ બન્ને વચ્ચેનું ભેદજ્ઞાન કરી જીવ જ્ઞપ્તિ ક્રિયા દ્વારા એટલે કે જીવના ઉપયોગ લક્ષણ દ્વારા પોતાના જ્ઞાયક સુધી પહોંચી શકે છે. આવી અપૂર્વ વિધિ ક્રિયાથી ક્રિયાના ભેદજ્ઞાનની પૂ.ભાઈશ્રીએ આમાં વર્ણન કરેલ છે. ત્યારબાદના ચોથા પ્રવચનમાં ઉપાદાનની પરાકાષ્ટાએ ચર્ચા સમાવિષ્ટ કરવામાં આવેલ છે કે દરેક પદાર્થ પોતાના ઉપાદાનની સ્વશક્તિથી પરિણમે છે તેને નિમિત્તની અપેક્ષા હોતી નથી તથા જગતમાં કોઈ નિમિત્ત જ નથી. દરેક પદાર્થ પોતે પોતાથી ઉપાદાન રૂપે જ છે. અને પાંચમાં પ્રવચનમાં કર્તા બુદ્ધિ અને જ્ઞાતા બુદ્ધિ જીવને પોતાની પર્યાયમાં બર્હિલક્ષે ચાલી રહી છે તે કેવી રીતે જાય તેના માટે એક અપૂર્વ સૂત્ર ''આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું'' તેના દ્વારા સ્પષ્ટીકરણ કરવામાં આવેલ છે. આવા સ્પષ્ટીકરણરૂપ પાંચ પ્રવચનો સર્વ મુમુક્ષુ જીવો પોતાના જ્ઞાન શ્રદ્ધાનમાં અવધારીને સમ્યકતા પ્રગટ કરે તેવી મંગલ ભાવના.

આ પુસ્તક પૂ.ભાઈશ્રીના વિડીયો પ્રવચન નં.૬૦, ૧૨૨, ૧૨૩, ૫૫૮ તથા ૫૬૨ તેવા પાંચ પ્રવચનો અક્ષરશઃ ઉતારી અને પ્રકાશિત કરવામાં આવેલ છે. અક્ષરશઃ પ્રવચન લખવાનું કાર્ય **બીનાબેન ચેતનભાઈ મહેતા** દ્વારા તથા તેને સંપૂર્ણ પ્રુફ રીડીંગ કરવાનું કાર્ય **ભાઈશ્રી ચેતનભાઈ મહેતા - રાજકોટ** દ્વારા થયેલ હોય સંસ્થા આ કાર્ય બદલ તેમનો આભાર વ્યક્ત કરે છે.

આ પુસ્તક પ્રકાશન અર્થે રૂા.૫૦,૦૦૦/- ની દાનરાશિ **શ્રીમતી પુનિતબેન એચ.મહેતા - રાજકોટ** તથા તેમના સુપુત્રી **સ્મિતાબેન - મુંબઈ** તરફથી આવેલ છે, તે બદલ સંસ્થા તેમનો આભાર માને છે. પૂ.ભાઈશ્રીના પ્રવચનોના પુસ્તકો જે ઘણાં

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સમયથી પ્રકાશિત કરવામાં આવે છે તે વાંચીને બેન સ્મિતાબેનને આ પ્રવચનો સાંભળીને ખૂબ જ પ્રમોદ આવેલો અને પૂ.ભાઈશ્રીની શૈલીથી તે ખૂબ જ પ્રભાવિત થયેલા અને તેમને તેમના માતુશ્રી પુનિતબેનને કહ્યું કે હવે પછીનું જે પુસ્તક પ્રકાશિત કરવામાં આવે તે મારા નિમિત્તે જ પ્રકાશિત થાય તેવી મારી ભાવના છે તે ભાવનાના નિમિત્તે આજ રોજ આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે.

આ પુસ્તકનું ડીઝાઈન વર્ક **Design Scope** ''અમરભાઈ પોપટ'' દ્વારા થયું હોય તથા પ્રિન્ટીંગ તથા બાઈન્ડીંગનું કાર્ય ''શાર્પ ઓફસેટ પ્રિન્ટર્સ''વાળા ધર્મેશભાઈ શાહ – અમદાવાદ દ્વારા થયું હોઈ સંસ્થા તેમનો આભાર માને છે.

અમારા ટ્રસ્ટનું આ ૧૬ મું પુસ્તક છે. આ પુસ્તકમાં અજાણતા કાંઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

અંતમાં આ **'સત્ અહેતુક જ્ઞાન'** પુસ્તકમાં જે જ્ઞાયકભાવ જ્ઞાનરૂપ જ્ઞપ્તિ ક્રિયાથી અવસ્થિત છે તેવું સ્પષ્ટીકરણ જે પૂ.ભાઈશ્રીએ કરેલ છે તેવો સ્વભાવ સર્વ જીવોને પ્રાપ્ત થાય તેવી મંગલ ભાવના...

**લી. ટ્રસ્ટી શ્રી,**
**શ્રી કુંદકુંદ કહાનામૃત પ્રભાવના મંદિર ટ્રસ્ટ**
**રાજકોટ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | સમયસાર ગાથા | પેઈજ નં. |
|---|---|---|---|
| ૧ | ૧૯/૧/૮૮ | ૨૬૯-૭૦ | ૭ |
| ૨ | ૨૪/૨/૮૯ | ૨૭૦ | ૨૮ |
| ૩ | ૨૫/૨/૮૯ | ૨૭૦ | ૫૧ |
| ૪ | ૪/૮/૮૮ | ઉપાદાન-નિમિત્તની ચર્ચા | ૭૦ |
| ૫ | ૯/૧૦/૮૮ | આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવો | ૯૬ |

## : પૂ. ભાઈશ્રીની નિશ્રામાં થયેલા પ્રકાશનો :

ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી
દ્રવ્યસ્વભાવ - પર્યાય સ્વભાવ
ભેદજ્ઞાન ભજનાવલી

## : શ્રી કુંદકુંદ કહાનામૃત સ્વાધ્યાય હોલના પ્રકાશનો :

- જ્ઞાનથી જ્ઞાનનું ભેદજ્ઞાન
- દ્રવ્યસ્વભાવ - પર્યાયસ્વભાવની ચર્ચા
- જાણનારો જણાય છે
- ચૈતન્ય વિલાસ
- આત્મજ્યોતિ
- શુદ્ધ અંતઃતત્ત્વ
- મંગલ જ્ઞાનદર્પણ ભાગ-૧
- જ્ઞાયક સ્વરૂપ પ્રકાશન
- અનેકાંત અમૃત
- જ્ઞાનનું જ્ઞાનત્વ
- બુંદ બુંદમાં અમૃત
- લંડનના પ્રવચનો ભાગ-૧
- નયચક્ર તત્ત્વચર્ચા
- આધ્યાત્મિક જ્ઞાનગોષ્ઠી ભાગ-૧
- ચિત્સ્વરૂપ જીવ
- સત્ અહેતુક જ્ઞાન

## ''સત્ અહેતુક જ્ઞાન'' પુસ્તકમાં આવેલ દાનરાશિ

| | | | રૂપિયા |
|---|---|---|---|
| ૧. | પુનિતબેન હેમુભાઈ મહેતા - રાજકોટ તથા સ્મિતાબેન - મુંબઈ તરફથી | રાજકોટ મુંબઈ | ૫૦,૦૦૦/- |
| ૨. | ઈન્દુભાઈ સંઘવી | મોરબી | ૫,૦૦૦/- |
| ૩. | મૃદુલાબેન દેવેન્દ્રભાઈ દોશી | સુરેન્દ્રનગર | ૫,૦૦૦/- |
| ૪. | ચેતનભાઈ મહેતા | રાજકોટ | ૧,૦૦૦/- |
| ૫. | જયકુમાર જૈન | મુંબઈ | ૧,૦૦૦/- |
| ૬. | સ્વ. કનુભાઈ મણિલાલ પુનાતર | રાજકોટ | ૧,૦૦૦/- |
| ૭. | પ્રજ્ઞાબેન લાખાણી | રાજકોટ | ૧,૦૦૦/- |
| ૮. | સ્વ. કલ્પનાબેન રમેશભાઈ પંચાલી | રાજકોટ | ૧,૦૦૦/- |
| ૯. | શાંતાબેન નગીનદાસ વારીયા | બરોડા | ૧,૦૦૦/- |
| ૧૦. | મંજુલાબેન હરકિશનભાઈ વારીયા | જામનગર | ૧,૦૦૦/- |
| ૧૧. | બા.બ્ર. દર્શનાબેન હરકિશનભાઈ વારીયા | જામનગર | ૧,૦૦૦/- |
| ૧૨. | સ્વ. પાનુભાઈ લાલચંદભાઈ મોદી | રાજકોટ | ૧,૦૦૦/- |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદ્ઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત્ સત્, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમુ હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

**ક્રમબદ્ધપર્યાયમાં મહા રહસ્ય છે. કેમ કે તેમાં જૈનદર્શનનું રહસ્ય છે.
જૈનદર્શન અકર્તાવાદી છે અને તેમાં અકર્તાની પરાકાષ્ઠાનું સ્વરૂપ છે.**



**આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે તેમ
દર્શાવનાર, તેમ જ પરિણામોનો કર્તા પરિણામ છે તેવી
કર્તાકર્મની પરાકાષ્ઠા પ્રકાશનાર**

(અધ્યાત્મ યુગ પ્રવર્તક પૂ. શ્રી કાનજીસ્વામી)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# જિનજીની વાણી

(રાગ-આશાભર્યા અમે આવિયા)

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.
વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.
ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
સ્યાદ્‌વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐ કારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.
વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐ કારનાદ રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.
હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.
જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે...સીમંધર.

## સ્વને જાણવાનું છોડીને,
## પરને જાણવું તે ભાવબંધની પરાકાષ્ઠા છે.

ૐ હું જાણનાર છું ૐ

જાણનારો જણાય છે



ખરેખર પર જણાતું નથી

ૐ હું કરનાર નથી ૐ

**આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે અને તે જ જાણવામાં આવી રહ્યો છે તે જ્ઞાનની પરાકાષ્ઠા છે. વિધિ સંબંધી સરળતાની પરાકાષ્ઠા સમયસાર ગાથા ૧૭-૧૮ માં બતાવી છે.**

(શ્રી કહાનગુરુનાં લઘુનંદન સ્વાનુભવવિભૂષિત પૂ. 'ભાઈશ્રી' લાલચંદભાઈ)

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# સમયસાર ગાથા – ૨૬૯

धम्माधम्मं च तहा जीवाजीवे अलोगलोगं च।
सव्वे करेदि जीवो अज्झवसाणेण अप्पाणं ।। २६९ ।।
धर्माधर्म च तथा जीवाजीवौ अलोकलोकं च।
सर्वान् करोति जीव: अध्यवसानेन आत्मानम्।। २६९ ।।

यथायमेवं क्रियागर्भहिंसाध्यवसानेन हिंसकं, इतराध्यवसानैरितरं च आत्मात्मानं कुर्यात्, तथा विपच्यमाननारकाध्यवसानेन नारकं, विपच्यमानतिर्यगध्यवसानेन तिर्यञ्चं, विपच्यमानमनुष्याध्यवसानेन मनुष्यं, विपच्यमानदेवाध्यवसानेन देवं, विपच्यमानसुखादिपुण्याध्यवसानेन पुण्यं, विपच्यमानदु:खादिपापाध्यवसानेन पापमात्मानं कुर्यात्। तथैव च ज्ञायमानधर्माध्यवसानेन धर्म, ज्ञायमानाधर्माध्यवसानेनाधर्म, ज्ञायमान–जीवान्तराध्यवसानेन जीवान्तरं, ज्ञायमानपुद्गलाध्यवसानेन पुद्गलं, ज्ञायमानलोकाकाशाध्यवसानेन लोकाकाशं, ज्ञायमानालोकाकाशाध्य–वसानेनालोकाकाशमात्मानं कुर्यात्।

**વળી એમ ધર્મ-અધર્મ, જીવ-અજીવ, લોક-અલોક જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૯.**

ગાથાર્થ:- [ जीव: ] **જીવ** [ अध्यवसानेन ] **અધ્યવસાનથી** [ तिर्यङ्नैरयिकान् ] **તિર્યંચ, નારક,** [ देवमनुजान् च ] **દેવ અને મનુષ્ય** [ सर्वान् ] **એ સર્વ પર્યાયો,** [ च ] **તથા** [ नैकविधम् ] **અનેક પ્રકારનાં**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



[ पुण्यं पापं ] **પુણ્ય અને પાપ-** [ सर्वान् ] **એ બધારૂપ** [ करोति ] **પોતાને કરે છે,** [ तथा च ] **વળી તેવી રીતે** [ जीवः ] **જીવ** [ अध्यवसानेन ] **અધ્યવસાનથી** [ धर्माधर्म ] **ધર્મ-અધર્મ,** [ जीवाजीवौ ] **જીવ-અજીવ** [ च ] **અને** [ अलोकलोकं ] **લોક-અલોક-**[ सर्वान् ] **એ બધારૂપ** [ आत्मानम् करोति ] **પોતાને કરે છે.**

**ટીકા :- જેવી રીતે આ આત્મા પૂર્વોકત પ્રકારે ★ક્રિયા જેનો ગર્ભ છે એવા હિંસાના અધ્યવસાનથી પોતાને હિંસક કરે છે, (અહિંસાના અધ્યવસાનથી પોતાને અહિંસક કરે છે) અને અન્ય અધ્યવસાનોથી પોતાને અન્ય કરે છે, તેવી જ રીતે ઉદયમાં આવતા નારકના અધ્યવસાનથી પોતાને નારક -(નારકી) કરે છે, ઉદયમાં આવતા તિર્યંચના અધ્યવસાનથી પોતાને તિર્યંચ કરે છે, ઉદયમાં આવતા મનુષ્યના અધ્યવસાનથી પોતાને મનુષ્ય કરે છે, ઉદયમાં આવતા દેવના અધ્યવસાનથી પોતાને દેવ કરે છે, ઉદયમાં આવતા સુખ આદિ પુણ્યના અધ્યવસાનથી પોતાને પુણ્યરૂપ કરે છે અને ઉદયમાં આવતા દુઃખ આદિ પાપના અધ્યવસાનથી પોતાને પાપરૂપ કરે છે; વળી તેવી જ રીતે જાણવામાં આવતો જે ધર્મ (અર્થાત્ ધર્માસ્તિકાય) તેના અધ્યવસાનથી પોતાને ધર્મરૂપ કરે છે, જાણવામાં આવતા અધર્મના અર્થાત્ (અધર્માસ્તિકાયના) અધ્યવસાનથી પોતાને અધર્મરૂપ કરે છે, જાણવામાં આવતા અન્ય જીવના અધ્યવસાનથી પોતાને અન્યજીવરૂપ કરે છે, જાણવામાં આવતા પુદ્ગલના અધ્યવસાનથી પોતાને પુદ્ગલરૂપ કરે છે, જાણવામાં આવતા લોકાકાશના અધ્યવસાનથી પોતાને લોકાકાશરૂપ કરે છે અને જાણવામાં આવતા અલોકાકાશના અધ્યવસાનથી પોતાને અલોકાકાશરૂપ કરે છે, ( આ રીતે આત્મા અધ્યવસાનથી પોતાને સર્વરૂપ કરે છે.)**

---

★ હિંસા આદિના અધ્યવસાનો રાગદ્વેષના ઉદયમય એવી હણવા આદિની ક્રિયાઓથી ભરેલાં છે, અર્થાત્ તે ક્રિયાઓ સાથે આત્માનું તન્મયપણું હોવાની માન્યતારૂપ છે.

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભાવાર્થ :- આ અધ્યવસાન અજ્ઞાનરૂપ છે તેથી તેને પોતાનું પરમાર્થ સ્વરૂપ ન જાણવું. તે અધ્યવસાનથી જ આત્મા પોતાને અનેક અવસ્થારૂપ કરે છે અર્થાત્ તેમનામાં પોતાપણું માની પ્રવર્તે છે.**

---

**હવે આ અર્થના કળશરૂપે તથા આગળના કથનની સૂચનિકારૂપે કાવ્ય કહે છે:-**

[ इन्द्रवज्त्रा ]

विश्वाद्विभक्तोऽपि हि यत्प्रभावा–
दात्मानमात्मा विदधाति विश्वम्।
मोहैककन्दोऽध्यवसाय एष
नास्तीह येषां यतयस्त एव ।। १७२ ।।

**શ્લોકાર્થ:-** [ विश्वात् विभक्तः अपि हि ] **વિશ્વથી (સમસ્ત દ્રવ્યોથી) ભિન્ન હોવા છતાં** [ आत्मा ] **આત્મા** [ यत्–प्रभावात् आत्मानम् विश्वम् विदधाति ] **જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે** [ एषः अध्यवसायः ] **એવો આ અધ્યવસાય-**[ मोह–एक–कन्दः ] **કે જેનું મોહ જ એક મૂળ છે તે-**[ येषां इह नास्ति ] **જેમને નથી** [ ते एव यतयः ] **તે જ મુનિઓ છે. ૧૭૨.**

---

**આ અધ્યવસાય જેમને નથી તે મુનિઓ કર્મથી લેપાતા નથી-એમ હવે ગાથામાં કહે છે :-**

एदाणि णत्थि जेसिं अज्झवसाणाणि एवमादीणि।
ते असुहेण सुहेण व कम्मेण मुणी ण लिप्पंति ।। २७० ।।

एतानि न सन्ति येषामध्यवसानान्येवमादीनि।
ते अशुभेन शुभेन वा कर्मणा मुनयो न लिप्यन्ते।। २७० ।।

---

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



एतानि किल यानि त्रिविधान्यध्यवसानानि तानि समस्तान्यपि शुभाशुभकर्मबन्धनिमित्तानि, स्वयमज्ञानादिरूपत्वात्। तथाहि–यदिदं हिनस्मीत्याद्यध्यवसानं तत्, ज्ञानमयत्वेनात्मनः सदहेतुकज्ञप्त्येकक्रियस्य रागद्वेषविपाकमयीनां हननादिक्रियाणां च विशेषाज्ञानेन विविक्तात्मा–ज्ञानात्, अस्ति तावदज्ञानं, विविक्तात्मादर्शनादस्ति च मिथ्यादर्शनं, विविक्तात्मानाचरणादस्ति चाचारित्रम्। [ यत्पुनः नारकोऽह–मित्याद्यध्य–वसानं तदपि, ज्ञानमयत्वेनात्मनः सदहेतुकज्ञायकैकभावस्य कर्मोदय–जनितानां नारकादिभावानां च विशेषाज्ञानेन विविक्तात्माज्ञानादस्ति तावदज्ञानं, विविक्तात्मादर्शनादस्ति च मिथ्यादर्शनं, विविक्तात्मा–नाचरणादस्ति चाचारित्रम्।] यत्पुनरेष धर्मो ज्ञायत इत्याद्यध्यवसानं तदपि, ज्ञानमयत्वेनात्मनः सदहेतुकज्ञानैकरूपस्य ज्ञेयमयानां धर्मादिरूपाणां च विशेषाज्ञानेन विविक्तात्माज्ञानात्, अस्ति तावदज्ञानं, विविक्तात्मादर्शनादस्ति च मिथ्यादर्शनं, विविक्तात्मानाचरणादस्ति चाचारित्रम्। ततो बन्धनिमित्तान्येवैतानि समस्तान्यध्यवसानानि। येषामेवैतानि न विद्यन्ते त एव मुनिकुञ्जराः केचन, सदहेतुकज्ञप्त्येकक्रियं, सदहेतुकज्ञायकैकभावं, सदहेतुकज्ञानैकरूपं च विविक्तमात्मानं जानन्तः, सम्यक्पश्यन्तोऽनुचरन्तश्च, स्वच्छस्वच्छन्दोद्यदमन्दान्त–र्ज्योतिषोऽत्यन्त–मज्ञानादिरूपत्वाभावात्, शुभेनाशुभेन वा कर्मणा न खलु लिप्येरन्।

**એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતા નહિ જેમને,**
**તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.**

**ગાથાર્થ :-** [ एतानि ] **આ ( પૂર્વે કહેલાં)** [ एवमादीनि ] **તથા આવા બીજા પણ** [ अध्यवसानानि ] **અધ્યવસાન** [ येषाम् ] **જેમને** [ न सन्ति ] **નથી,** [ ते मुनयः ] **તે મુનિઓ** [ अशुभेन ] **અશુભ** [ वा शुभेन ] **કે શુભ** [ कर्मणा ] **કર્મથી** [ न लिप्यन्ते ] **લેપાતા નથી.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ટીકા :- આ જે ત્રણ પ્રકારના અધ્યવસાનો છે તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ (અર્થાત અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી શુભાશુભ કર્મબંધના નિમિત્ત છે. તે વિશેષ સમજાવવામાં આવે છેઃ- 'હું (પર જીવોને) હણું છું' ઇત્યાદિ જે આ અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને, જ્ઞાનમયપણાને લીધે *સતરૂપ *અહેતુક *જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માનો અને રાગ-દ્વેષના ઉદયમય એવી *હનન આદિ ક્રિયાઓનો *વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન (અશ્રદ્ધાન) હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે. [વળી 'હું નારક છું' ઇત્યાદિ જે અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને પણ, જ્ઞાનમયપણાને લીધે સતરૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે એવા આત્માનો અને કર્મોદયજનિત નારક આદિ ભાવોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે.] વળી, 'આ ધર્મદ્રવ્ય જણાય છે' ઇત્યાદિ જે અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને પણ, *જ્ઞાનમયપણાને લીધે સતરૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા આત્માનો અને જ્ઞેયમય એવાં

★સતરૂપ = સત્તાસ્વરૂપ; અસ્તિત્વસ્વરૂપ. (આત્મા જ્ઞાનમય છે તેથી સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ તેની એક ક્રિયા છે.)
★અહેતુક = જેનું કોઇ કારણ નથી એવી; અકારણ; સ્વયંસિદ્ધ; સહજ.
★જ્ઞપ્તિ = જાણવું તે; જાણનક્રિયા. (જ્ઞપ્તિક્રિયા સતરૂપ હોવાથી અહેતુક છે.)
★હનન = હણવું તે; હણવારૂપ ક્રિયા (હણવું વગેરે ક્રિયાઓ રાગદ્વેષના ઉદયમય છે.)
★વિશેષ = તફાવત; ભિન્ન લક્ષણ.
★આત્મા જ્ઞાનમય છે તેથી સતરૂપ અહેતુક જ્ઞાન જ તેનું એક રૂપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે. માટે આ સમસ્ત અધ્યવસાનો બંધનાં જ નિમિત્ત છે.

માત્ર જેમને અધ્યવસાનો વિધ્યમાન નથી તે જ કોઇક (વિરલ) મુનિકુંજરો (મુનિવરો), સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે, સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે અને સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા ભિન્ન આત્માને (-સર્વ અન્યદ્રવ્યભાવોથી જુદા આત્માને) જાણતા થકા, સમ્યક્ પ્રકારે દેખતા (શ્રદ્ધતા) થકા અને અનુચરતા થકા, સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાન (અર્થાત્ સ્વાધીનપણે પ્રકાશમાન) એવી અમંદ અંતર્જ્યોતિને અજ્ઞાનાદિરૂપપણાનો અત્યંત અભાવ હોવાથી (અર્થાત્ અંતરંગમાં પ્રકાશતી જ્ઞાનજયોતિ જરા પણ અજ્ઞાનરૂપ, મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ નહિ થતી હોવાથી) શુભ કે અશુભ કર્મથી ખરેખર લેપાતા નથી.

ભાવાર્થ :- આ જે અધ્યવસાનો છે તે 'હું પરને હણું છું' એ પ્રકારનાં છે, 'હું નારક છું' એ પ્રકારનાં છે તથા 'હું પરદ્રવ્યને જાણું છું' એ પ્રકારના છે, તેઓ, જયાં સુધી આત્માનો અને રાગાદિકનો, આત્માનો ને નારકાદિ કર્મોદયજનિત ભાવોનો તથા આત્માનો ને જ્ઞેયરૂપ અન્યદ્રવ્યોનો ભેદ ન જાણ્યો હોય, ત્યાં સુધી પ્રવર્તે છે. તેઓ ભેદજ્ઞાનના અભાવને લીધે મિથ્યાજ્ઞાનરૂપ છે, મિથ્યાદર્શનરૂપ છે અને મિથ્યાચારિત્રરૂપ છે; એમ ત્રણ પ્રકારે પ્રવર્તે છે. તે અધ્યવસાનો જેમને નથી તે મુનિકુંજરો છે. તેઓ આત્માને સમ્યક્ જાણે છે, સમ્યક્ શ્રદ્ધે છે અને સમ્યક્ આચરે છે, તેથી અજ્ઞાનના અભાવથી સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ થયા થકા કર્મોથી લેપાતા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# સમયસાર ગાથા - ૨૬૯-૨૭૦
## વિડિયો પ્રવચન નં :- ૬૦, તા.૧૯/૧/૮૮

શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર છે. તેનો બંધ નામનો અધિકાર. ગાથા ૨૭૦ તેનું મથાળું. આ અધ્યવસાન એટલે કે સ્વ અને પરની એકતાબુદ્ધિ જેને નથી. આ અધ્યવસાન જેમને નથી, એ સ્વ-પરનું ભેદજ્ઞાન જેમને થઇ ગયેલું છે તે મુનિઓ એટલે ભાવલિંગી સંતો કર્મથી લેપાતા નથી. એમ હવે ગાથામાં કહે છે. મૂળ તો મુનિરાજથી વાત કરી છે. પણ ટીકાકારની એવી શૈલી છે કે જયારે જ્ઞાનીની વાત સમજાવે ત્યારે અજ્ઞાનીની દશા તેનું જ્ઞાન કરાવે છે.

હવે અજ્ઞાની જીવ પણ જ્ઞાન ને ઉદય તેને જુદા પાડી શકતો નથી. છતાં જુદા પાડવાનું સાધન જ્ઞાન તેની પાસે છે. એ ઉદયથી જુદો વિચાર કરીને અનુભવ થઇ શકે છે. ભેદજ્ઞાન કરી શકે છે, એવી શૈલી છે.

**એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતા નહિ જેમને,**
**તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.**

**ગાથાનો અર્થ :- આ પૂર્વે કહેલાં તથા આવા બીજા પણ અધ્યવસાન જેમને નથી તે મુનિઓ** તે જ્ઞાનીઓ **અશુભ કે શુભ** એમ બે પ્રકારના કર્મનો જે બંધ થાય છે **તે કર્મથી લેપાતા નથી.** અથવા તેને કર્મનો બંધ થતો નથી.

**ટીકા :- આ જે ત્રણ પ્રકારના અધ્યવસાનો છે તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ (અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી શુભાશુભ કર્મબંધના નિમિત્ત છે. આ જે ત્રણ પ્રકારના અધ્યવસાનો છે તે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ ( અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી શુભાશુભ કર્મબંધના નિમિત્ત છે. તે વિશેષ સમજાવવામાં આવે છે:-** આગળની ગાથામાં આ બધા વિષયો તો આવી ગયા છે.

૨૬૯ ગાથામાં છે. એટલે એ (ગાથા) પહેલાં લેવી છે? પછી ૨૭૦ લઇએ. એનું અનુસંધાન. પહેલાં ગાથા-૨૬૯ પછી ૨૭૦.

**વળી એમ ધર્મ અધર્મ, જીવ અજીવ, લોક-અલોક જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૯.**

**ગાથાર્થ :-જીવ અધ્યવસાનથી,** એટલે સ્વ-પરના ભેદજ્ઞાનનો અભાવ હોય ત્યારે એકતાબુધ્ધિથી અથવા મોહથી **તિર્યંચ, નારક, દેવ અને મનુષ્ય એ સર્વ પર્યાયો તથા અનેક પ્રકારનાં પુણ્ય અને પાપ એ બધારૂપ પોતાને કરે છે.** એટલે પોતારૂપ માને છે. નોકર્મને પોતારૂપ માને છે અને ભાવકર્મને પણ પોતારૂપ માને છે. **વળી તે રીતે જીવ અધ્યવસાનથી, ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય** બીજા અનંતા **જીવો, અજીવો અને લોક-અલોક એ બધારૂપ પોતાને કરે છે.** નર-નારકઆદિરૂપ પોતાને માને છે. ભાવકર્મ ઉદયભાવ તેને પોતારૂપ માને છે. અને પરપદાર્થ જે જ્ઞેયો છે આત્માથી તદ્દન ભિન્ન એને પણ પોતારૂપ માને છે. તેને પરમાત્મા અજ્ઞાન કહે છે.

**ટીકા :- જેવી રીતે આ આત્મા પૂર્વોકત પ્રકારે ★ક્રિયા જેનો ગર્ભ છે એવા હિંસાના અધ્યવસાનથી પોતાને હિંસક કરે છે, (અહિંસાના અધ્યવસાનથી પોતાને અહિંસક કરે છે) અને અન્ય અધ્યવસાનોથી પોતાને અન્ય કરે છે,** શું કહે છે? કે આ આત્મા પૂર્વોકત જે કહેવાય ગયું એવી જે ક્રિયા, ક્રિયાનો નીચે ફૂટનોટમાં અર્થ.

**હિંસા આદિના અધ્યવસાનો રાગદ્વેષના ઉદયમય એવી હણવા આદિની ક્રિયાઓથી ભરેલાં છે, અર્થાત્ તે ક્રિયાઓ સાથે આત્માનું તન્મયપણું હોવાની માન્યતારૂપ છે.** હિંસા અહિંસાના બધા જે પરિણામ જેનું મૂળ રાગ છે. એની સાથે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હું તન્મય છું એવી તેને ભ્રાંતિ થઇ જાય છે. એટલે પોતાને હિંસક માને છે, પોતાને અહિંસક માને છે. એ ભાવકર્મમય માને છે. ભાવકર્મથી જુદો હું જ્ઞાનમય છું એવું એને ભાસતું નથી. એનું જ્ઞાન બિડાઇ ગયું છે. ભેદજ્ઞાનની શકિત બિડાઇ ગઇ છે.

**અને અન્ય અધ્યવસાનોથી પોતાને અન્ય કરે છે,** એટલે જેને જાણે તેને પોતાનું માને છે. તેવી જ રીતે **ઉદયમાં આવતા નારકના અધ્યવસાનથી,** એટલે હું નારકી છું તેની સાથે એકતાબુધ્ધિ કરવી તેને અધ્યવસાન કહેવામાં આવે છે. અને અધ્યવસાન હોવાથી **પોતાને નારક કરે છે** એટલે 'હું નારકી છું' એમ માને છે. તે છે જ્ઞાનમય. નારકી થયો નથી, મનુષ્ય થયો નથી, દેવ થયો નથી, તિર્યંચ થયો નથી. આહાહા!

હવે આગળ. **ઉદયમાં આવતા તિર્યંચના અધ્યવસાનથી,** નારકની વાત કરી હવે તિર્યંચની વાત કરે છે. **ઉદયમાં આવતા તિર્યંચના અધ્યવસાનથી પોતાને તિર્યંચ કરે છે.** એટલે 'હું તિર્યંચ છું' એમ માને છે. એમ માનવા છતાં આત્મા જ્ઞાનમય રહ્યો છે પણ તિર્યંચમય થયો નથી. પણ તિર્યંચમય છું (તેમ માને છે) તેથી જ્ઞાનનું અજ્ઞાન કરી નાખે છે. ઉદયમાં આવતા મનુષ્યના અધ્યવસાનથી પોતાને મનુષ્ય કરે છે. પોતે મનુષ્ય ન હોવા છતાં પોતે જાણનાર જાણનાર જાણનાર હોવા છતાં તેની દષ્ટિ જાણનાર ઉપર આવતી નથી ત્યાં સુધી એની દષ્ટિ પર્યાય ઉપર હોવાથી 'હું મનુષ્ય છું' એમ માને છે, એમ જાણે છે. **ઉદયમાં આવતા દેવના અધ્યવસાનથી પોતાને દેવ કરે છે, ઉદયમાં આવતા સુખ આદિ પુણ્યના અધ્યવસાનથી પોતાને પુણ્યરૂપ કરે છે.** ઓલામાં નોકર્મની ચાર પર્યાય લીધી. હવે ભાવકર્મની અવસ્થા કહે છે.

ઉદયમાં આવતાં અત્યારે સ્તુતિમાં આવ્યું હતું કે જ્ઞાન અને ઉદયની સંધિ સૌ છેદતાં, એટલે જ્ઞાન પણ પ્રગટ થાય છે અને કર્મ-ઉદયભાવ પણ પ્રગટ થાય છે. થાય છે તો બેય એક સાથે. પણ 'હું જ્ઞાનમય છું' એ ભૂલી જાય છે અને 'હું જ્ઞેયમય છું' એમ માને છે. **ઉદયમાં આવતા સુખ આદિ પુણ્યના અધ્યવસાનથી પોતાને**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**પુણ્યરૂપ કરે છે અને ઉદયમાં આવતા દુઃખ આદિ પાપના અધ્યવસાનથી પોતાને પાપરૂપ કરે છે.** આહાહા! એ દુઃખના કે સુખના પરિણામ પ્રગટ થયા એ મય હું છું એમ પોતે માની બેસે છે. પહેલાં નોકર્મ લીધું, પછી ભાવકર્મ લીધું. હવે ભિન્ન નોકર્મ લ્યે છે. પૃથક્.

**તેવી જ રીતે જાણવામાં આવતો જે ધર્મ (અર્થાત્ ધર્માસ્તિકાય) તેના અધ્યવસાનથી પોતાને ધર્મરૂપ કરે છે,** જ્ઞેય અને જ્ઞાયકનું જે ભેદજ્ઞાન બિડાઇ ગયું છે. જ્ઞેયને જાણતાં હું જ્ઞેયરૂપ થઇ ગયો, એમ પોતે અધ્યવસાનરૂપે પરિણમી જાય છે. **જાણવામાં આવતા અધર્મના (અર્થાત્ અધર્માસ્તિકાયના) અધ્યવસાનથી પોતાને અધર્મરૂપ કરે છે. જાણવામાં આવતા અન્યજીવના અધ્યવસાનથી પોતાને અન્યજીવરૂપ કરે છે. જાણવામાં આવતા પુદ્‌ગલના અધ્યવસાનથી પોતાને પુદ્‌ગલરૂપ કરે છે, જાણવામાં આવતા લોકાકાશના અધ્યવસાનથી પોતાને લોકાકાશરૂપ કરે છે** અને જાણવામાં આવતા, આહાહા! ઓમાં ઉદય લીધો હતો. આમાં જાણવાનું લીધું. નર-નારકાદિમાં ઉદય લીધો હતો. પુણ્ય-પાપમાં પણ ઉદય શબ્દ વાપર્યો હતો. હવે જાણવામાં આવતા, એમ લ્યે છે.

**અને જાણવામાં આવતા અલોકાકાશના અધ્યવસાનથી પોતાને અલોકાકાશરૂપ કરે છે, (આ રીતે આત્મા અધ્યવસાનથી પોતાને સર્વરૂપ કરે છે.)** અધ્યવસાન એટલે સ્વ-પરની એકત્વબુદ્ધિ. પરપદાર્થ અને પરભાવમાં પોતાપણાની કલ્પના તેને સંકલ્પ કહે છે. સંકલ્પ કહો કે અધ્યવસાન કહો. એક જ વાત છે.

**ભાવાર્થ :- આ અધ્યવસાન અજ્ઞાનરૂપ છે.** લ્યો! આ અધ્યવસાન જ્ઞાનરૂપ નથી. સમ્યક્જ્ઞાનરૂપ નથી પણ મિથ્યાજ્ઞાનરૂપ છે. **તેથી તેને પોતાનું પરમાર્થ સ્વરૂપ ન જાણવું.** આહાહા! આ અધ્યવસાન અજ્ઞાન છે તેથી તેને પોતાનું પરમાર્થ સ્વરૂપ ન જાણવું. અધ્યવસાન એટલે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રના પરિણામ જે જણાય છે એને પોતાનું રૂપ-સ્વરૂપ ન માનવું, એમ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- એટલે એમાં જે વર્ણન કર્યું તેને પોતાનું સ્વરૂપ ન માનવું.

ઉત્તર :- એને પોતાનું સ્વરૂપ ન જાણવું. એ પારકી વસ્તુ છે. ઉદયમાં આવતા નારક આદિના પર્યાયો ભિન્ન છે. ઉદયમાં આવતા સુખ-દુઃખ, પુણ્ય-પાપના ભાવ ભિન્ન છે. અને જે જણાય છે ધર્માસ્તિકાય છ દ્રવ્ય એ પણ મારાથી ભિન્ન છે. એમ જાણવું. એને પોતાના સ્વરૂપે ન માનવું. એમ. **તે અધ્યવસાનથી જ આત્મા પોતાને અનેક અવસ્થારૂપ કરે છે અર્થાત્ તેમનામાં પોતાપણું માની પ્રવર્તે છે.** જણાય છે તેમાં પોતાપણાની માન્યતા કરે છે. આહાહા!

પોતાપણાની માન્યતા કરવાનો અને જાણવાનો ઉઘાડ તો છે. જાણીને પોતારૂપ કરે છે. એટલું જ્ઞાન તો ઉઘડેલું છે જ ઉપયોગ લક્ષણ. જાણ્યા વિના અધ્યવસાન થાય નહીં. ધર્માસ્તિકાયને જાણતા અધ્યવસાન થાય. ધર્માસ્તિકાયને જાણવાનું જ્ઞાન તો ઉઘડયું છે, બિલકુલ જ્ઞાન જો બિડાઇ ગયું હોય તો અધ્યવસાન જ ન થાય. દેહ જણાય છે. દેહને જાણવાના કાળે દેહ મારો, એ પોતાને ભૂલી જાય છે.

મુમુક્ષુ :- જણાય છે એટલે પ્રતિભાસિત થાય છે.

ઉત્તર :- જણાય છે એટલે જ્ઞાનમાં પ્રતિભાસિત થાય છે. અને એ જ્ઞાન એટલું ઉઘડેલું છે. એટલું જ્ઞાન નથી બિડાઇ ગયું કે જે અધ્યવસાન નારકાદિ કે ધર્માદિ બિલકુલ ન જણાય. એમ નથી. એટલું તો પ્રત્યેક સંજ્ઞી પંચેન્દ્રિય જીવને જ્ઞાન ઉઘડેલું છે. છે તો બધાયને. પણ અહીંયાં અત્યારે સંજ્ઞી પંચેન્દ્રિય જીવ પામી શકે છે, ભેદજ્ઞાન કરી શકે છે. એની વાત છે.

મુમુક્ષુ :- છ દ્રવ્ય લઇ લીધા. છયે દ્રવ્ય.

ઉત્તર :- છ દ્રવ્ય લઇ લીધા.

મુમુક્ષુ :- અને અન્ય જીવ પણ લઇ લીધા.

ઉત્તર :- આહાહા! ગુરુ લઇ લીધા, તીર્થંકર ભગવાન લઇ લીધા, બાહુબલી ભગવાનની પ્રતિમા લઇ લીધી. આહાહા! એ જાણવાના કાળે એની સાથે જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ કરે છે. આહાહા! ભ્રાંતિ કરે છે. અધ્યવસાન કરે છે. આ ભાવબંધની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરાકાષ્ઠાની ગાથા છે. કંઇક જાણવું-ધર્માસ્તિકાયને જાણવામાં શું દોષ? આહાહા! ગુરુને જાણવામાં શું દોષ? આહાહા! તને જ્ઞાન ભિન્ન અને જ્ઞેય ભિન્ન એમ ભાન નથી એટલે એકતાબુધ્ધિ થઇ જાય છે. એને મારાપણું માને છે. જાણેલાનું શ્રધ્ધાન-જાણેલાનું શ્રધ્ધાન થઇ જાય છે.

આ કુંદકુંદભગવાન સિવાય બીજું કોઇ કહી શકે નહીં કે અન્યજીવને જાણતાં અધ્યવસાન થાય. તો પછી જાણવું-દેખવું નહીં પરને? તો કહે ના, ન જાણવું. બંધ કરી દે ત્યારે આત્મા જણાશે અને અધ્યવસાન નહીં થાય. આત્માને જાણતાં અધ્યવસાન નહીં થાય. આત્માને જાણવાનું છોડી ને પર જણાશે તો તેની સાથે એકતાબુધ્ધિ અધ્યવસાન-જાણેલાનું શ્રધ્ધાન મિથ્યાત્વ થઇ જશે.

મુમુક્ષુ :- તેનું કારણ-તેને જાણવું પ્રથમ તો અજ્ઞાન છે પછી મિથ્યાદર્શન અને મિથ્યાઆચરણ.

ઉત્તર :- હા... જાણવું અજ્ઞાન પછી મિથ્યાદર્શન અને પછી મિથ્યા આચરણ.

મુમુક્ષુ :- જાણેલાનું શ્રધ્ધાન થઇ જાય છે.

ઉત્તર :- જાણેલાનું શ્રધ્ધાન થાય જ.

---

**હવે આ અર્થના કળશરૂપે તથા આગળના કથનની સૂચનિકારૂપે કાવ્ય કહે છે.** જે ગાથા કહેવાય ગઇ તેનું પણ આમાં છે કળશમાં અને ભવિષ્યમાં જે આના પછી ૨૭૦ ગાથા આવશે. એમાં શું આવવાનું છે તેનો પણ ઇશારો આ કળશમાં આચાર્યભગવાન કહેવા માગે છે. કળશ ૧૭૨ છે. ફાવશે? (મુમુક્ષુ :-હા.) હા, બોલો.

[ इन्द्रवज्त्रा ]

विश्वाद्विभक्तोऽपि हि यत्प्रभावा–
दात्मानमात्मा विदधाति विश्वम्।
मोहैककन्दोऽध्यवसाय एष
नास्तीह येषां यतयस्त एव ।। १७२ ।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**શ્લોકાર્થ :- વિશ્વથી એટલે સમસ્ત દ્રવ્યોથી,** આહાહા! બધું આવી ગયું ઉપરમાં. જેટલું કહ્યું એટલું. વિશ્વમાં બધું પોતાના શુધ્ધાત્મા સિવાય આખું બધું પર વિશ્વ છે. વિશ્વથી સમસ્ત દ્રવ્યોથી **ભિન્ન હોવા છતાં,** એટલે નર-નારકાદિથી ભિન્ન હોવા છતાં, સુખ-દુઃખના પરિણામથી ભિન્ન હોવા છતાં, બીજા છ દ્રવ્યોથી ભિન્ન હોવા છતાં,

મુમુક્ષુ :- ભાઇ! એમાં નીકળે છે સાતમું દ્રવ્ય આત્મા છે.

ઉત્તર :- હા, સાતમું દ્રવ્ય આત્મા છે તે આમાં નીકળે છે ને.

મુમુક્ષુ :- કેવું ચોખ્ખું છે!

ઉત્તર :- આમાં ચોખ્ખું છે. આહાહા! અવ્યકતના બોલમાં તો છે. પણ ૧૭૨ (કળશ)માં નીકળ્યું. **વિશ્વથી એટલે સમસ્ત દ્રવ્યોથી ભિન્ન હોવા છતાં,** છે તો ભિન્ન. સપ્તમ દ્રવ્ય. આહાહા! ભિન્ન હોવા છતાં અભિન્ન માને છે. જુદાં જુદાં હોવા છતાં એક માને છે. પરદ્રવ્યને પોતારૂપ (કરે છે.) આખા વિશ્વને પોતારૂપ કરે છે હોં! એક પરમાણુને, એક રાગને (જ્યાં) પોતારૂપ માન્યો (ત્યાં) આખું વિશ્વ પોતારૂપ. કેમ કે શ્રધ્ધા ભાગલા પાડતી નથી.

મુમુક્ષુ :- અને બહિર્મુખ થઇને એકને પોતાના માન્યા તો તે માન્યતામાં બધા પોતાના થઇ જાય છે.

ઉત્તર :- થઇ જાય છે. પોતાના થઇ જાય છે. ખલાસ! ઓટોમેટીક. એક મકાન પોતાનું માન્યું તો અમેરિકા અને રશિયાના મકાન મારા છે તે તેમાં આવી ગયું.

મુમુક્ષુ :- આ ભૂલનો ખ્યાલ આવવો કેટલું મુશ્કેલ છે.

ઉત્તર :- બહુ મુશ્કેલ છે. બહુ મુશ્કેલ છે. ઘણું મુશ્કેલ છે. આહાહા! અને જાણીને શ્રધ્ધાન કરે છે. જાણવાનું બંધ થશે તો અધ્યવસાન બંધ થઇ જશે. મેઇન આ છે. જાણ્યા વિના તો મોહ થાય કયાંથી? રાગને જાણે, જ્ઞાનમાં જણાય ત્યારે રાગ મારો થાય છે ને? કોઇ કહે રાગ જણાતો જ નથી તો રાગ પ્રત્યે રાગ ન થાય, રાગ પ્રત્યે મોહ ન થાય, રાગ પ્રત્યે મમતા ન થાય. દેહ જણાય છે ને દેહમાં મમતા થાય છે. જાણવાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કાળે જાણનારને ભૂલી જાય છે. અને જે જણાય છે તેમાં મારું માને છે. બહુ સરસ ૨૭૦ ગાથા આના પછી આવશે. બહુ ઊંચા પ્રકારની છે.

આ જાતની વાત સમયસારમાં ઘણી જગ્યાએ છે. ઘણી જગ્યાએ આ વાત નીકળે છે. અજ્ઞાની પાસે પણ ઉપયોગ લક્ષણ જીવ છે. એ ઉપયોગ સ્વચ્છ છે અને સ્વચ્છમાં પરપદાર્થ અને પરભાવ પ્રતિભાસે છે. પ્રતિભાસના કાળે ભેદજ્ઞાનનો અભાવ હોવાથી પરને પોતારૂપ માને છે. આહાહા! ગજબની વાત છે.

મુમુક્ષુ :- ભાઇ! આપ કહો છો કે પરને જાણવાનું બંધ કરી દે એમાં કેટલું બધું ભર્યું છે!

ઉત્તર :- એમાં માલ ભર્યો છે-એમાં માલ ભર્યો છે. આહાહા! બહુ સરસ વાત છે. પરને જાણવાનું બંધ થાય ત્યારે પરમાં એકતાબુધ્ધિ તૂટી જાય. પરને જાણવાનું બંધ થાય તો જ્ઞાન અંદરમાં આવી જાય. જ્ઞાયક તે હું. જાણેલાનું શ્રધ્ધાન થઇ જાય. જેમ પરને જાણતાં પર મારું એમ શ્રધ્ધાન મિથ્યા થતું હતું એમ અંતરમાં જયાં આવ્યો અને પોતાનો જ્ઞાનાનંદ પરમાત્મા જાણવામાં આવ્યો તો જાણેલાનું શ્રધ્ધાન થઇ જાય છે. આહાહા!

**વિશ્વથી ભિન્ન હોવા છતાં.** ભિન્ન કરવું નથી. એક એક શબ્દની કિંમત છે. રાગથી ભિન્ન હોવા છતાં, નર-નારક આદિ અવસ્થાથી ભેદ હોવા છતાં, છ દ્રવ્યથી ભિન્ન હોવા છતાં, સુખ-દુઃખના ભાવથી ભિન્ન હોવા છતાં વિશ્વમાં બધું આવી ગયું. પોતાના જ્ઞાનાનંદ પરમાત્મા સિવાય બધું ભિન્ન છે. આહાહા! આખું વિશ્વ.

**ભિન્ન હોવા છતાં,** આહાહા! ભિન્ન હોવાથી-ભિન્ન હોવાથી, **'વિશ્વાત્ વિભકત: અપિ હિ'** આહાહા! **વિશ્વથી (સમસ્ત દ્રવ્યોથી) ભિન્ન હોવા છતાં આત્મા જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે,** માને છે, જાણે છે. આહાહા! કેનો પ્રભાવ આવ્યો તેના ઉપર! મોહ એટલે ભેદજ્ઞાનનો અભાવ અસાવધાન દશા! તેનાથી પોતાને આત્મા જેના પ્રભાવથી એટલે મોહના પ્રભાવથી, આહાહા! પોતાને એટલે આત્માને વિશ્વરૂપ કરે છે. છે વિશ્વ ભિન્ન. અને પોતે પરરૂપે છે એમ માને છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પોતાને પોતારૂપ જાણતા, માનતા પોતાને પરરૂપ જાણે, માને છે. આહાહા! માને છે એટલે હું અનેકરૂપે છું એમ જાણે, માને છે. છે પોતે એકરૂપ પરથી ભિન્ન. અને વિશ્વ તો અનેકરૂપ છે. હું એકરૂપ છું એમ માન્યતા રહી ને વહી ગઇ. અને હું અનેકરૂપ છું. જેને જાણે તેને પોતાનું માને છે. એટલે વિશ્વરૂપ એટલે અનેકરૂપ થયેલો પોતાને માને છે. થતો નથી.

મુમુક્ષુ :- પોતે તો એકરૂપ છે.

ઉત્તર :- એકપણું છોડે નહીં ને. જ્ઞાયકભાવ એક છે. પોતાનું એકપણું કદી આત્મા છોડતો નથી. પણ એક ઉપર દૃષ્ટિ નથી અને અનેક ઉપર દૃષ્ટિ છે.

જ્ઞેયાકાર જ્ઞાન અનેકાકાર કહ્યું ને? એના ઉપર દૃષ્ટિ હોવાથી હું જાણે અનેકરૂપ થઇ ગયો, વિશ્વરૂપ થઇ ગયો, બધું મારું છે એમ માને છે.

મુમુક્ષુ :- માથે ઓઢી લીધું.

ઉત્તર :- માથે ઓઢી લીધું કારણ વગર અને પાછું પોતાનું થાતું તો નથી. પોતાનું થાય તો તો બરાબર છે. પણ પોતાનું થાતું તો નથી. આહાહા! કુટુંબ, કબીલા, ધન ધાન્ય બધું મારું છે. **આત્મા જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે એવો આ અધ્યવસાય કે જેનું મોહ જ એક મૂળ છે,** અસાવધાન દશા. મોહ એટલે અસાવધાન દશા. સ્વ અને પર ભિન્ન છે એવી સાવધાની ન કરતાં અસાવધાન દશા કરે છે. મોહ એટલે અસાવધાન દશા. **એવો આ અધ્યવસાય કે જેનું મોહ જ એક મૂળ છે તે,** મોહ જેમને નથી. તે મુનિઓ છે. અથવા તે જ્ઞાની ધર્માત્મા છે. આહાહા! એક શ્લોકમાં કેટલું ભરી દીધું છે. પૂરું ભરી દીધું. આખો સાર. ગાથાનો આખો સાર ભરી દીધો. અને જે ગાથા આવવાની છે તેની ભૂમિકામાં મોહ જેમને નથી તે મુનિઓ છે.

**આ અધ્યવસાય જેમને નથી તે મુનિઓ કર્મથી લેપાતા નથી.** આહાહા! ભાવકર્મ કે દ્રવ્યકર્મથી લેપાતા નથી. કારણ કે લેપાવાનું કારણ જે મોહની ચિકાશ હતી, રાગની ચિકાશ. તે ચિકાશનો અભાવ થઇ ગયો. તેલનું મર્દન કર્યા વિના આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એ અખાડામાં વિરામ કરે છે પણ તેને કર્મનો બંધ થતો નથી. લેપાતા નથી કેમકે મોહનો અભાવ થઇ ગયો છે. મોહરૂપી ચિકાશનો અભાવ છે એટલે લેપાતા નથી. ભાવકર્મ, દ્રવ્યકર્મથી.

## ગાથા :– ૨૭૦ ઉપર પ્રવચન

**એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતા નહિ જેમને,**
**તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.**

**ગાથાર્થ :- આ પૂર્વે કહેલાં તથા આવા બીજા પણ અધ્યવસાન જેમને નથી તે મુનિઓ અશુભ કે શુભ કર્મથી લેપાતા નથી.** રાગ મિશ્રિત જ્ઞાન તેને અધ્યવસાન કહે છે. રાગ રહિત જ્ઞાન તેને સમ્યક્જ્ઞાન લુખુ જ્ઞાન કહે છે. એકલું જ્ઞાન. રાગથી રહિત. રાગ મિશ્રિત નહીં. રાગથી રહિત જ્ઞાન થાય છે. એટલે રાગ મારો એવી મમતા છૂટી ગઇ. જ્ઞાન જુદું પડી ગયું.

**ટીકા :- આ જે ત્રણ પ્રકારના અધ્યવસાનો છે તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ (અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી શુભાશુભ કર્મબંધનાં નિમિત્ત છે.** નિમિત્ત કારણ છે. શુભાશુભ કર્મબંધને એ કરતાં નથી પણ એ કર્મના બંધમાં નિમિત્ત કારણ થાય છે. અજ્ઞાનીનું અધ્યવસાન એ શુભાશુભ એટલે પુણ્યપ્રકૃત્તિ અને પાપપ્રકૃત્તિ એવા જે કર્મના નવા બંધ થાય છે તેમાં આ નિમિત્ત કારણ થાય છે. ભગવાનઆત્મા નિમિત્ત નથી. આમાં ભગવાનઆત્માને જુદો રાખ્યો.

મુમુક્ષુ :- ભગવાનઆત્મા અધ્યવસાનથી જુદો છે.

ઉત્તર :- જુદો છે. એટલે કર્મના બંધમાં નિમિત્ત થતો નથી જ્ઞાયકભાવ. એક એક શબ્દની કિંમત છે. **આ જે ત્રણ પ્રકારના અધ્યવસાન છે તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ (અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**શુભાશુભ કર્મબંધનાં નિમિત્ત છે. તે વિશેષ સમજાવવામાં આવે છે. 'હું (પર જીવોને) હણું છું'** હણું છું એટલે મારું છું. **ઇત્યાદિ જે આ અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને,** આમાં બધું લઇ લેવું. હું મારું છું, જીવાડું છું, સુખી-દુઃખી કરું છું એ બધા બોલ જે પૂર્વે કહ્યા એ બધા આવી ગયા. **'હું (પર જીવોને) હણું છું' ઇત્યાદિ,** વગેરે વગેરે. **જે આ અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને,** આહાહા! જોઇ લેજો.

મુમુક્ષુ :- અધ્યવસાનવાળા જીવને પણ.

ઉત્તર :- અધ્યવસાનવાળા જીવને પણ, આહાહા! ગજબ વાત છે હો! 'હું પરને મારી શકું છું' જીવાડી શકું છું, સુખી-દુઃખી કરી શકું છું એ અધ્યવસાન જયારે ચાલે છે. આહાહા! વિપરીત જ્ઞાન, વિપરીત માન્યતા ચાલે છે ત્યારે, જ્ઞાનમયપણાને લીધે, આહાહા! પણ એ વખતે તો જ્ઞાનમય કયાં છે? તો કહે, ના છે. તને ખબર નથી ભાઇ! આહાહા! ઉપયોગલક્ષણ એટલું અંદરમાં ખુલ્લું રહી ગયું છે. સૂક્ષ્મ વાત છે. શું કહે છે?

જે આ અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને એટલે મિથ્યાદષ્ટિ જીવને જ્ઞાનમયપણાને લીધે એટલે કારણે.

મુમુક્ષુ :- જીવને મિથ્યાદષ્ટિ પણ કહે છે અને જ્ઞાનમય પણ એમાં શું કહેવું છે?

ઉત્તર :- હા, હા. વિશેષ અપેક્ષાથી તે પરિણામમાં મિથ્યાત્વ ઉત્પન્ન થઇ ગયું છે. તોપણ તેનો જ્ઞાનમયપણું સ્વભાવ તે છૂટતો નથી.

મુમુક્ષુ :- કેમકે વિશેષથી સામાન્ય જુદું છે.

ઉત્તર :- આહાહા! અને તે વિશેષથી એક વિશેષ પણ જુદું છે.

મુમુક્ષુ :- બરાબર છે. સામાન્યનું વિશેષ છે તે પણ તે વિશેષથી જુદું છે. વાહ!

ઉત્તર :- એ વાત આમાં માર્મિક છે. જે ઠેકઠેકાણે આવે છે. એ વાત અહીંયાં કહે છે. મિથ્યાદર્શન આદિ જે ભાવ પરાશ્રિત છે. એ તો છે. આહાહા! શું કહ્યું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનાદિથી અજ્ઞાની જીવ પરને જાણીને પરને પોતાનું માનવા મંડે છે. એ વાત સાચી છે. પણ એ વખતે એના જ્ઞાનમાં જ્ઞાયકનો પ્રતિભાસ થઇ રહ્યો છે. એટલું જ્ઞાન ઉઘડેલું છે. મિથ્યાત્વની પર્યાયમાં તો આત્માનો પ્રતિભાસ થતો નથી. અને રાગ-દ્વેષના પરિણામ જે વિકારી કષાય છે તેમાં પણ પ્રતિભાસ થતો નથી. એને પોતાનું માને છે એવું અજ્ઞાન તો છે. પોતાનું માને એવું અજ્ઞાન પણ સાથે ઊભું થયું છે. પણ એ જે અજ્ઞાન છે એ અજ્ઞાન તો કર્મકૃત છે. પણ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર એ જે વિશેષ છે એ તો પુદ્‌ગલના પરિણામ છે. પણ એક સામાન્યનું વિશેષ એમાં એક અંશ ઉઘાડો રહી ગયો છે. એને ઉપયોગલક્ષણ કહેવામાં આવે છે. અને એ ઉપયોગમાં અજ્ઞાન પણ જણાય છે, મિથ્યાદર્શન પણ જણાય છે. એ અંશમાં ત્રણ અંશ જણાય છે. જો એ ચેતી જાય છે તો હું ઉપયોગથી અનન્ય છું અને પરથી અન્ય છું એમ ભેદજ્ઞાન કરી શકાય છે. ભેદજ્ઞાન કરવાની શકિત સંજ્ઞી પંચેન્દ્રિયવાળા જીવમાં ઉઘાડી રહી ગઇ છે. સર્વથા એકેન્દ્રિયાદિને શકિત બિડાઇ ગઇ છે એમ તેને બિડાઇ નથી. હિતાહિતનો વિચાર કરવાની શકિતરૂપ જ્ઞાનનો ઉઘાડ વર્તમાનમાં વર્તે છે. એ વાત આમાં લેવી છે. આમાં આવવાની છે.

આવા **અધ્યવસાનવાળા જીવને જ્ઞાનમયપણાને લીધે,** હવે જ્ઞાનમયપણાને લીધે એટલે ત્રિકાળી જ્ઞાનમય નહીં.

મુમુક્ષુ :- જ્ઞપ્તિ ક્રિયા.....

ઉત્તર :- જ્ઞપ્તિ ક્રિયા ઉઘડી છે તે જ્ઞાનમય આત્મા છે. એટલો ઉઘાડ રહી ગયો છે. ઉપયોગલક્ષણ સર્વ અવસ્થામાં મોજુદ છે. ઉપયોગલક્ષણ છે તે અવ્યાપ્તિ, અસંભવ, અતિવ્યાપ્તિ દોષ રહિત છે. સર્વ અવસ્થાને વિષે ઉપયોગ છે. ઉપયોગલક્ષણ સદા. એ ઉપયોગલક્ષણ જે છે તેને અહીંયાં જ્ઞપ્તિ ક્રિયા કહેવી છે. જીવને જ્ઞાનમયપણાને લીધે એટલે દ્રવ્ય, ગુણ ને પર્યાય એમાં બધામાં ચેતન વ્યાપે છે. ચેતનદ્રવ્ય, ચૈતન્યગુણ અને ચિદ્‌વિવર્તન એ આ, પર્યાય. ૨૯૪માં કહ્યું એ. અને અરિહંતના દ્રવ્યગુણપર્યાયને જાણીને અહીંયાં પણ મારા દ્રવ્યગુણપર્યાય આવા છે એ આ આટલો ઉઘાડ રહી ગયો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. એ ઉઘાડ દ્વારા સવિકલ્પ ભેદજ્ઞાન કરી નિર્વિકલ્પ ભેદજ્ઞાનમાં ચાલ્યો જાય છે.

અનુભવ નથી, સમ્યગ્દર્શન નથી તોપણ, એવા જીવને પણ, સૂક્ષ્મ વાત છે. એ વાત આમાં કહેવા માગે છે. જુઓ! આપણે આનો જ અર્થ કરવો છે ને? આપણે આમાં જે લખેલું છે એનો જ અર્થ કરીએ છીએ. કે **જ્ઞાનમયપણાને લીધે,** આહાહા! જ્ઞાનમય તો છે. જ્ઞાનમય થવું નથી. દ્રવ્ય-ગુણ ને પર્યાયથી જીવ જ્ઞાનમય રહેલો છે. અને મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર એ પુદ્ગલમય પરિણામ છે. એ બેય જુદાં છે. આહાહા! 'સ્વસ્ય ભવનમ તુ સ્વભાવ' આહાહા! જ્ઞાનનું થવું, પરિણમવું તે જીવ છે. અને અધ્યવસાનનું થવું, પરિણમવું તે પુદ્ગલ છે. એવી બેયની જુદાઇ અંદરમાં રહેલી છે. આહાહા! નિઃસંધિ નથી. સાંધ છે. જ્ઞાનમય આત્મા અને રાગાદિની વચ્ચે એટલી એકતા થઇ નથી. એક માને છે તોપણ ભિન્નતા છે. જ્ઞાનમાં માત્ર જાણનક્રિયા છે. મિથ્યાત્વની ચિકાશ ઉપયોગમાં આવી નથી. આહાહા! જોયું! આધાર! ૯૭ કળશનો આધાર, કે ભગવાનઆત્મા ઉપયોગમય છે અને એ ઉપયોગની સ્વચ્છતા એટલી રહી ગઇ છે, કે જેના ગર્ભમાં જાણન જાણન જાણન ક્રિયા પ્રગટ થઇ ગઇ છે હો! અને એ પ્રગટ ક્રિયામાં જ્ઞાયકનો પ્રતિભાસ થાય છે. અને રાગાદિ પરભાવોનો પણ પ્રતિભાસ થાય છે.

તેથી અધ્યવસાનના કાળે પણ જ્ઞાનમયપણાને લીધે, **જ્ઞાનમયપણાને લીધે સતરૂપ, અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માનો,** જ્ઞાયકનો ને રાગનો નહીં. જાણવાની ક્રિયાનો અને જણાય એવી રાગની ક્રિયાનો. જ્ઞાન અને જ્ઞેયનું ભેદજ્ઞાન કરવાની શકિત અંદરમાં પડી છે. જયારે કરવી હોય ત્યારે થઇ શકે છે. જુઓ! જ્ઞાનમયપણાને લીધે સતરૂપ અહેતુક જ્ઞપ્તિ, સત્ એટલે શું? તેનો અર્થ નીચે (ફુટનોટમાં)

**સતરૂપ = સત્તાસ્વરૂપ; અસ્તિત્વસ્વરૂપ. (આત્મા જ્ઞાનમય છે તેથી સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે.)** આત્મા છે સતરૂપ તો એની જાણવાની ક્રિયા પણ સતરૂપ છે. પોતે આત્મા સતરૂપ છે તેથી એની એ ક્રિયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણવાની થાય છે એ પણ સત્‌રૂપ છે. આહાહા! સત્‌ને કોઇ હેતુ ન હોય. અહેતુક હોય. બીજો બોલ.

**અહેતુક = જેનું કોઇ કારણ નથી એવી; અકારણ; સ્વયંસિધ્ધ; સહજ.** આહાહા! હું જાણનાર છું. જાણવાની ક્રિયા મારામાં થાય છે. કયારે? તો કહે ત્રણે કાળે. જાણવાની ક્રિયા જો બંધ થઇ જાય તો આત્મા જડ થઇ જાય. જેમ પુદ્‌ગલમાં જાણવાની ક્રિયાનો અભાવ છે, એમ રાગમાં જાણવાની ક્રિયાનો અભાવ છે. એમ આત્મામાં જાણવાની ક્રિયાનો અભાવ થઇ જાય તો આત્મા પોતે જડ થઇ જાય. પણ આત્મા જડ થતો નથી, થવાનો નથી. કારણ કે જાણવાની ક્રિયા સમયે સમયે પ્રગટ થઇ રહી છે. આહાહા! અને એ જાણવાની ક્રિયા અહેતુક છે. એને જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમની અપેક્ષા નથી. એને એમાં રાગ જણાય છે માટે જ્ઞાન છે એમ છે નહીં. શાસ્ત્ર જણાય છે માટે જ્ઞાનની ક્રિયા થાય છે એમ નથી. સત્‌ અને અહેતુક છે. આહાહા! જેને કોઇ કારણ નથી અકારણ છે. જેમ જ્ઞાયકભાવ અકારણ છે એમ ઉપયોગ પણ અકારણ છે. ઉપયોગના પ્રગટ થવામાં કોઇ કારણની અપેક્ષા નથી. આહાહા! ઓહોહોહો! અહેતુક.

**જ્ઞપ્તિ = જાણવું તે;** જ્ઞપ્તિ શબ્દ છે ને, તે જાણનક્રિયાને બતાવે છે. **(જ્ઞપ્તિક્રિયા સત્‌રૂપ છે, અને સત્‌રૂપ હોવાથી અહેતુક છે.)** જ્ઞાયક સત્‌, ગુણ સત્‌ અને (પર્યાય) ક્રિયા પણ સત્‌. ત્રણેય સત્‌નો વિસ્તાર છે. દ્રવ્ય-ગુણ-પર્યાય. આખો પદાર્થ છે.

મુમુક્ષુ :- દ્રવ્ય સત્‌, ગુણ સત્‌, પર્યાય સત્‌ ત્રણ છે.

ઉત્તર :- એ આખો આત્મા છે. એમ. દરેક પદાર્થ દ્રવ્ય, ગુણ, પર્યાયવાળો જ હોય અને એ જો આ આત્મામાં દ્રવ્ય, ગુણ તો હોય પણ પર્યાયમાં રાગ હોય તો એ પર્યાય એને રહેતી નથી. તો એ પર્યાય વિનાનું દ્રવ્ય થઇ ગયું. સાંભળો! કોઇ એમ કહે કે મિથ્યાદષ્ટિને દ્રવ્ય-ગુણ તો છે. અને તેની પર્યાયમાં રાગ છે. એમ નથી. રાગ પુદ્‌ગલના પરિણામ છે. અને આ જ્ઞાન પ્રગટ થાય છે તે જીવની પર્યાય છે. દ્રવ્ય-ગુણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ને પર્યાય આખો પદાર્થ સિદ્ધ થાય છે. પ્રમાણજ્ઞાનનો વિષય છે. પર્યાય વિના દ્રવ્ય નહીં અને દ્રવ્ય વિના પર્યાય નહીં. એ આ જ્ઞાનની પર્યાય લેવી. રાગની ન લેવી. (રાગની લેવાથી) તો દોષ આવી જશે.

મુમુક્ષુ :-:- પ્રમાણમાં પણ રાગ નથી આવતો. પ્રમાણથી બહાર છે.

ઉત્તર :- એ તો પુદ્‌ગલના પરિણામ છે ને! બીજા દ્રવ્યના પરિણામ. વિશ્વ છે એ તો. આત્માથી ભિન્ન છે. આહા! **જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે.** સત્, અહેતુક, જ્ઞપ્તિ. એ જ્ઞપ્તિના ત્રણ વિશેષણ છે. સત્ પણ જ્ઞપ્તિ, અહેતુક પણ જ્ઞપ્તિ. એ દ્રવ્યનું વિશેષણ નથી. પણ ક્રિયાનું વિશેષણ છે. એકલી રાગની ક્રિયા થાય છે અને જાણવાની ક્રિયા થતી નથી એમ નથી. મિથ્યાત્વની ક્રિયા વખતે પણ જાણવાની ક્રિયા થઇ રહી છે.

મુમુક્ષુ :- જાણવાની ક્રિયા જીવની ક્રિયા છે.

ઉત્તર :- જીવની છે. જીવથી અનન્ય છે. અને મિથ્યાત્વના પરિણામ પુદ્‌ગલથી અનન્ય છે. બહુ સરસ છે.

મુમુક્ષુ :- ભગવાનની વાણી ખરે છે.

ઉત્તર :-**સતૃરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે.** જાણવાની ક્રિયા તો જીવની અને રાગની ક્રિયા પણ જીવની એમ નથી. પણ એક જ જાણવાની ક્રિયા જીવની છે અને રાગની ક્રિયા જીવની નથી. એમ કહેવા માગે છે. આ સમ્યગ્જ્ઞાન થાય પછી જાણવાની ક્રિયા થાય એમ નથી. અનાદિ અનંત જાણવાની ક્રિયા થઇ રહી છે. ચોખ્ખો પાઠ છે.

**અધ્યવસાનવાળા જીવને જ્ઞાનમયપણાને લીધે સતૃરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની** (એટલે આત્માની)**એક ક્રિયા છે.** બે ક્રિયા નથી. જાણવાની ક્રિયાને પણ કરે અને રાગની ક્રિયાને પણ કરે–એ રાગની ક્રિયાનો કરનારો બીજો છે અને જાણવાની ક્રિયા કરનારો બીજો છે. રાગની ક્રિયા કરનારો પુદ્‌ગલ છે અને જાણવાની ક્રિયા કરનારો આત્મા છે. આહાહા! બે ક્રિયા વચ્ચે તફાવત છે. આહાહા! જાણનક્રિયાથી આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનન્ય છે. અને રાગની ક્રિયાથી પુદ્‌ગલ અનન્ય છે. છે તો એમ.

**એવા આત્માનો,** હોં! આ આત્મા કેવો છે? પર્યાયવાળો. જાણવાની ક્રિયા જેમાં થાય એવો આત્મા છે. રાગથી તો રહિત છે પણ જ્ઞાનથી સહિત છે. જ્ઞાનથી અનન્ય છે. ઉપયોગથી અનન્ય છે. માટે ઉપયોગમાં ઉપયોગ કહ્યો છે. તે આ ઉપયોગ. **સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે.** તે પહેલો ઉપયોગ છે. શુદ્ધોપયોગ પછી થાય. અને ૯૭માં કહ્યું-મિથ્યાદષ્ટિને પણ ઉપયોગ જાણનક્રિયા થાય છે તેના ગર્ભમાં જાણવું જાણવું જાણવું છે. મિથ્યાત્વની ચિકાશ એ જ્ઞાનમાં આવતી નથી. એક સંવર અધિકારનો પહેલો ઉપયોગ કહ્યો. ૯૭માં કળશમાં આ કહ્યો. તત્ત્વાર્થસૂત્રનું ઉપયોગ લક્ષણ કહ્યું અને અહીંયાં જ્ઞપ્તિ કહી એ એક જ વાત છે. આ નિરપેક્ષ છે. આ જે ઉપયોગ છે ને તેને હેતુ નથી. ખરેખર જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમનું કારણ નથી.

મુમુક્ષુ :- સ્વભાવ છે અને સ્વભાવનો અંશ છે.

ઉત્તર :- સ્વભાવ છે અને સ્વભાવમાં કર્મનું કારણ ન હોય.આમાં છે ને? આહાહા! લીધું ને પોતે? **અકારણ, સ્વયંસિદ્ધ.** અકારણ કહ્યું એટલે ખલાસ! એને કોઇ કારણ નથી. આહાહા! ગજબની વાત છે! **એવી જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે.** બે ક્રિયા નથી. આત્મા જ્ઞાન પણ કરે અને આત્મા રાગને પણ કરે (એવો) દ્વિ ક્રિયાવાદી નથી. તો રાગને કોણ કરે છે? કહે, પુદ્‌ગલ. જીવ જ્ઞાનને કરે અને પુદ્‌ગલ રાગને કરે છે. બેયની ક્રિયા ભિન્ન ભિન્ન છે. બેયની સત્તા ન્યારી ન્યારી છે. પ્રદેશભેદ છે. આહાહા!

મુમુક્ષુ :- એક વસ્તુની બીજી વસ્તુ નથી. આહાહા!

ઉત્તર :- (એક વસ્તુની) બીજી વસ્તુ નથી. આહાહા!

મુમુક્ષુ :- એક પરિણામના બે કર્તા ન હોય.

ઉત્તર :- ન હોય. આહાહા! બે દ્રવ્ય થઇને એક પરિણામને ન કરે. સત્‌રૂપ અહેતુક આહાહા! અમૃતચંદ્રાચાર્ય છે ને! કોઇ ગજબના આચાર્ય!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- અમૃતચંદ્ર જ છે.

ઉત્તર :- હા, અમૃતચંદ્ર જ છે. બસ. અમૃત ઝરે છે એની વાણીમાં અમૃત ઝરે છે. એકલું ભેદજ્ઞાન નીતરે છે. જુદાઇ તો ક્યાંકની જુદાઇ બતાવે છે. મિથ્યાદષ્ટિને કહે છે કે તારે ગભરાવાની જરૂર નથી. મિથ્યાત્વના પરિણામ તારા જ્ઞાયકમાં તો નથી આવતા પણ ઉપયોગમાં પણ નથી આવતા એવી જ્ઞપ્તિક્રિયા તને પ્રગટ થઇ રહી છે. તને ખ્યાલ નથી પણ અમને ખ્યાલ છે. અમને દેખાય છે. તારું જ્ઞાન તને દેખાતું નથી. પણ તારું જ્ઞાન અમને દેખાય છે. તારામાં જ્ઞાન થાય છે ભાઇ! આહાહા!

મુમુક્ષુ :- પણ જીવમાં તો જ્ઞાન જ થાય ને?

ઉત્તર :- કોઇ દિવસ રાગ થાય?

મુમુક્ષુ :- સૂરજમાં પ્રકાશ જ થાય ને?

ઉત્તર :- અંધકાર ન હોય.

**સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે.** આ વાત અમને ૩૪ વર્ષ પહેલાં બેઠેલી છે. ઉપયોગો લક્ષણમ. આહાહા! આત્મા આવી ગયો હાથમાં. ખલાસ! આત્મા હાથમાં આવી ગયો. ઉપયોગલક્ષણ પ્રગટ છે. આહાહા! ઉપયોગ આત્માનું લક્ષણ છે. બસ. એ આ. ઊંડા સંસ્કાર છે. આત્મામાં જ્ઞાન થાય છે. આત્મામાં જ્ઞાન થાય અને બીજું કાંઇ ન થાય. બીજું બીજે થાય. અને બીજે થાય તે જ્ઞાનમાં જણાય પણ જ્ઞાનમાં આવે નહીં. આહાહા! દુઃખ જ્ઞાનમાં ન આવે હો! દુઃખ જ્ઞાનની બહાર રહે.

મુમુક્ષુ :- દુઃખ બીજામાં થાય છે એમ જણાય છે.

ઉત્તર :- એમ જણાય છે. બીજો દુઃખી થાય છે. દુઃખને ભોગવનાર હું નહીં.

મુમુક્ષુ :- હું તો જાણનાર છું.

ઉત્તર :- જાણનાર છું. બસ. **'સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ'** ખુબી તો એ લખી છે **જેની એક ક્રિયા છે.** એમ. આ અધ્યવસાનની અને આ જ્ઞાનની બે ક્રિયા છે એમ નથી લખ્યું. છે ને? જેની એટલે આત્માની. **જેની** એટલે? (આત્માની) **એક**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ક્રિયા છે.** છે? **એવા આત્માનો,** જેમાં જ્ઞાન થઇ રહ્યું છે, જાણવાની ક્રિયા થઇ છે. **એવા આત્માનો અને,** અને એટલે બીજી ચીજ. અને એટલે? બીજી ચીજ. આવો તો આત્મા છે જાણનક્રિયાવાળો, એ જ્ઞાન છે, જેટલું જ્ઞાનમય છે એટલો આત્મા છે.

હવે જ્ઞેયનું પ્રતિપાદન કરે છે જ્ઞેયનું. અહીંયાં જ્ઞાન અને બીજે જ્ઞેય. બીજું જ્ઞેય છે. કર્મ નથી આત્માનું. જ્ઞેય છે એટલે ભિન્ન છે. જો આત્માનું કર્મ હોય તો જેમ જ્ઞપ્તિક્રિયાથી અનન્ય એમ રાગની ક્રિયાથી અનન્ય થઇ જાય આત્મા. થયો નથી, થવાનો પણ નથી. એક ક્રિયા કહીને? આહાહા! આત્મામાં એક જ જ્ઞાનની જાણવાની ક્રિયા થઇ રહી છે.

મુમુક્ષુ :- અને એકરૂપ જ્ઞાનસ્વરૂપ આત્માની એક જ ક્રિયા હોય ને?

ઉત્તર :- એક જ ક્રિયા હોયને, બે ક્રિયા હોય કાંઇ? **એવા આત્માનો અને રાગદ્વેષના ઉદયમય એવી,** ઓલી સ્વભાવમય અને આ ઉદયમય. એક બાજુ સ્વભાવ લીધો અને બીજી બાજુ ઉદય લીધો.

મુમુક્ષુ :- ઉદયમય. ઉદયથી થયેલી નહીં.

ઉત્તર :- ઉદયમય. **ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો,** આહાહા! **રાગદ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો વિશેષ નહિ જાણવાને લીધે,** છે તો વિશેષ, છે તો તફાવત, છે તો ભિન્નતા. જ્ઞપ્તિક્રિયા અને રાગની ક્રિયા છે તો ભિન્ન ભિન્ન. જ્ઞાયક તો ભિન્ન છે પણ જાણવાની ક્રિયા રાગની ક્રિયાથી ભિન્ન છે એમ કહ્યું. બેયમાં ક્રિયા લીધી. જ્ઞપ્તિક્રિયા લીધી અને હનન ક્રિયા લીધી. બેયમાં ક્રિયા લીધી. પર્યાય બેય.

**આ હનન આદિ ક્રિયાઓનો વિશેષ** નીચે (ફુટનોટમાં) જુઓ! **જ્ઞપ્તિ = જાણવું, જાણનક્રિયા** આવી ગયું ને? **હનન = હણવું તે, હણવારૂપ ક્રિયા. (હણવું વગેરે ક્રિયાઓ રાગદ્વેષના ઉદયમય છે) વિશેષ = તફાવત, ભિન્ન લક્ષણ.** જુઓ! **વિશેષ નહીં જાણવાને લીધે,** એને ભિન્ન નહીં જાણવાને લીધે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી,** આહાહા! આત્મા ભિન્ન છે. **ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી તે અધ્યવસાય પ્રથમ તો અજ્ઞાન છે.** ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, આત્મા ભિન્ન હોવા છતાં એને ભિન્ન માનતો નથી. એનું નામ અજ્ઞાન કહેવાય. ભિન્ન હોવા છતાં ભિન્ન જ્ઞાન ન જાણવું એનું નામ અજ્ઞાન. **અજ્ઞાન હોવાથી તે અધ્યવસાય પ્રથમ તો અજ્ઞાન છે.** આ અજ્ઞાનની સિદ્ધિ કરી. આહાહા!

આ જ્ઞાન ક્રિયા અને રાગની ક્રિયા છે તો સ્વભાવથી ભિન્ન ભિન્ન પણ આ જ્ઞપ્તિક્રિયામય આત્મા છે અને આ રાગાદિમય ભિન્ન પદાર્થ છે ભાવ છે એમ બે વચ્ચે ભેદજ્ઞાન નહીં હોવાથી એની એકતા કરે છે તેથી અધ્યવસાન થાય છે. સમયે સમયે અધ્યવસાન નવું થાય છે. અધ્યવસાન અનાદિનું નથી. સમયે સમયે અધ્યવસાન થાય છે. હું જ્ઞાનમય છું અને રાગમય નથી એવું ભેદજ્ઞાન નથી કરતો ત્યાં સુધી અજ્ઞાન ઊભું થાય છે. બસ.

મુમુક્ષુ :- એટલે ઉપરની લાઇનમાં તો વસ્તુની સ્થિતિ બતાવી દીધી. ઉપર. પછી એવું ભેદજ્ઞાન જેને થતું નથી, માનતો નથી તો અધ્યવસાન થઇ જાય છે.

ઉત્તર :- તે અજ્ઞાની બની જાય છે. બસ. વિશેષ નહીં જાણવાને લીધે, તફાવત ભેદ જુદો છે. ભેદજ્ઞાન બિડાઇ ગયું છે. જ્ઞાનમાં રાગ જણાતા હું રાગી, જ્ઞાનમાં દેહ જણાતા હું દેહી, જ્ઞાનમાં ધર્માસ્તિકાય જણાતા હું ધર્માસ્તિકાય એમ માને છે. **ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી તે અધ્યવસાય પ્રથમ તો અજ્ઞાન છે.** અજ્ઞાનની સિદ્ધિ કરી. **ભિન્ન આત્માનું અદર્શન (અશ્રધ્ધાન) હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે.** આહાહા! વિપરીત શ્રધ્ધા છે. **અને ભિન્ન આત્માનું,** આહાહા! **અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે.** મિથ્યાચારિત્ર છે. એટલી વાત ભાવકર્મની સાથે એકતાબુદ્ધિ કરે છે. માને છે તેથી તેને મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન, મિથ્યાચારિત્રનો દોષ લાગી જાય છે.

શરૂઆત જ ભાવકર્મથી થાય છે. એકતા થાય છે ને એ ભાવકર્મની થાય છે. **વળી 'હું નારક છું'** મનુષ્ય છું, દેવ છું. **ઇત્યાદિ જે અધ્યવસાન છે તે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**અધ્યવસાનવાળા જીવને પણ,** અહીંયાં પણ શબ્દ વાપર્યો. આગળ પણ નહોતો વાપર્યો. જીવને એટલો વાપર્યો તો. હવે એને તો અધ્યવસાન થાય છે. પણ આને પણ અધ્યવસાન થાય છે. આવા જીવને પણ એમ. આહાહા! અધ્યવસાનવાળા જીવને પણ, પણની આમાં બહુ કિંમત છે. પણ શબ્દની બહુ કિંમત છે. અધ્યવસાનવાળા મિથ્યાદષ્ટિ જીવને પણ, એમ. જ્ઞાનમયપણાને લીધે સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે. લ્યો! આ જ્ઞાયક ઓલી જ્ઞપ્તિ સત્‌રૂપ અહેતુક હતી જ્ઞાનક્રિયા, ઉપયોગની ક્રિયા, જાણવાની ક્રિયા અને જ્ઞાયક એટલે દ્રવ્ય. સત્‌રૂપ અહેતુક જ્ઞાયકને કોઇ હેતુ નથી. જ્ઞાયક સ્વયંસિધ્ધ છે. દ્રવ્ય લીધું. ઓલી પર્યાયની સામે પર્યાયનું ભેદજ્ઞાન કરાવ્યું. હવે દ્રવ્યની સામે દ્રવ્યનું ભેદજ્ઞાન કરાવે છે. નારક આદિ સામે દ્રવ્ય લીધું.

**સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે એવા આત્માનો,** ઓલી જ્ઞપ્તિક્રિયા જેની છે એવા એક આત્માનો એમ લીધું હતું. અને અહીંયાં સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે, ઓમાં એક જ્ઞપ્તિક્રિયા લીધી હતી. એમ અહીંયાં એક જ્ઞાયકભાવ લીધો. **જ્ઞાયક જ જેનો એક ભાવ છે એવા આત્માનો અને કર્મોદયજનિત નારક આદિ ભાવોનો,** જ્ઞાયકભાવ અને સામે નારકભાવ લીધો. બેય દ્રવ્યથી દ્રવ્યનું ભેદજ્ઞાન. ઓલો પર્યાય પર્યાય વચ્ચે ભેદજ્ઞાન અને આ બે દ્રવ્ય વચ્ચે ભેદજ્ઞાન.

એક જ્ઞાયકભાવ દ્રવ્ય છે અને નારક આદિ પણ પરદ્રવ્ય છે. એમ. **નારક આદિ ભાવોનો વિશેષ** તફાવત જુદાઇ **નહીં જાણવાને લીધે,** છે તો જુદા. જ્ઞાયકભાવ ને નારક કોઇ એક નથી. છે તો જુદું. **નહીં જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે.** આહાહા! અજ્ઞાન ઊભું થયું તો બેય લપ આવી. ગયું સાથે. ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે. વળી, આહાહા! વળી **'આ ધર્મદ્રવ્ય જણાય છે'** આહાહા! આ ધર્મદ્રવ્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જણાય છે, એમ આવ્યું ને? આ આત્મા જણાય છે, એમ ન આવ્યું.

મુમુક્ષુ :- જાણનારો જણાય છે, એ ન આવ્યું.

ઉત્તર :- એ ન આવ્યું. પરજ્ઞેય જણાય છે એમ આવ્યું. ગુણની સામે ધર્મદ્રવ્ય લીધું. આત્માનો જ્ઞાનગુણ છે ને તેની સામે ધર્મદ્રવ્ય લીધું. દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણ વચ્ચે ભેદજ્ઞાન કરે છે ને? તો દ્રવ્યની સામે તો નારક આદિનું દ્રવ્ય લીધું. વ્યંજન પર્યાય. અને જ્ઞાનગુણની સામે જ્ઞેય લીધું, જ્ઞાનની સામે જ્ઞેય લીધું. જ્ઞાન ગુણ છે. અહીંયાં સ્વજ્ઞેય છે. ઓલું સામે પરજ્ઞેય. એમ.

મુમુક્ષુ :- જ્ઞાનગુણમય આત્મા જ્ઞેય છે.

ઉત્તર :-જ્ઞેય છે.

મુમુક્ષુ :- એની સામે ઓલા પરજ્ઞેય છે.

ઉત્તર :- પરજ્ઞેય લીધું. એમ. ઓલી જ્ઞપ્તિક્રિયામય છે. જ્ઞપ્તિક્રિયામય આત્મા લીધો. અને રાગમય જુદું લીધું. અને જ્ઞાયક એક સત્ અહેતુક જેનો ભાવ છે. અને નારક આદિ ભાવ ભિન્ન લીધો. બે વચ્ચેનું ભેદજ્ઞાન કરાવ્યું. હવે ત્રીજી વાત કરે છે કે ધર્મદ્રવ્ય જણાય છે. હવે જણાય છે તો આત્મા. ઓમાં થાય છે તો જ્ઞપ્તિક્રિયા. માને છે કે રાગની ક્રિયા મારી. છે તો જ્ઞાયક અને માને છે કે 'હું મનુષ્ય છું'. એમ જણાય છે તો જ્ઞાયક અને માને છે કે ધર્મદ્રવ્ય જણાય છે. એ અજ્ઞાન થઇ ગયું. અજ્ઞાની જીવને પણ હોં?

મુમુક્ષુ :- એટલે જ અજ્ઞાન છે ને?

ઉત્તર :- એટલે જ અજ્ઞાન ઊભું થયું. આહાહા! **'આ ધર્મદ્રવ્ય જણાય છે' ઇત્યાદિ જે અધ્યવસાન છે તે અધ્યવસાનવાળા જીવને પણ, 'જ્ઞાનમયપણાને લીધે સતરૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા આત્માનો અને જ્ઞેયમય એવા ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે. માટે આ સમસ્ત અધ્યવસાનો બંધનાં જ નિમિત્ત કારણ છે.** નીચે ફુટનોટ છે. ઉપર જ્ઞાનમયપણાને લીધે છે ને? ઉપર. આત્મા જ્ઞાનમય છે તેથી સતરૂપ અહેતુક જ્ઞાન જ તેનું એક રૂપ છે. એમ. લ્યો. એટલે જ્ઞાનની સામે ધર્મદ્રવ્ય જ્ઞેય લીધું. જ્ઞેય અને જ્ઞાન આમ ભિન્ન ભિન્ન છે. અહીંયાં જ્ઞાન છે ગુણ અને ત્યાં ધર્મદ્રવ્ય જ્ઞેય છે. એ બેય ભિન્ન ભિન્ન છે.

હવે એમ કહે છે કે આ પરજ્ઞેય તને જણાય છે. અને સ્વજ્ઞેય તને જણાતું નથી? તે અજ્ઞાન થઇ ગયું. જણાય છે તો જ્ઞાયક જ. માને છે કે ધર્મદ્રવ્ય જણાય છે. દષ્ટિ વિપરીત થઇ ગઇ. ધર્મદ્રવ્ય જણાય છે તે અજ્ઞાનમાં ગયું, અધ્યવસાનમાં ગયું.

મુમુક્ષુ :- કેમકે જ્ઞાયક ન જણાયો ને? પર દ્રવ્ય જણાણું.

ઉત્તર :- જણાય છે જ્ઞાયક અને માને છે કે પરદ્રવ્ય જણાય છે.

## વિડીયો પ્રવચન નં :- ૧૨૨
## સમયસાર ગાથા – ૨૭૦, તા.૨૪/૨/૮૯

કોઇને પૂછવાની જરૂર નથી. તેમાં શું થાય છે, જાણવામાં સરી જાય છે. અને તેને સાચું તો જાણવામાં આવે નહીં. સાચું જાણવું હોય તો અનુભવ કેમ થાય એ ગુરુદેવનો ૪૫ વર્ષનો ઉપદેશ છે. ૪૫ વર્ષનો ઉપદેશ હો! અનુભવીને શું હોય તે વાત બધી કરતા જાય પણ વજન તેના ઉપર નહોતું. આહાહા! પુણ્ય-પાપથી ભિન્ન તારો આત્મા છે તેને લક્ષમાં લે ને. આહાહા! રાગથી ભિન્ન આત્માને જાણી લે ને? આ તેનો ઉપદેશ હતો. તો જાણવાની જે ઇચ્છા છે ને તેનો ઉત્સાહ ઓછો થઇ જાય. અને આત્માને અનુભવવાનો ઉત્સાહ આવી જાય. હા, એમ મારું કહેવું છે. કર્તા માનવો તે અજ્ઞાન છે. બસ.

મુમુક્ષુ :- કર્મથી થાય છે તે અસદ્‌ભૂત વ્યવહાર?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- કર્મથી રાગ થાય છે.

મુમુક્ષુ :- કર્મથી પર્યાય.

ઉત્તર :- પર્યાય એટલે રાગ. રાગ લ્યો! રાગ કર્મકૃત છે. કર્મથી થાય છે. એટલે કર્મના સંગથી થાય છે. રાગ છે તે આત્માના સંગથી નથી થતો એટલું બતાવવા માટે 'પરસંગ એવ' પરસંગથી પ્રગટ થાય છે, એમ. એક અપેક્ષાએ વ્યાપ્ય-વ્યાપક લીધું, એક અપેક્ષાએ વ્યવહાર લીધો. જયારે નિરપેક્ષ લ્યો તો વ્યવહાર થઇ ગયો. તેની અંદર અભેદ કરી દયો તો વ્યાપ્ય-વ્યાપક ત્યાં થઇ ગયું. બહુ જ અપેક્ષા આવે છે બહુ જ અપેક્ષા. એક એક વાત પકડવા જેવી નથી. જયાં જે વિવિક્ષા હોય ત્યાં તે વિવિક્ષા સમજવી જોઇએ. અનુસંધાન વિના પૂછવાથી તકલીફ છે. આગળ-પાછળ તમે કયા આશયથી પૂછો છો, કયા આશયથી આ લખાણું છે અને તમે પૂછી લ્યો અને એક જવાબ મળી જાય અને તમે કહો કે હં.... ઓલું તમને ખોટું લાગશે. આચાર્યનું એવું નથી. હં... અનુસંધાન જોઇએ. અનુસંધાન વિના જવાબ આપવો મુશ્કેલ છે. સ્યાદ્‌વાદ છે.

મુમુક્ષુ :- અને કહેવાણું હોય તો અનુસંધાન સમજી લેવું.

ઉત્તર :- હં... તમારે અનુસંધાન ગોઠવી લેવું જોઇએ. એમ. સમજી ગયા? દયાચંદજી! બહુ જ ઊંડી વાત છે આ. જૈનદર્શન કોઇ સાધારણ વાત નથી. સ્યાદ્‌વાદથી સમજવું જોઇએ. 'જયાં જયાં જે જે યોગ્ય છે ત્યાં ત્યાં સમજવું તેહ.'

બે વાત ધ્યાન રાખવાની. શું પ્રયોજન સિધ્ધ કરવા માટે લખાણ છે અને કઇ નયનું આ કથન છે. આ બે વાત જો તમે ખ્યાલમાં રાખો તો શાસ્ત્રનો ઉકેલ તમને આવી જાય. આશય. જ્ઞાનીને કહેવાનો જે આશય છે તે ખ્યાલમાં આવે. કઇ નયનું કથન અને શું પ્રયોજન સિધ્ધ કરવું છે. એમ. હા, ૨૭૦ જ ગાથા હતી. હવે મથાળામાં તો સવળું લીધું છે. એનું મથાળું છે ને? ૨૭૦.

**આ અધ્યવસાય જેમને નથી તે મુનિઓ કર્મથી લેપાતા નથી. એમ હવે ગાથામાં કહે છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતાં નહિ જેમને,**
**તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦**

આગળથી વાત ચાલી આવે છે તેના અનુસંધાનમાં આ છે. પણ ફરીથી તે બે વિભાગ કરે છે. મિથ્યાદષ્ટિને અધ્યવસાન કેમ થાય છે એ પહેલાં પારામાં છે. પછી બીજા પારામાં આ મુનિઓને આ પ્રકારનું અધ્યવસાન નથી તો કર્મથી લેપાતા નથી. એમની શૈલી છે.

**ગાથાર્થ :-આ પૂર્વે કહેલાં તથા આવા બીજા પણ,** ઘણા લઇ લેવા. ટૂંકામાં થોડું કહ્યું છે, બધામાં લાગુ પાડી દેવું. **આ પૂર્વે કહેલાં તથા આવા બીજા પણ અધ્યવસાન જેમને નથી.** એટલે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર જેમને નથી **તે મુનિઓ અશુભ કે શુભ કર્મથી,** એટલે ભાવકર્મથી લેપાતા નથી અને દ્રવ્યકર્મનો બંધ થતો નથી. બેય લઇ લેવા.

**ટીકા :- આ જે ત્રણ પ્રકારના અધ્યવસાનો છે તે બધાંય** સઘળાય **પોતે અજ્ઞાનાદિરૂપ (અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી શુભાશુભ કર્મબંધના નિમિત્ત છે.** કર્મબંધ થાય છે. નવા કર્મનો બંધ થાય છે. ઘાતિ-અઘાતિ, શાતા-અશાતા એમાં આ એને નિમિત્ત થાય છે. અહિંસાના પરિણામમાં પણ કર્મનો બંધ થાય અને હિંસાના પરિણામમાં પણ કર્મનો બંધ થાય. અહિંસામાં શુભકર્મો બંધાય, હિંસામાં અશુભ કર્મો બંધાય. પણ એ અધ્યવસાન છે એટલે શુભાશુભભાવ બંધમાં નિમિત્ત થાય છે. જો અધ્યવસાન નથી તો જ્ઞાનીને બંધ થતો નથી.

અહિંસાના પરિણામ છે છતાં અધ્યવસાનનો અભાવ છે માટે કર્મનો બંધ થતો નથી. મુનિઓને અહિંસાના પરિણામ શુભભાવ અધ્યવસાનનો અભાવ છે. માટે તે શુભભાવથી કર્મનો બંધ થતો નથી, લેપાતા નથી, બંધાતા નથી. અને ચોથા પાંચમા ગુણસ્થાને હિંસાના પરિણામ છે, પ્રમાદ કહો, તો એવા હિંસાના પરિણામ પાપના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પરિણામ હોવા છતાં પણ કર્મના બંધમાં એ નિમિત્ત થતું નથી. કેમકે અધ્યવસાનનો અભાવ છે.

મુમુક્ષુ :- અધ્યવસાન એટલે તેમાં એકત્વબુધ્ધિ.

ઉત્તર :- એકત્વબુધ્ધિ બસ. સ્વામીપણું. સ્વ-સ્વામી સંબંધ, કર્તા-કર્મની પ્રવૃત્તિ. હું કર્તા છું તે મારું કર્મ છે. એમ. મિથ્યાત્વનો દોષ. મિથ્યાત્વ ગયું તો શુભાશુભભાવ તો રહે જ છે. તોપણ બંધનું કારણ નથી. એવી રીત છે. દષ્ટિપ્રધાન શાસ્ત્ર છે, માટે. થોડો બંધ છે તે ગૌણ છે.

અહીંયાં તો ખાસ કરીને મુનિકુંજરો લીધા છે. આપણે ચોથું, પાંચમું ભેગું લઇ લીધું. અહીંયાં જે બીજા પારામાં છે એ તો મુનિકુંજરો છે. તેને અહિંસાના પરિણામ છે. હવે જો આને અહીંયાં અહિંસાના પરિણામ તો છે. પહેલા પારામાં. શુભભાવ તો હોય અજ્ઞાનીને. દ્રવ્યલિંગી મુનિ હોય. સમજો. શુભભાવ છે છતાં અધ્યવસાનનો સદ્ભાવ થયો માટે કર્મથી બંધાય છે. અને ઓને અહિંસાના પરિણામ છે અને અધ્યવસાનનો અભાવ છે, કર્મથી લેપાતા નથી.

એક કહે છે કે શુભભાવનો હું કર્તા છું. એને કર્મનો બંધ થાય છે. બીજો કહે છે કે શુભભાવનો હું જાણનાર છું. એટલે બંધાતો નથી. તરી જાય છે. બેયને શુભભાવ છે. દ્રવ્યલિંગી મુનિને પણ શુભભાવ હોય ભાવલિંગી મુનિને પણ શુભભાવ હોય. એક જ (વાત) છે (કે) પરિણામ આવે છે એમાં કર્તૃત્વબુધ્ધિ ભાસે છે કે જ્ઞાતા છું એમ ભાસે છે? બસ! એના ઉપર આધાર છે. જ્ઞાયકનો જ્ઞાતા થયા પછી શુભાશુભભાવનો જ્ઞાતા જ રહે છે. અને જ્ઞાયકનો જ્ઞાતા થતો નથી એને શુભાશુભભાવમાં કર્તૃત્વબુધ્ધિ રહી જાય છે. એને કર્તા પ્રતિભાસે છે. કર્તા પ્રતિભાસે છે.

બંધ અધિકાર સમજવા જેવો છે. બંધનું સ્વરૂપ જાણે તો બંધથી નિવૃત્તિ જાય. આસ્રવ અને બંધનું સ્વરૂપ એટલા માટે જાણવું કે એનાથી નિવર્તવું. એટલા માટે જાણવું. આમાં ત્રણ લીધા ને? અજ્ઞાનાદિરૂપ લીધું ને? પહેલી લીટીમાં એના અર્થ કરે છે. અજ્ઞાન એટલે મિથ્યાજ્ઞાન. પહેલું ગુણસ્થાન. મિથ્યાદર્શન પહેલું ગુણસ્થાન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અચારિત્ર-અનંતાનુબંધી કષાય. એ ત્રણેય પહેલાં ગુણસ્થાનની વાત છે. મિથ્યાદર્શન પહેલાં ગુણસ્થાને જ હોય. પહેલાં ગુણસ્થાનવાળાને અધ્યવસાન હોય. એને જ કર્મનો બંધ થાય. ચોથાવાળાને કર્મનો બંધ ન થાય.

મુમુક્ષુ :- મિથ્યાદષ્ટિ આકરો.

ઉત્તર :- હા, આકરો. આહાહા! **આ જે ત્રણ પ્રકારના અધ્યવસાનો છે તે બધાંય** સઘળાય **પોતે અજ્ઞાનાદિરૂપ (અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ) હોવાથી શુભાશુભ કર્મબંધના નિમિત્ત છે.** નવા આઠ પ્રકારના કર્મ બંધાય છે તેમાં નિમિત્ત છે. કોણ? શુભાશુભભાવ. કેમકે અજ્ઞાન છે માટે. હવે આખું પહેલું વાંચવું. કૌંસ ન વાંચવો. **આ જે ત્રણ પ્રકારના અધ્યવસાનો છે તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ હોવાથી શુભાશુભ કર્મબંધના નિમિત્ત છે.** એ શુભ-અશુભ કર્મમાં લેવું. અહીંયાં શુભ-અશુભ કર્મ, શાતાવેદનીય અને અશાતાવેદનીય એમાં લેવું.

મુમુક્ષુ :- શુભાશુભ કર્મબંધના નિમિત્ત છે.

ઉત્તર :- હં... શુભાશુભ કર્મ. કેવા કર્મ બંધાય છે? શુભ-શાતા અને (અશુભ) અશાતા વેદનીય કર્મ બંધાય છે. એના નિમિત્ત છે. કોણ? અજ્ઞાન. **અજ્ઞાનાદિરૂપ હોવાથી,** શાતા-અશાતા કર્મ બંધાય, ઘાતિ-અઘાતિ. પુણ્યપ્રકૃત્તિ-પાપપ્રકૃત્તિ બેય. એમાં આ નિમિત્ત છે. કોણ? અજ્ઞાન નિમિત્ત છે. શુભાશુભ લ્યો કે કર્મના વિશેષણો લ્યો.

મુમુક્ષુ :- જડકર્મ.

ઉત્તર :- હા, જડકર્મ. એનું વિશેષણ. પુણ્યપ્રકૃત્તિ અને પાપપ્રકૃત્તિ. બેય પ્રકૃત્તિ છે ને? પુણ્યપ્રકૃત્તિ શુભ કહેવાય. પાપપ્રકૃત્તિ એ અશુભપ્રકૃત્તિ. એમ. અને એનું નિમિત્ત અજ્ઞાન. અજ્ઞાનના ત્રણ પ્રકાર. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર. ત્રણેય. એ નિમિત્ત છે. એટલે અજ્ઞાની જ, અજ્ઞાનીના પરિણામ કર્મબંધમાં નિમિત્ત કર્તા કહેવાય. જ્ઞાનીના પરિણામને નિમિત્ત કર્તા કહેવાતા નથી. એ ૧૦૦નંબરની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ગાથામાં છે. **તે વિશેષ સમજાવવામાં આવે છે.** ટૂકાણમાં આટલું કહ્યું.

કોને કર્મબંધ થાય? કે જેને અધ્યવસાન છે તેને. કેવા કર્મ બંધાય?પુણ્યપ્રકૃત્તિ અને પાપપ્રકૃત્તિ  કર્મનો બંધ થાય. એમાં નિમિત્ત કોણ? આત્મા ખરો? કહે કે આત્મા નિમિત્ત નથી. એમાં આત્મા નિમિત્ત નથી. અજ્ઞાન નિમિત્ત છે. આત્મા અજ્ઞાની થઇ નથી ગયો. પર્યાયમાં અજ્ઞાન છે. પર્યાય નિમિત્ત થાય છે. ત્રિકાળી દ્રવ્ય તેમાં નિમિત્ત થતું નથી. **તે વિશેષ સમજાવવામાં આવે છે.**

મુમુક્ષુ :- અજ્ઞાની શુભભાવનો કર્તા માને, શુભ જ હોય છે કે અશુભ?

ઉત્તર :- શુભભાવનો કર્તા માને, શુભભાવનો કર્તા માને તો મિથ્યાત્વનો તો પાપની પ્રકૃત્તિનો બંધ થાય અને શુભભાવ છે માટે પુણ્યપ્રકૃત્તિ બંધાય. બેય પ્રકૃત્તિ બંધાય. શુભભાવ છે ને? શુભભાવનો કર્તા માને છે. કર્તા માને છે તો તો દર્શનમોહનો બંધ થાય. મિથ્યાત્વને કારણે. અને શુભભાવ છે ને કરુણા, દયા, દાન, કરુણા તો પુણ્યપ્રકૃત્તિ બંધાય. એનેય પુણ્યપ્રકૃત્તિ તો બંધાય. પુણ્યપ્રકૃત્તિ અને પાપપ્રકૃત્તિ તો બેયને બંધાય. એકલી પાપપ્રકૃત્તિનો બંધ ન હોય. એવું આવે છે ગોમ્મટસારમાં.

મુમુક્ષુ :- હા. મૂળ તો મિથ્યાત્વનો બંધ થાય છે ને? તો ઘાતિયાકર્મની બધી પ્રકૃત્તિ પણ પાપરૂપ છે.

ઉત્તર :- પાપરૂપ છે એકલી.

મુમુક્ષુ :- અશુભ જ છે બધી.

ઉત્તર :- અશુભ છે.

મુમુક્ષુ :- તેમાં શુભ-અશુભનો વિભાગ જ નથી.

ઉત્તર :- પાપપ્રકૃત્તિ તો બંધાય જ. પણ સાથે શુભભાવનો કર્તા માને છે, છતાં દયા, દાન, કરુણા, કોમળતાનો ભાવ પોતાનો છે ને? તો એને પુણ્યપ્રકૃત્તિ તો બંધાય જ. પાપપ્રકૃત્તિ તો બંધાય જ પણ પુણ્યની પ્રકૃત્તિ પણ બંધાય. મિથ્યાદષ્ટિને પુણ્યપ્રકૃત્તિ બંધાય છે એટલે તો સ્વર્ગમાં જાય છે ને? જો પુણ્યપ્રકૃત્તિ ન બંધાતી હોય તો ગતિ ઊંચી ન મળે. ભલે મિથ્યાત્વ હોય તેથી શું? પણ કુણા ભાવ તો છે ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એના? તો એટલી ઊંચી ગતિ તેને આવે. બસ. અથવા અનુકુળ યોગ મળે એને. પુણ્યપ્રકૃત્તિ બંધાય. આહાહા!

લ્યો! તે વિશેષણ ધ્યાન રાખજો. **'હું પર જીવોને હણું છું'** હું હણું છું તેનો કૌંસ કર્યો. પરજીવોને હું હણું છું ઇત્યાદિ. એટલે હણી શકું છું એવો અભિપ્રાય. હણું છું એટલે? હણી શકું છું, મારી શકું છું એને. એવો જે મિથ્યાઅભિપ્રાય. **ઇત્યાદિ જે આ અધ્યવસાન છે,** અધ્યવસાન એટલે તેની સાથે એકત્વબુધ્ધિ, કર્તૃત્વબુધ્ધિ, સ્વામિત્વબુધ્ધિ એ બધું મિથ્યાત્વ અધ્યવસાનમાં જાય. **ઇત્યાદિ જે આ અધ્યવસાન છે, તે અધ્યવસાનવાળા જીવને, જે આ અધ્યવસાન છે, તે અધ્યવસાનવાળા જીવને,** આહાહા! જુઓ!

એવા જીવને **જ્ઞાનમયપણાને લીધે, સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માનો,** શું કહ્યું? કે ભલે તેને અધ્યવસાન છે. 'હું આને મારી શકું છું' એવા અભિપ્રાયરૂપે પ્રવર્તે છે. તોપણ તે સમયે તેનો આત્મા**જ્ઞાનમયપણાને લીધે,** આહાહા! સતરૂપ એટલે સત્તાસ્વરૂપ, અસ્તિત્વસ્વરૂપ. આત્મા જ્ઞાનમય છે તેથી **સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે,** પછી અહેતુક નીચે (ફુટનોટમાં) **અહેતુક=જેનું કોઇ કારણ નથી એવી; અકારણ; સ્વયંસિધ્ધ.** આ બધી જ્ઞપ્તિક્રિયાના વિશેષણો છે. જ્ઞાનક્રિયા કેવી છે? તો કહે સતરૂપ છે. જ્ઞાનક્રિયા કેવી છે? અહેતુક છે. અહેતુક-જેનું કોઇ કારણ નથી એવી અકારણ, સ્વયંસિધ્ધ, સહજ. જ્ઞપ્તિ એટલે જાણવું તે. જાણનક્રિયા. જ્ઞપ્તિક્રિયા સતરૂપ છે અને સતરૂપ હોવાથી અહેતુક છે. સત્ હોય તેને કોઇ હેતુ ન હોય. એમ. હેતુ એટલે કોઇ નિમિત્ત કારણ નહીં. ઉપાદાન કારણને કોઇ નિમિત્ત હોય જ નહીં. ઉપાદાન કારણને નિમિત્ત ન હોય. નૈમિત્તિકને નિમિત્ત હોય. આ તેરમી ગાથા યાદ આવી. નિરપેક્ષ, સત્.

મુમુક્ષુ :- સત્‌ને કોઇ નિમિત્ત ન હોય.

ઉત્તર :- (સત્‌ને) નિમિત્ત ન હોય. સત્ પોતે ઉપાદાન છે ને. જે ઉપાદાન હોય તેને નિમિત્તની અપેક્ષા ન હોય. અને નિમિત્તની અપેક્ષા તમે લેવા જાવ છો તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપાદાન ન રહ્યું. નૈમિત્તિક થઇ ગયું. સાપેક્ષ થઇ ગયું, નિરપેક્ષ ન રહ્યું. ઉપાદાન નિરપેક્ષ હોય. નૈમિત્તિક સાપેક્ષ હોય. આ તો કોઇ શાસ્ત્ર છે?

મુમુક્ષુ :- શાસ્ત્ર તો છે પણ ભાઇ! આ તેરમી ગાથામાં આ નિરપેક્ષ અને સાપેક્ષની કોઇ સિદ્ધિ કરી છે!

ઉત્તર :- એ જ અહીં આવ્યું. ઠેકઠેકાણે. તને સમજમાં આવ્યું? હં? જુઓ! અજ્ઞાની માને છે કે 'હું પરને મારી શકું છું' એવો મિથ્યાઅભિપ્રાય છે. ખબર છે? તોપણ તેની પાસે જે જ્ઞાનની ક્રિયા થાય છે. તેની સાથે જ્ઞાન છે. જ્ઞાન નથી ગયું. જ્ઞાન તો છે. તે જ્ઞાનની ક્રિયા સતરૂપ, અહેતુક જ્ઞપ્તિક્રિયા. જાણવાની ક્રિયા તો તેમાં થાય છે. તે જે જાણવાની ક્રિયા થાય છે તે પર્યાય સત્ છે. આત્માથી પણ નહીં અને હિંસાની ક્રિયાથી પણ નહીં. ઉપાદાન છે ક્ષણિક જ્ઞાનની પર્યાય. આહાહા! ઉપયોગ. એ આ ઉપયોગ. જ્ઞાનક્રિયા ઉપયોગરૂપ છે. ઉપયોગ એટલે જાણવાની ક્રિયા. રાગની સાથે જાણવાની ક્રિયા તો પ્રગટ થાય જ. હવે એ સતરૂપ કહ્યું અને અહેતુક કહ્યું એટલે નિરપેક્ષ થઇ ગયું. એટલે ઉપાદાન થઇ ગયું. નૈમિત્તિક ન રહ્યું. **સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની,** જેની એટલે કોની? અધ્યવસાનવાળા જીવની પણ એક જ્ઞાનક્રિયા જ એની પાસે છે.

મુમુક્ષુ :- એટલે સ્વાભાવિક ઉપયોગલક્ષણ.

ઉત્તર :- હા, સ્વાભાવિક બસ. ઉપયોગલક્ષણ. જાણવું જાણવારૂપે પરિણમે છે. બસ. પાછું કહે છે, જ્ઞપ્તિ જ. જુઓ! આ અરિહંતના દ્રવ્યગુણપર્યાયની વાત કરે છે. 'જ' એક જ એની આત્માની જાણવાની ક્રિયા છે. ઓલી હિંસાની ક્રિયા એની નથી. એ માને છે. એની જે જાણવાની ક્રિયા થાય છે ને એ જ્ઞપ્તિક્રિયારૂપે જ આત્મા પરિણમે છે. જાણવારૂપે જ પરિણમે છે. જુઓ! લખ્યું ને? જ્ઞપ્તિ જ. જેની એક ક્રિયા. બે ક્રિયા નથી. જ્ઞપ્તિક્રિયા અને એક હનન ક્રિયા, બે નથી. આ સ્વભાવ બતાવે છે. વિભાવની સાથે પણ સ્વભાવ રહેલો છે. એમ બતાવે તો જુદું પડી જાય છે. અરે! 'હું તો જાણનાર છું' એમ આવી જાય એમ. સંધ્યા! આ તો કોઇ શાસ્ત્ર છે! ભાગવતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શાસ્ત્ર છે. બંધ અધિકારમાં હિંસાની ક્રિયા હું કરી શકું છું એવું પરિણમન છે. એ વખતે ચેતાવે છે. અરે! ભલે અજ્ઞાની અધ્યવસાનરૂપે પરિણમે પણ અમે તો એનો આત્મા જાણવારૂપે પરિણમે છે એવા આત્માને જાણીએ છીએ. એની પાસે પણ આવો આત્મા છે. પણ એ માનતો નથી તો એ તો એનું અજ્ઞાન થઇ ગયું.

મુમુક્ષુ :- માનશે માનશે. એને આજે ખબર નથી. સાંભળ્યું નથી એણે. સાંભળશે એટલે માનશે.

ઉત્તર :- સાંભળે તો માનશે.

મુમુક્ષુ :- આજે બહેને બહુ પ્રમોદથી કીધું હતું. બધા જ ભગવાન છે અને બધા જ ભગવાન થાઓ.

ઉત્તર :- એટલે જુઓ અત્યારે એ જ ઉદ્‌ગાર નીકળ્યો ને? માનશે-માનશે. માને જ. ન માને શું? સમયસાર તો સમયસાર છે. એનું જે ત્રીજુ નામ દીધું છે તે યથાર્થ છે. આવી ગૂઢ વાતો રહી ગઇ. કયા જીવને ખબર છે? અધ્યવસાનવાળા જીવને. 'હું હણું છું' એવા ભાવે એ મિથ્યાત્વરૂપે પરિણમે છે. તે સમયે તેની પાસે જાણવાની ચાલુ જ્ઞપ્તિક્રિયા છે. અને જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માનો. ત્રિકાળી દ્રવ્યની સાથે નથી લીધું. જ્ઞાનરૂપે પરિણમે છે અને 'હું હણું છું' એ રૂપે પરિણમે છે. એનું પરિણમન તો છે. આસ્રવરૂપે મિથ્યાત્વના આસ્રવરૂપે પરિણમે છે. ત્યારે પણ એની જે જ્ઞાનક્રિયા છે એ જ્ઞાનક્રિયારૂપે જ આત્મા પરિણમે છે. ખરેખર એ જ્ઞાનક્રિયાથી આત્મા અનન્ય છે અને હિંસાની ક્રિયાથી અન્ય છે પણ એને ખબર નથી. એના વિભાગની એને ખબર નથી. જુઓ! આમાં આવશે. જ્ઞાયકથી તો ભિન્ન છે. બેન! આમાં એક વિશેષતા છે. જ્ઞાયકથી તો હિંસાના પરિણામ ભિન્ન છે. પણ જે જ્ઞાયક તત્ત્વ આત્મા છે અને જ્ઞાનરૂપે પરિણમે છે એવા પરિણામી આત્માથી પણ આ પરિણામ જુદા છે (એનું ) એને ભાન નથી (એટલે) એકત્વ કરી લ્યે છે. એમ કહે છે. જુઓ! એવા આત્માનો અને, આહાહા! બે ક્રિયા થાય છે. આત્મામાં પણ જાણવાની ક્રિયા થઇ અને એક હણું એવી ક્રિયા થઇ. બે ક્રિયા વચ્ચેનો તફાવત એને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ખબર પડતી નથી. જુઓ, આમાં આવે છે, બધું આવે છે. સારું થયું આ ગાથા લીધી. સારું થયું. જુઓ! ફરીથી. લખી લ્યો પછી. આગળ આગળ ઉતાવળથી બોલી જાઉં છું. બાકી આમાં છે બધું. પામશે, પામશે બધા પામશે.

બે ક્રિયાનો તફાવત પાડી શકતો નથી. બે ક્રિયા થાય છે. એક જાણવાની ક્રિયા થઇ અને એક હનન ક્રિયા થઇ. એક ક્રિયાથી બીજી ક્રિયા જુદી છે. એને ખ્યાલ નથી આવતો. કેટલી સૂક્ષ્મ વાત કરે છે. બેનને હર્ષના આંસુ આવી ગયા. પામશે પામશે.

મુમુક્ષુ :- કેટલો અવસર છે દરેક સમયે અધ્યવસાન છે તોપણ જ્ઞપ્તિક્રિયાથી આત્મા અનન્ય છે.

ઉત્તર :- અનન્ય છે. એવો સુરક્ષિત રહી ગયો. જાણવાની ક્રિયા પણ થાય છે અને હનન ક્રિયા પણ થાય છે. સમય એક, ક્રિયા બે. અને બેય ક્રિયા જુદી જુદી છે.

મુમુક્ષુ :- જુદી ભાસતી નથી બસ.

ઉત્તર :- જુદી ભાસતી નથી. બસ. છે તો જુદી ક્રિયા. જ્ઞાનમાં હનન ક્રિયાનો અભાવ છે અને હનન ક્રિયામાં જ્ઞાનનો અભાવ છે. ઉપયોગમાં ક્રોધ નથી અને ક્રોધમાં ઉપયોગ નથી. એ વાત અહીં કરી. આ સમર્થ આચાર્ય છે હોં. બહુ સમર્થ. ઉપાયાંતર કરીને પણ આહા! ઉપાયાંતર થયા. જાણવાની ક્રિયાથી અનન્ય છે આત્મા.

**જ્ઞાનમયપણાને લીધે સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માને અને,** એક ક્રિયા કહી. સ્વભાવભૂત ક્રિયા તો કહી દીધી. આ સ્વભાવભૂત કિયા છે અજ્ઞાની પાસે. સ્વીકારતો નથી પણ સ્વભાવભૂત ક્રિયાનો અભાવ ન થાય. સ્વભાવભૂત ક્રિયાનો અભાવ ન થાય. જો સ્વભાવભૂત ક્રિયાનો અભાવ થાય તો આત્મા જડ થઇ જાય. જો જ્ઞાનની ક્રિયાનો તમે અભાવ કરી નાખો (તો આત્મા જડ થઇ જાય.)

મુમુક્ષુ :- જે સમયે હનનની ક્રિયા થાય છે તેમાં એકત્વ માને છે એ સમયે જ્ઞાનની ક્રિયાનો સદ્ભાવ છે.

ઉત્તર :- એ સમયે જ્ઞાનની ક્રિયા પણ થાય છે અને હનનની ક્રિયા પણ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્રનો અંશ છે તોપણ એક જ્ઞાન એવું અંદર રહી જાય છે જાણનક્રિયાનું. આહાહા! જો એને પકડી લ્યે કે આ ક્રિયા મારી અને આ ક્રિયા મારી નહીં. ખલાસ! બે ક્રિયા વચ્ચેનો તફાવત. અહીંયાં બે દ્રવ્યની દષ્ટિના વિષયની વાત નથી. જ્ઞેયપ્રધાન કથનમાં પણ ભેદજ્ઞાન છે. જ્ઞેયપ્રધાન કથનમાં પણ ભેદજ્ઞાન ભરેલું છે. એમ કહે છે.

એવા આત્માનો, પહેલાં કહી દીધું કે એનામાં જ્ઞાન થઇ રહ્યું છે. એવા આત્માનો અને એ આત્મા કેવો લીધો છે ઉપર? અધ્યવસાનવાળા જીવને એમ. એમ લીધું છે પાછું. જ્ઞાની નહીં.

એવા આત્માનો અને હવે આગળ. **રાગ-દ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો,** હવે આમાં રાગ-દ્વેષ લખ્યું ને? એમાં ઉદયમય ક્રિયા લખી. જ્ઞાનમાં ઉદયમય ક્રિયા નહોતી. સ્વભાવભૂત ક્રિયા હતી. આમાં ઉદય કહ્યો ઔદયિકી ક્રિયા છે ને? એટલે **રાગ-દ્વેષના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો,** જુઓ! હનનનું નીચે ઘણું ઉતાર્યું. **હનન=હણવું તે, હણવારૂપ ક્રિયા,(હણવું વગેરે ક્રિયાઓ રાગદ્વેષના ઉદયમય છે.)**

એ તો બરાબર છે. **આદિ ક્રિયાઓનો વિશેષ નહીં જાણવાને લીધે,** નીચે તફાવત. ભિન્ન લક્ષણ. નીચે છે વિશેષનો અર્થ. તફાવત બે વચ્ચે બે ક્રિયાઓનો તફાવત ખ્યાલ નથી. બેનો ખીચડો એકમેક કરી નાખે છે. એ બધી ક્રિયા જાણે આત્માની જ છે. આ જે બધી ક્રિયાઓ થાય છે એ ક્રિયાઓ આત્માની જ છે. અને આત્મા જ એને કરે છે. એ બે ક્રિયાને એકમેક કરે છે. બે ક્રિયાઓને એકમેક કરે છે. બે ક્રિયાઓ જુદી થાય છે એ ખબર પડતી નથી. તો તો જ્ઞાતા થઇ જાય. હં....

જ્ઞાનમાં આવી જાય ને કે હું તો જાણનાર છું, કરનાર નથી. હું તો જ્ઞાતા છું, કર્તા નથી. એ આપણે વખતો વખત કહીએ છીએ એ આ. **ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે.** લ્યો! ભિન્ન આત્મા એટલે આ જ્ઞપ્તિક્રિયા જે થાય છે એ મય જે આત્મા એ આત્મા જુદો. અને હનન આદિ જે ક્રિયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થાય છે એ જુદી ચીજ છે. એનો બેનો વિશેષ તફાવત જુદાઇ **આત્માનું અજ્ઞાન હોવાથી તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે.** આહાહા!

એટલે આ શું લીધું તે થોડું વધારે સૂક્ષ્મમાં આપણે જઇએ. ૫૦૦ પાના ઉપર છે ને? કર્મકૃત મિથ્યાત્વ આદિ ભાવોના જ્ઞાન સમયે જ્ઞેય અને જ્ઞાનનો તફાવત ખબર નથી એ. અને ૯૨-૯૩માં લીધી વાત કે રાગ-દ્વેષ સુખદુઃખના પરિણામ પુદ્‌ગલથી અભિન્ન છે. એની અનુભૂતિ આત્માથી અભિન્ન છે. બેય ભિન્ન ભિન્ન છે. એમ અહીં કહે છે કે અધ્યવસાન તો થઇ ગયું હતું. પણ એનામાં જે જ્ઞાન પ્રગટ થયું છે જ્ઞાન, હવે અધ્યવસાન પણ પ્રગટ છે. બેય પ્રગટ છે. હવે પછી જો એ જ્ઞાનને પકડી લ્યે તો અધ્યવસાન છૂટી જાય. અને એ જ્ઞાનને ન પકડતા અધ્યવસાનને પકડે છે. એટલે હવે એનું ફળ આવ્યું. ઓલી બે સ્થિતિ બતાવી. ઓલી બે સ્થિતિ બતાવી. સ્થિતિ બતાવી અને સ્થિતિનું ભેદજ્ઞાન નથી. બે વચ્ચેનો તફાવત જાણતો નથી માટે જ્ઞાનનું અજ્ઞાન થઇ ગયું. એટલે જ્ઞપ્તિક્રિયા અજ્ઞાનરૂપે પરિણમી ગઇ. મારું કહેવાનું એ છે. સમજયા પોઇન્ટ સૂક્ષ્મ? કે જ્ઞપ્તિક્રિયા તો છે અને ત્યાં હનન ક્રિયા છે. બે ક્રિયા તો છે. બે ક્રિયાનો પ્રતિભાસ જ્ઞાનમાં થાય છે. એવું જ્ઞાન પણ સ્વચ્છ છે. પણ એ બે ક્રિયા વચ્ચેનો તફાવત નથી એટલે અજ્ઞાન ઊભું કર્યું. અજ્ઞાન હવે આવ્યું. બે ક્રિયા જુદી પાડતો નથી. માટે તેને અજ્ઞાન કહ્યું. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન છે.

જુઓ! **ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન, (અશ્રદ્ધાન) હોવાથી તે (અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે.** લ્યો! બહુ સૂક્ષ્મ છે, હો! આહાહા! જે વખતે મિથ્યાત્વ છે તે વખતે ભેદજ્ઞાનની સ્થિતિ રહી ગઇ છે. તે વખતે ભેદજ્ઞાનની સ્થિતિ રહી ગઇ છે. એકત્વ માને છે પણ એકત્વ થયું નથી. એકત્વ માને છે એ તો બરાબર છે. પણ જ્ઞાન ને રાગ બેય એક થતાં નથી. અને જયારે એમ માને કે આ જ્ઞાન ને રાગ બેય એકત્વરૂપે છે ત્યારે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્ર ઊભું થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અનાદિનું નથી. અનાદિની સ્થિતિ પહેલાં તો બતાવી. બતાવીને એ વખતે પણ કહે છે કે જ્ઞપ્તિક્રિયા પણ એની પાસે છે. પણ એ બેનો તફાવત લક્ષણભેદ જાણતો નથી કે આ જ્ઞાનક્રિયા મારી અને હનનક્રિયા મારી નહીં વિભાવ છે, આ સ્વભાવ છે. સ્વભાવ ને વિભાવ બે ક્રિયા થાય છે. બે ક્રિયા વચ્ચેનો તફાવત પાડી શકતો નથી. હું તો જાણનાર છું. હું જાણનાર છું અને કરનાર નથી. બસ એટલું જ કરવાની જરૂર હતી. હેં? જે જાણવાની ક્રિયા થાય છે એ મારી અને જે આ રાગાદિની ક્રિયા થાય છે એ મારી નહીં. એનો હું જાણનાર એનો હું કરનાર નહીં. તો જ્ઞાનમાં આવી ગયો. કળથી સહેલું છે. કળથી સહેલું છે. બળ કામ નથી આવતું. આહા!

શું જંગલમાં રહીને મિથ્યાદષ્ટિને કહે કે તારે ગભરાવાની જરૂર નથી. તારામાં જ્ઞાન થાય છે એમ પકડી લે ને? હું 'રાગ થાય છે અને રાગને હું કરું છું' દષ્ટિ છોડી દે એના ઉપરથી. આહાહા! પણ સાહેબ! પણ મારામાં જાણવાની ક્રિયા થાય છે એમ હું લઉં તો પર્યાયદષ્ટિ થઇ જાઇશ તો? તો કહે નહીં થાય. નહીં થાય. હું તને કહું છું નહીં થાય. તું બીજાનું સાંભળમાં. અને ઉપાયાંતર બતાવું છું તને. જેમ જ્ઞાયકની દષ્ટિ થતાં અનુભવ થાય એમ જ્ઞાનની ક્રિયા પકડીને ઓલી ક્રિયાને છોડી દેશે તો જ્ઞાન અંતર્મુખ થઇ જશે જા. જ્ઞાન અંતર્મુખ જ થાય બેય ક્યાં જાય? દ્રવ્યમાં જ જાય. એને કરવાની બુધ્ધિ છોડી કરવાની બુધ્ધિ છોડી તો ચૈતન્યના વિલાસ સ્વરૂપ આત્માને જ ભાવું છું. આહાહા!

સાહેબ! આ જ્ઞાનની ક્રિયા મારી તો તો પર્યાયદષ્ટિ થઇ જાય? નહીં થાય પર્યાયદષ્ટિ. ક્યાં પર્યાયદષ્ટિ નવરી ક્યાં છે ભાઇ? જયાં ત્યાં જાય એમ નથી. તારે ત્યાં નહીં આવે જા.

મુમુક્ષુ :- જ્ઞાનને જાણતાં જ્ઞાની જણાઇ જાય.

ઉત્તર :- હં... એ. જ્ઞાનને જાણતાં જ્ઞાની જણાઇ જાય છે. કેમ? કે જ્ઞાન અને જ્ઞાની કથંચિત અભિન્ન છે. માટે જ્ઞાનને જાણતાં જ્ઞાયક જણાશે જ. જા. અમે તમને અનુભવી કહીએ છીએ તોપણ માનતા નથી? તમે જેનું તેનું પકડી રાખ્યું પર્યાયદષ્ટિ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાયદષ્ટિ. આને ફિરોઝાબાદમાં પૂછયું હતું કે પર્યાયને જાણતાં પર્યાયદષ્ટિ થાય? તો કહે ન થાય. છ વર્ષ પહેલાં.

મુમુક્ષુ :- જ્ઞાનને જાણતાં પછી જ્ઞાનમાં કયાં રહે છે? એ તો જ્ઞાયકમાં આવી જાય છે.

ઉત્તર :- જ્ઞાયકમાં જ આવી જાય ને! કેમકે જ્ઞાન અને જ્ઞાયક તો અભિન્ન છે. જ્ઞાનને જાણતાં જ્ઞાની એટલે જ્ઞાનવાન આત્મા જણાય છે. આહાહા! આ ગીરનાર ગયો ત્યારે ઉપાયાંતર શબ્દ વાપર્યો હતો. અત્યારે એ 'જવાહર' અવારનવાર યાદ કરે છે. ઉપાયાંતર શબ્દ તમે વાપર્યો હતો. અમીતગતિઆચાર્યની વાત હતી ને? ત્યારે કહ્યું હતું. જ્ઞાનને જાણતાં જ્ઞાની જણાય જાય છે. એટલે લોકોને એમ થાય કે જ્ઞાનની પર્યાયને જાણતાં જ્ઞાયક જણાય જાય તો કહે હા, જણાય જાય. લોકોને પર્યાયદષ્ટિ પર્યાયદષ્ટિ જ ગોખ્યે રાખ્યું છે. કાંઇ ખબર નથી. કઇ વિવિક્ષાનું કથન છે? શું અહીં સમજાવે છે? તને સહેલું કરીને બતાવે છે.

જ્ઞાયક તો, ખરેખર તો અજ્ઞાનીને જ્ઞાયકનો તો અનુભવ નથી. જ્ઞાયક તેને દેખાતો નથી. પણ જ્ઞાન દેખાય છે. જ્ઞાનનો અનુભવ છે. જો જ્ઞાનમાં આવી જશે તો જ્ઞાયકમાં આવી જશે. જ્ઞાન પ્રગટ છે. સ્વસંવેદનથી બધાને પ્રગટ છે. લક્ષણ બધાને પ્રસિદ્ધ છે, એ પ્રસાધ્યમાનત્વ થઇ જશે. લક્ષણવાળા લક્ષને પકડી લેશે. સમજમાં ન આવ્યું? ફરીને. થોડું આવ્યું? આવ્યું. થોડું. લક્ષણ છે ને? તારી પાસે લક્ષણ છે ને. જાણવાની ક્રિયા તો ચાલુ છે ને? તો જાણવાની ક્રિયાને તું પકડ. સમજયો? જાણવાની ક્રિયા મને જણાય છે એમ લે. ભાઇ જણાય છે એમ ન લે. જાણવાની ક્રિયા મને જણાય છે એમ લે. ભાઇ જણાય છે એમ ન લે. અને જે કાંઇ રાગ થાય છે સાંભળવાનો વિકલ્પ એ વિકલ્પ જુદો છે અને જ્ઞાનક્રિયા પણ જુદી છે. વિકલ્પ વખતે રાગની ક્રિયા વખતે જ્ઞાનની ક્રિયા જુદી છે. અને મને જ્ઞાનની ક્રિયા જણાય છે. રાગની ક્રિયાનો કરનારો છું એમ નથી જણાતું અને રાગ જણાય છે એમ પણ નહીં મને તો જ્ઞાન જણાય છે. જયાં જ્ઞાન જણાય છે તો જ્ઞાની જણાય જશે. આત્મામાં આવી જશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એની જ્ઞાનની દોરીએ દોરીએ ચાલ્યો જા. જ્ઞાનની દોરીએ દોરીએ (ચાલ્યો જા) જે પ્રગટ દોરી છે ને? ઉપયોગલક્ષણ. તો સીધો અંદર ચાલ્યો જાશે. ગુફામાં. અનુભવપ્રકાશમાં દીપચંદજીએ કહ્યું છે. અરે! એક ઉપયોગલક્ષણમાં આવી જાય તો બસ થઇ જશે. કેમકે લક્ષણ તો લક્ષને જ પ્રસિધ્ધ કરે છે. અલક્ષને પ્રસિધ્ધ નહીં કરે. ઉપયોગમાં તો ઉપયોગ છે પાછો. પાછો ઉપયોગમાં ઉપયોગ છે. એટલે એકલો ઉપયોગ ન જણાય. શું કહ્યું?

મુમુક્ષુ :- ઉપયોગમાં ઉપયોગ તો છે.

ઉત્તર :- એટલે એકલો ઉપયોગ નહીં જણાય.

મુમુક્ષુ :- કથંચિત અનન્ય તો છે ને?

ઉત્તર :- હં.. ઉપયોગમાં ઉપયોગ તો છે. નથી એમ થોડું છે? એ ઉપયોગમાં રાગ નથી. ઉપયોગમાં ઉપયોગ તો છે. આહાહા! સમજમાં આવ્યું કે નહીં? ઉપયોગમાં ઉપયોગ છે. એટલે કે જ્ઞાનમાં જ્ઞાયક છે. પ્રકાશમાં સૂર્ય છે. સૂર્યનો પ્રકાશ છે કે નહીં? તો પ્રકાશમાં સૂર્ય રહે છે કે નહીં? રહે છે. બસ. એમ.

મુમુક્ષુ :- પ્રકાશને જુએ તો સૂર્ય ન દેખાય? દેખાય જ એમ.

ઉત્તર :- પ્રકાશને તમે જુઓ. ઘટ પટને ન જુઓ. પ્રકાશને પકડો તો પ્રકાશક હાથમાં આવી જશે. કેટલું સહેલું કરી બતાવે છે. બે ક્રિયા વચ્ચેનું ભેદજ્ઞાન કરાવ્યું. આ બે ક્રિયા જુદી જુદી છે. જુદી જુદી પાડે તો જ્ઞાની થઇ જાય. અને જુદી પાડતો નથી માટે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર આવી ગયું. એકત્વ કર્યું.

મુમુક્ષુ :- બે કિયાના ભેદજ્ઞાનમાં પણ આત્મામાં આવી જાય.

ઉત્તર :- આત્મામાં આવી જાય. એવી વાત છે આ. કેમકે જ્ઞાયક તો એને અનુભવમાં છે જ નહીં પણ જ્ઞાન પ્રગટ અનુભવમાં છે. બધાને.

મુમુક્ષુ :- જ્ઞાનક્રિયા બધાને અનુભવમાં આવે છે, જાણવું જાણવું થાય છે.

ઉત્તર :- જાણવું જાણવું અનુભવમાં આવે છે. ક્રોધ વખતે, માન વખતે, માયા વખતે, દુઃખ વખતે. જાણનક્રિયા તો ચાલુ હોય છે ને? હેં? દુઃખ હોય, દુઃખ ન હોય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભૂખ લાગે, ભૂખ ન લાગે, વવાણીયા જાય કે ન જાય. અહીં આવે તો જ્ઞાન તો ચાલુ હોય ને? જ્ઞાન અટકે છે? વવાણીયા ગયા ત્યારે જ્ઞાન બંધ થઇ જાય છે? સિકોહાબાદ ગયા તો? જ્ઞાન ચાલુ હોય છે ને? અચ્છા. તો જ્ઞાનવાન આત્મા છે.

મુમુક્ષુ :- જ્ઞાનમયી છે.

ઉત્તર :- જ્ઞાનમયી છે. જ્ઞાનમયી શબ્દ પહેલો વાપર્યો હતો. આમાં પહેલો વાપર્યો છે. આ એક બોલ પૂરો થયો. ક્રિયા ક્રિયા વચ્ચેનો તફાવત, ભેદજ્ઞાન કરાવ્યું. બે ક્રિયા વચ્ચેનો તફાવત. એક ક્રિયા આત્માની છે, બીજી ક્રિયા આત્માની નથી. અનાત્માની છે. નીચે વાંચો. આ પારો રહી ગયો છે.

અહીં સંસ્કૃત ટીકાની અમને મળેલી હસ્તલિખીત તેમ જ મુદ્રીત પ્રતોમાં એક વાકય રહી ગયેલું લાગે છે. જેનો ગુજરાતી અનુવાદ લગભગ નીચે પ્રમાણે થાય. આ પહેલા પારાના ત્રણ વિભાગ છે. પહેલો વિભાગ પૂરો થયો. હવે પહેલા પારાનો બીજો વિભાગ. 'હું નારક છું' ઓમાં શું હતું? 'હું હણું છું' ઓમાં હતું 'હું હણું છું' આમાં આવે છે કે 'હું નારક છું' એમ. 'હું નારક છું' એની સામે જ્ઞાયકનો બોલ લેશે. આની સામે જ્ઞાયકનો બોલ લેશે. 'હું નારક છું, ઇત્યાદિ જે અધ્યવસાન મનુષ્ય છું, દેવ છું બધું લઇ લેવું. તે અધ્યવસાનવાળા જીવને પણ, લ્યો! અહીંયાં પણ (શબ્દ) વાપર્યો. ઓમાં પણ નહોતું. ચોથી લીટીમાં તે અધ્યવસાનવાળા જીવને, એમ. એમ હતું. હતું ને? જુઓ! હવે ઓલા જીવને જેમ હતું તેમ આ 'હું નારક છું' એવા જીવને પણ. એમ. બધામાં લઇ લેવું. જ્ઞાનમયપણાને લીધે સતરૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે. આહાહા! જુઓ! નિરપેક્ષ છે. પર્યાય પણ નિરપેક્ષ અને દ્રવ્ય પણ નિરપેક્ષ. ૧૧મી ગાથામાં જ્ઞાયકને નિરપેક્ષ લીધો અને ૧૩મી ગાથામાં બધા પરિણામને નિરપેક્ષ લીધા. બેમાં તફાવત છે. પર્યાયથી નિરપેક્ષ કહ્યો જ્ઞાયક ૧૧મી ગાથામાં. ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય.

મુમુક્ષુ :- ૧૧મી ગાથામાં દ્રવ્યને ભૂતાર્થ બતાવ્યો. ૧૩મી ગાથામાં પર્યાયને ભૂતાર્થ કહ્યું બસ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- હં... પર્યાયને ભૂતાર્થ કીધી, બસ. બેય સત્ છે. પરસ્પર નિરપેક્ષ છે. એટલે સત્. આમાં પણ સતરૂપ અહેતુક લીધું. ક્રિયામાં પણ સતરૂપ અહેતુક અને દ્રવ્યમાં પણ સતરૂપ અહેતુક. આહાહા! દ્રવ્યસત્, ગુણસત્ અને પર્યાય સત્ છે કે નહીં? એનો વિસ્તાર કરે છે. **સતરૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે.** 'હું નારક છું' તેની સામે. ઓલું દ્રવ્ય લીધું. નારકીનું લીધું દ્રવ્ય. અને આ પણ દ્રવ્ય લીધું. અસમાનજાતિ દ્રવ્ય લીધું. અને આ સ્વભાવ લીધો.

**જ્ઞાયક જ જેનો એક ભાવ છે.** આહાહા! ઓમાં? ઓમાં શું લીધું હતું? જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે. આમાં **જ્ઞાયક જ જેનો એક ભાવ છે.** આહાહા! પૂર્વાપર પર્યાયની મધ્યમાં રહેલો જે એક એ. ઇષ્ટોપદેશમાં લીધુંને ઇ. **જેનો એક ભાવ છે એવા આત્માનો અને કર્મોદયજનિત નારક આદિ ભાવોનો,** એ આત્મજનિત નથી. નર-નારક આદિ પર્યાય. **કર્મોદયજનિત નારક આદિ ભાવોનો વિશેષ નહિ જાણવાને લીધે,** તફાવત નહીં જાણવાને લીધે, **ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી,** નારકની પર્યાયથી જ્ઞાયકભાવ ભિન્ન છે. એ ભિન્ન નથી માનતો એ એનું અજ્ઞાન **હોવાથી તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે.** બે ભાગ થયા. ત્રીજો ભાગ. ત્રીજો ભાગ પૂરો કરી લઇએ.

**વળી 'આ ધર્મદ્રવ્ય જણાય છે' ઇત્યાદિ જે અધ્યવસાન છે,** જણાય છે જ્ઞાન અને ભાસે છે જ્ઞેય જણાય છે. એ ભ્રાંતિ. ૨૭૧માં જે ભ્રાંતિ લખી ને? એ વાત અહીંયાં છે. અહીંયાં જો પહેલામાં ક્રિયા લીધી, પર્યાય. બીજામાં લીધું દ્રવ્ય. ત્રીજામાં ગુણ લ્યે છે. જ્ઞાનગુણ અને જ્ઞેય. અહીં આમાં જ્ઞાનગુણ લેશે અને સામે જ્ઞેય લેશે. આત્મામાં જ્ઞાન નામનો ગુણ છે. અને છ દ્રવ્યમાં જ્ઞેય નામનો ગુણ છે. જ્ઞેય એનો સ્વભાવ છે. એ જ્ઞપ્તિક્રિયાની સામે કરોતિ ક્રિયા લીધી. હનન ક્રિયા. જ્ઞાયકની સામે નારક લીધું અને જ્ઞાનગુણની સામે જ્ઞેય લેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



**'આ ધર્મદ્રવ્ય જણાય છે' ઇત્યાદિ જે અધ્યવસાન છે, તે અધ્યવસાનવાળા જીવને પણ,** આ પણ ક્યાંથી કાઢ્યું? આમાં જે નીચે લખ્યું– પણ ક્યાંથી લીધું? એ આમાંથી લીધું. મૂળ 'પણ' અમૃતચંદ્રઆચાર્ય ભગવાનના ઓલામાં 'પણ' છે. એટલે બીજા ભાગમાં પણ 'પણ' લઇ લીધું. પહેલા ભાગમાં 'પણ' નથી. પહેલામાં હોય જ નહીં. પહેલામાં જરૂર નહીં. બીજા, ત્રીજામાં 'પણ' જોઇએ. તો **જીવને પણ, જ્ઞાનમયપણાને લીધે,** છે? ત્રણેયમાં જ્ઞાનમયપણું તો છે જ. **જ્ઞાનમયપણાને લીધે સતરૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે.** એ ગુણ લેવો. દ્રવ્ય, ગુણ અને પર્યાય. પહેલી પર્યાય લીધી, પછી દ્રવ્ય લીધું અને પછી ગુણ લીધો. દ્રવ્ય, ગુણ, પર્યાય જેનું એક રૂપ છે એવા આત્માનો અને જ્ઞેયરૂપ. જ્ઞાનગુણની સામે જ્ઞેય લીધું. જ્ઞાનની ક્રિયાની સામે જ્ઞેય ન લીધું. જ્ઞાનગુણની સામે જ્ઞેય લીધું. બેય એનો વસ્તુનો સ્વભાવ છે, ત્રિકાળ. એ ત્રિકાળ સ્વભાવ છે. આત્માનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ અને છ દ્રવ્યનો જ્ઞેયરૂપ ત્રિકાળ સ્વભાવ છે. એમ.

**અને જ્ઞેયમય,** જુઓ! જ્ઞેયમય એમ છે ને? **એવા ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે, ભિન્ન આત્માનું અદર્શન હોવાથી (તે અધ્યવસાન) મિથ્યાદર્શન છે અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી (તે અધ્યવસાન) અચારિત્ર છે, માટે આ સમસ્ત અધ્યવસાનો બંધના જ નિમિત્ત છે.** આ ધર્માદિ જણાય છે, અધ્યવસાન થઇ ગયું. જ્ઞાન જણાય છે એમ ન લેતાં જ્ઞેય જણાય છે. જ્ઞેયમાં હું પણાની બુધ્ધિ કરી. જ્ઞાનમાં હુંપણાની બુધ્ધિ કરે, જ્ઞપ્તિક્રિયામાં પણ હુંપણાની બુધ્ધિ કરે તોપણ જ્ઞાયકમાં આવી જાય. દ્રવ્યમાં હુંપણાની બુધ્ધિ કરે તો સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનગુણમાં અહમ કરે તો તો જ્ઞાયકમાં આવી જાય. જ્ઞપ્તિક્રિયાથી અભિન્ન છે. જ્ઞાયક તો અભેદ છે જ. અને જ્ઞાનગુણ, જો જ્ઞપ્તિક્રિયાથી અભેદ હોય તો જ્ઞાનગુણથી તો અભિન્ન હોય જ. અને જ્ઞાન તે હું ત્યાં જ્ઞાયક તે હું તે આવી ગયું. આહાહા! પર્યાયભેદમાં પણ અટકયો નહીં અને અહીં ગુણભેદમાં પણ અટકયો નહીં. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શું પણ આ જંગલમાં રહીને કેવું લખ્યું છે બંધ અધિકારમાં. બંધ કેમ થઇ જાય છે અને જો બંધ કેમ છૂટી જાય એ ખ્યાલમાં આવી જાય તો બંધ છૂટી જાય બસ.

મુમુક્ષુ :- આમાં જેમ મતાર્થીના લક્ષણ મતાર્થ જાવા કાજ કીધા તેમ આ બંધના લક્ષણો પણ બંધને જાવા કાજ કીધા.

ઉત્તર :- એમ જ છે. બંધનું સ્વરૂપ જાણી અને બંધનો ત્યાગ કરવો. આસ્રવનું સ્વરૂપ જાણી અને આસ્રવનો ત્યાગ કરવો. સંવર, નિર્જરા અને મોક્ષનું સ્વરૂપ જાણી અને તેને પ્રગટ કરવા, જ્ઞાયકનું સ્વરૂપ જાણી અને તેનો આશ્રય કરવો. ધર્માદિમાં જ્ઞેયમય લીધું. એ જ્ઞેયમય. આત્મા અહીંયાં જ્ઞાનમય છે.

મુમુક્ષુ :- જ્ઞાનમય આત્મા જ જ્ઞેય હોવા છતાં એ જ્ઞેયમય ધર્માદિને જાણે એ અધ્યવસાન છે.

ઉત્તર :- આત્મા જ જ્ઞેયમય છે. અઘરામાં અઘરું હતું એ પહેલું લીધું. હાર્ડ જે છે ને એ પહેલા ભાગમાં છે. બીજા બે ભાગ એટલા હાર્ડ નથી. સમજે તો. કેમકે અહીં જ્ઞપ્તિક્રિયા લીધી ને? પર્યાય. જ્ઞપ્તિક્રિયામાં આવી જાય તો જ્ઞાયકમાં આવી ગયો જા. પણ સાહેબ! આ જ્ઞાનગુણ છે એ તો ભેદ છે ને? ભેદના લક્ષે તો પર્યાયદષ્ટિ થાય. અરે! તું કાંઇ સમજતો નથી. જ્ઞાનગુણ અને આત્મા જુદા કયાં છે? એ તો સમજાવવા માટે ભેદકલ્પનાથી સમજાવે છે. જ્ઞાનગુણ અને આત્મા એક જ છે. જ્ઞાનગુણ કહો કે આત્મા કહો એક જ છે. જુદું કયાં છે? એ સર્વથા જુદું પાડી દીધું એણે.

મુમુક્ષુ :- એમ જુદું નથી. જેમ રાગ ભિન્ન છે એમ જ્ઞાનક્રિયા ભિન્ન નથી.

ઉત્તર :- એમ નથી. બીજા બોલમાં ઓલું જ્ઞેય લીધું અને અહીં જ્ઞાન લીધું. ઓલું જ્ઞેય એનો ત્રિકાળ સ્વભાવ લીધો, ગુણ. એટલે એનો અર્થ એમ કે એ નિમિત્ત નથી. એ ત્રણેકાળ જ્ઞેય છે. એમ લીધું ને? જેમ અહીં ત્રિકાળ સ્વભાવ જ્ઞાનગુણ લીધો એમ ત્યાં એનો જ્ઞેયસ્વભાવ ત્રિકાળ લીધો. નિમિત્ત તો ગાંડા નામ બગાડે છે બિચારાનું. છ દ્રવ્યોનું નામ જ જ્ઞેય છે. એટલે તો ત્યાં ગયા (સીમંધર ભગવાન પાસે) ત્યાં પણ જ્ઞેય આવ્યું અને અહીં પણ જ્ઞેય આવ્યું. સીમંધર ભગવાને પણ જ્ઞેય કહ્યું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને અહીંયાં આણે પણ જ્ઞેય કહ્યું.

આ વિચાર અત્યારે અહીં આવ્યો. આધાર મળી ગયો. મને આધાર જોઇતો હતો. આજ મળી ગયો. છએ દ્રવ્યો જ્ઞેય છે. પાઠ છે આ તો ચોખ્ખો. આઠ પ્રકારના કર્મ છે ને એ જ્ઞેય છે. નિમિત્ત નથી. પુદ્‌ગલ છે ને? ધર્મ, અધર્મ, આકાશ, કાળ, જીવ અને પુદ્‌ગલ. એ બધા જ્ઞેયમય છે. તેનું નામ નિમિત્ત નથી. નિમિત્ત તો બનાવે છે, મૂર્ખ, ગાંડા. અહીં સ્વભાવથી ભ્રષ્ટ થઇને રાગ ઉત્પન્ન થાય છે. તો જેના ઉપર લક્ષ થયું તેનું નામ નિમિત્ત અને આ નૈમિત્તિક. એ જો નિમિત્ત છે ને તે તેનો સ્વભાવ નથી છ દ્રવ્યનો, વિભાવ છે. જ્ઞેયસ્વભાવ છે. આ સારું થયું મને આધાર મળી ગયો.

મુમુક્ષુ :- કોઇ પણ દ્રવ્ય નિમિત્ત નથી. બધા જ્ઞેય છે.

ઉત્તર :- એ અહીં કહ્યું હતું. ઘણા વર્ષ પહેલાં. કોઇ સમજયું નહીં. એ આ નીકળ્યું છએ દ્રવ્ય જ્ઞેય છે. નિમિત્ત તો વ્યકિતગત અપેક્ષાએ છે. સમષ્ટિગતથી જુઓ તો જ્ઞેય જ છે. સ્વભાવદષ્ટિથી જુઓ તો જ્ઞેય જ છે. વિભાવદષ્ટિથી નિમિત્ત ભાસે છે.

મુમુક્ષુ :- નિમિત્ત ભાસે છે એ અજ્ઞાન છે.

ઉત્તર :- એ એનું અજ્ઞાન છે. છે જ્ઞેય.

મુમુક્ષુ :- નિમિત્ત બનાવે છે.

ઉત્તર :- હં... નિમિત્ત બનાવે છે. જ્ઞેય તો સ્વભાવ છે.

મુમુક્ષુ :- જ્ઞેય તરીકે જાણે તોપણ અજ્ઞાન છે તો નિમિત્ત તરીકે જાણે તો કેટલું મોટું અજ્ઞાન છે.

ઉત્તર :- જ્ઞેય તરીકે જાણે તોપણ અજ્ઞાન. કેમકે આ જ્ઞેય તો અહીંયાં (અંદરમાં) છે. બહુ સારું. આજે મને બહુ મઝા આવી ગઇ. આઠ કર્મ એ જ્ઞેય છે. જગતમાં બધું જ્ઞેય છે. કોઇ નિમિત્ત નથી. એ આમાંથી આજ નીકળ્યું. બીજા જીવો પણ જ્ઞેય છે. આમાં બધું લીધું છે. ધર્મ, અધર્મ આકાશ, કાળ, જીવ અને પુદ્‌ગલ. બીજા જીવો પણ બધા જ્ઞેયમાં જાય છે. ગુરુદેવ શેમાં જાતા હશે? (મુમુક્ષુ :- જ્ઞેયમાં.) આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



શાસ્ત્ર? એ જ્ઞેયમાં જ જાય. નિમિત્તમાં કાંઇ ન જાય.

આત્મામાં જ્ઞાનગુણ છે એમ છ દ્રવ્યમાં તેનો જ્ઞેયગુણ છે. (મુમુક્ષુ :- પ્રમેયત્વગુણ છે ને?) પ્રમેયત્વગુણ છે કે નહીં? હેં? એ. છતાં જ્ઞાનને જ્ઞેય ન બનાવે અને તેને જ્ઞેય બનાવે તો અધ્યવસાન મિથ્યાત્વ છે. એ કહેવું છે. અમને ધર્મદ્રવ્ય જણાય છે, બોલો. એમાં વળી જણાય છે એમ લખ્યું છે. જાણું છું એમ નથી લખ્યું. જાણું છું તોપણ અધ્યવસાન છે.

મુમુક્ષુ :- મને જણાય છે ને?

ઉત્તર :- મને જણાય છે એ. આમાં આજ વિચાર આવ્યો હતો. 'જો કુછ ઝલકતાં જ્ઞાનમેં વહ જ્ઞેય નહીં બસ જ્ઞાન હૈ' એ આમાં છે. એ આજે જ વિચાર ખૂબ આવ્યો હતો. સામે છે ને? બેઠો હોઉં ત્યારે. ઘરમાં જ મૂકયું છે તો તેનો ઉપયોગ તો થાય ને? પછી એના ઉપરથી, આના ઉપરથી ઘણા વિચારો આવ્યા. ૨૯૪ ગાથામાં છે ને? ઘડો પ્રકાશને પ્રસિદ્ધ કરે છે. પ્રકાશ ઘડાને નહીં. 'જો કુછ ઝલકતા જ્ઞાનમેં વહ જ્ઞેય નહીં બસ જ્ઞાન હૈ' પાછું સમ્યક્ એકાંત કર્યું.

મુમુક્ષુ :- બસ જ્ઞાન છે.

ઉત્તર :- બસ જ્ઞાન છે.

મુમુક્ષુ :- ફકત જ્ઞાન જ છે. કેવળ જ્ઞાન છે. માત્ર જ્ઞાન છે.

ઉત્તર :- માત્ર જ્ઞાન છે. ભલે જ્ઞેય ઝલકે પણ જણાય છે તે જ્ઞાન જ છે. એ એમાં છે. ભલે જ્ઞેયો ઝલકે. આ વાકયની ઉપરથી વિચાર આવ્યો. ભલે જ્ઞેયો જ્ઞાનમાં ઝલકે પણ એ જ્ઞાન જ છે. એ જ્ઞાનની સ્વચ્છતા જ એમાં પ્રસિદ્ધ થાય છે. જ્ઞેય પ્રસિદ્ધ નથી થતું. જ્ઞેય ઝલકે છે છતાં જ્ઞેય પ્રસિદ્ધ નથી થતું. સમજી ગયા?

મુમુક્ષુ :- જ્ઞાનની જ પ્રસિદ્ધિ છે.

ઉત્તર :- જ્ઞાનની જ પ્રસિદ્ધિ છે. જ્ઞેયની પ્રસિદ્ધિ નથી. હવે જ્ઞેય પણ જ્ઞાનને જ પ્રસિદ્ધ કરે છે. જે ઝળકયું ને તેમાં જ્ઞાનની પ્રસિદ્ધિ છે. કેમ? કે એને ઉલટી આની સ્વચ્છતાને જાહેર કરી. જો અહીંયાં સ્વચ્છતા ન હોત ને જ્ઞાન ન હોત તો એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આને જાહેર ન કરી શકત. લાકડાને જાહેર ન કરી શકે. એ જ્ઞાનને જાહેર કરે છે. એવી રીતે સ્ફટિકમણીની સામે લાલ ફુલ છે. એ લાલ ફુલ છે એ ફુલ સ્ફટિકની સ્વચ્છતાને જાહેર કરે છે. ફુલને નહીં અને ફુલની રતાશને પણ નહીં. ફુલને તો નહીં પણ ફુલની રતાશને પણ નહીં. ઉલટુ ફુલ અને ફુલની રતાશ સ્ફટિકમણીની સ્વચ્છતાને જાહેર કરે છે. કેવળજ્ઞાન લોકાલોકને જાહેર નથી કરતું (પણ) લોકાલોક કેવળજ્ઞાનને જાહેર કરે છે. આમાં દુનિયા ભૂલમાં રહી ગઇ.

કેવળી લોકાલોકને જાણે છે. કેવળી કહે છે કે લોકાલોક મારા જ્ઞાનને પ્રસિધ્ધ કરે છે. લોકાલોકને નહીં. મારી સ્વચ્છતાને જાહેર કરે છે.

મુમુક્ષુ :- આમાં અંતરમુખ થઇ જાય એવી વાત છે.

ઉત્તર :- આના ઉપરથી ઘણા વિચાર આવ્યા. એક લાઇન પહેલી છે ને. અમારે બીજું તો કાંઇ કામ છે નહીં. એક કામ તત્ત્વ ચિંતન ચાલ્યા કરે. દુકાને જાવાનું નથી. દાળનો વેપાર છે નહીં. આહાહા! પ્રકાશ, દીવાનો પ્રકાશ ઘટ પટને જાહેર નથી કરતો. ઉલટુ ઘટ પટ પ્રકાશને જાહેર કરે છે. જ્ઞાન જ્ઞેયને પ્રસિધ્ધ નથી કરતું જ્ઞેય જ્ઞાનને પ્રસિધ્ધ કરે છે, એમ. જ્ઞાન રાગને પ્રસિધ્ધ નથી કરતુ રાગ જ્ઞાનને પ્રસિધ્ધ કરે છે. જ્ઞાનની સ્વચ્છતાને.

મુમુક્ષુ :- એ પણ જ્ઞેયથી વ્યાવૃત થવાનો એક ઉપાય છે.

ઉત્તર :- ઉપાય છે. વ્યાવૃત થવાનો ઉપાય છે.

મુમુક્ષુ :- એમાં આવી જાય છે જ્ઞાન જણાય છે, પર જણાતું નથી.

મુમુક્ષુ :- હા, જ્ઞાન જણાય છે, પર જણાતું નથી. એમાં આવી ગયું. તો જ્ઞેય ઉપરથી લક્ષ છૂટી જાય છે અને જ્ઞાનમાં આવી જાય છે. થોડીક વાર જ્ઞાનમાં આવે તો જ્ઞાની થઇ જાય. થોડીક વાર જ્ઞાનમાં આવે તો જ્ઞાની થઇ જાય. અંતર્મુહૂર્ત આવવું જોઇએ. અંતર્મુહૂર્ત એ ધારા ટકવી જોઇએ. એ ધારા જે ઉપડી હોય ને એ ધારા ટકી જાય. ફરે નહીં તો જ્ઞાની થાય. ફરે તો વળી પાછો પુરુષાર્થ કરવો પડે. સમજમાં આવ્યું ને કાંઇક? તો ઠીક. 'જાણનાર જણાય છે' એ મહામંત્ર છે, અમોઘમંત્ર, રામબાણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઇલાજ. રામનું બાણ ખાલી ન જાય. એમ જાણનાર જણાય છે. આહાહા! અનુભવ જ થાય.

'જાણનાર છું અને જાણનાર જણાય છે' છું માં શ્રદ્ધાનું બળ આવી ગયું. અને જાણનાર જણાય છે તેમાં અંતર્મુખ થઇ ગયો. જ્ઞાનની પર્યાયનું કામ ચાલુ થઇ ગયું. શ્રદ્ધા મજબૂત થઇ ગઇ કે 'હું જાણનાર જ છું' એ શ્રદ્ધાનું કામ છે. અને જાણનાર જણાય છે એ જ્ઞાનનું કામ છે. પ્રોસેસ. પહેલો શબ્દ દ્રવ્યનો છે. બીજો પર્યાયનો નિશ્ચય છે. જાણનાર છું કહો કે જ્ઞાયક કહો તે દ્રવ્યનો નિશ્ચય અને જાણનારો જણાય છે એ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય થઇ ગયો. બે નિશ્ચય ભેગા થાય ત્યારે અનુભવ થાય. એક સમયમાં હોય બે સમય હોય તો ન કામ આવે. આ તો સહજ થાય છે. સહજ થાય છે. એને એ બેને ભેગું કરવાનો વિચાર નથી. જાણનાર જણાય છે એની મસ્તીમાં ને મસ્તીમાં... ગુરુદેવે ઘણું સહેલું કરી નાખ્યું. ઓહોહો! આ બંધ અધિકારમાં, કહેવાય બંધ અધિકાર. એમાં કેટલો માલ ભર્યો છે!

મુમુક્ષુ :- બંધ અધિકારમાં મુકત થવાનો માર્ગ બતાવ્યો છે. (હમણાં હું આજ બોલવાની હતી.) બંધ અધિકારમાં પણ મુકત થવાનું વિધાન લખ્યું છે.

ઉત્તર :- વિધાન છે. કહેવાય બંધ અધિકાર પણ વિધાન મુકત થવાનું છે. અને બંધ સિદ્ધ કરવા માટે શાસ્ત્ર નથી. (પણ) બંધનો અભાવ કેમ થાય એના માટે શાસ્ત્ર છે. અને એ પ્રતિજ્ઞાનું પાલન કર્યા કરે છે. બંધ અધિકારમાં પણ એણે પાલન કર્યું. ભેદજ્ઞાન બતાવ્યું ને? ત્રણ પ્રકારનું ભેદજ્ઞાન. દ્રવ્યથી દ્રવ્ય ભિન્ન, ગુણથી ગુણ ભિન્ન, પર્યાયથી પર્યાય ભિન્ન. ત્રણ પ્રકારે ભેદજ્ઞાન કરાવ્યા. દ્રવ્ય, ગુણ, પર્યાય. અહીંયાં દ્રવ્યગુણપર્યાય આત્માના અને ત્યાં દ્રવ્યગુણપર્યાય બીજાના. એમ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# વિડીયો પ્રવચન નં :- ૧૨૩
## સમયસાર ગાથા-૨૭૦, તા.૨૫/૨/૮૯

પહેલાં આમાં ક્રિયાની સાથે, જ્ઞપ્તિક્રિયાની સાથે રાગની ક્રિયાનું ભેદજ્ઞાન કરાવ્યું. બીજો પારો વાંચ્યો હતો તેમાં બે ભાવ વચ્ચેનું ભેદજ્ઞાન. એક જ્ઞાયકભાવ, આ બાજુ અસ્તિમાં જ્ઞાયકભાવ નાસ્તિમાં નારક આદિ જે પર્યાય એ પરભાવ. બે ભાવ. એક ક્રિયામાં ક્રિયા વચ્ચે ભેદજ્ઞાન, ભાવ ભાવ વચ્ચે ભેદજ્ઞાન અને ત્રીજામાં રૂપ રૂપ વચ્ચે ભેદજ્ઞાન. આત્માનું જ્ઞાનરૂપ છે. અને આ ધર્માદિ છે એ જ્ઞેયમય એવા આગળ અન્ય રૂપો છે જ્ઞેયરૂપ છે. અહીં જ્ઞાનરૂપ છે ઓલું જ્ઞેયરૂપ છે. એટલે ત્રણેયમાં શબ્દ જુદા જુદા વાપર્યા છે.

ક્રિયા ક્રિયા વચ્ચે ભેદજ્ઞાન, ભાવ ભાવ વચ્ચે ભેદજ્ઞાન અને રૂપ રૂપ વચ્ચે ભેદજ્ઞાન. જ્ઞાનરૂપ અને જ્ઞેયરૂપ. ઓલું જ્ઞેયરૂપ છે અહીંયાં જ્ઞાનરૂપ છે. પહેલો પારો પૂરો થયો એ અજ્ઞાનીની વાત કરી. હવે તે જ્ઞાની થાય છે તેની વાત કરે છે. **માત્ર જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી.** માત્ર આવા જીવોને જેમને આ અધ્યવસાનો એટલે પરની સાથે એકત્વબુધ્ધિરૂપ અભિપ્રાય અને પરિણમન જેનામાં વિદ્યમાન નથી

**તે કોઇક મુનિકુંજરો,** બધા મુનિકુંજરો ન લીધા. દ્રવ્યલિંગી અને ભાવલિંગીને જુદા પાડયા. આમ તો બધા મુનિકુંજરોને આ સ્થિતિ હોય છે. અધ્યવસાનનો અભાવ હોય છે બધાને. મુનિ કહો તો અધ્યવસાનનો અભાવ હોય તો જ મુનિ કહેવાય. પણ દ્રવ્યલિંગ અને ભાવલિંગ આ પંચમકાળમાં બે પ્રકાર છે. એમાં દ્રવ્યલિંગી ઝાઝા-ભાવલિંગી **તે કોઇક, કોઇક વિરલ.** કોઇક એટલે વિરલ. એટલે શબ્દ વાપર્યો તે જ કોઇક મુનિકુંજરો એટલે મુનિવરો. કુંજરનો અર્થ મુનિવરો. સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક કિયા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જુઓ! અહીંયાં શું વિશેષતા લીધી? ત્યાં જે શબ્દ હતા તે જ શબ્દ અહીં વાપર્યા. મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દષ્ટિ મુનિને જ્ઞપ્તિક્રિયા એક સરખી છે. ત્યાં અશુધ્ધક્રિયા શબ્દ ન વાપર્યો. વ્યવહારક્રિયા શબ્દ ન વાપર્યો. સામાન્યઉપયોગ શબ્દ ન વાપર્યો. જે શબ્દો મિથ્યાદષ્ટિમાં કહ્યા એ જ અહીંયાં કહ્યા. અહીંયાં કોઇ ભાવશ્રુત છે ને અતીન્દ્રિયજ્ઞાન છે ને શુધ્ધઉપયોગ થઇ ગયો ને એમ નહીં. આહાહા! અજ્ઞાનીને જેવી સત્રૂપ અહેતુક જ્ઞાનક્રિયા થાય છે એવી જ મુનિવરોને થાય છે. એક રાગાદિની સાથે એકત્વ કરે છે એટલે અધ્યવસાન થઇ ગયું. અને મુનિવરો પંચમહાવ્રતની ક્રિયા હોવા છતાં પણ તેની સાથે એકત્વબુધ્ધિ થતી નથી. એટલે અધ્યવસાનનો અભાવ છે. એટલે એને બંધ થતો નથી.

જુઓ! આમાં આગળ વાંચો. **સત્રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે.** અહીંયાં પણ સત્રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે. આહાહા! શબ્દોમાં કે અક્ષરમાં કાના-માત્રમાં કયાંય ફેર નથી. કેમકે અજ્ઞાનીને પણ જ્ઞાનની ક્રિયા થાય છે. જ્ઞાનીને પણ જ્ઞાનની ક્રિયા થાય છે. હવે જુઓ! એકને પરાશ્રિત છે અને એકને સ્વઆશ્રિત છે એમ ન લીધું. કેમકે તો સત્ સિધ્ધ ન થાય.

મિથ્યાજ્ઞાન ને વિશેષજ્ઞાન એમ કહે તો સત્ સિધ્ધ ન થાય સાપેક્ષ થઇ ગયું. સત્ એટલે ખલાસ! જાણવાની ક્રિયા જેનામાં થાય એ સત્ અને અહેતુક છે. એ આત્માને આશ્રયે થાય છે કે શાસ્ત્રને આશ્રયે થાય છે નિમિત્તના આશ્રયે એમ છે જ નહીં. જ્ઞાન બધામાં થાય છે. આહાહા! જરા જેટલો ફેર પાડયો નહીં.

આપણે આ થોડીક ચર્ચા થઇ હતી ને? ત્યાં શ્રવણબેલગોલામાં થોડી થઇ હતી. અને આમાં ગુરુદેવે સીધો આમ અર્થ કર્યો હતો. આ જે છે ને અહીંયાં પહેલા પારામાં એમાં સામાન્યજ્ઞાન નથી લીધું, નથી લીધું. મને ખબર છે. આ તો તમને કહેવાનો મારો આશય એ છે કે પહેલા પારામાં અજ્ઞાનીને જે જ્ઞાનક્રિયા થાય છે એવી જ જ્ઞાનક્રિયા સાધકને થાય છે. જ્ઞાનક્રિયામાં ફેર નથી. અને સાધકને શુભભાવ થાય છે અને સમ્યગ્દષ્ટિને પણ શુભભાવની ક્રિયા થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અહિંસાના પરિણામ લઇ લ્યો ને? બેયને અહિંસાના પરિણામ તો થાય. જીવને બચાવવાનો, દયાનો, કરુણાનો ભાવ આવે. અજ્ઞાનીને પણ આવે અને મુનિવરો પણ નીચે જોઇને ચાલે. એ પણ કરુણાનો ભાવ છે ને? છે છતાં, આહાહા! એક ક્રિયામાં મમતા કરી અને સ્વામિ થઇને કર્તાબુધ્ધિ કરે છે. એકતાબુધ્ધિ કરી લીધી એટલે જ્ઞાનનું અજ્ઞાન થઇ ગયું. પહેલા પારામાં એ જ્ઞાનનું અજ્ઞાન પછી કહ્યું. પહેલા જ્ઞાન જ થાય છે. પહેલાં પ્રત્યેક જીવમાં જ્ઞાનનો ઉત્પાદ થાય છે અને જ્ઞાનનું અજ્ઞાનત્વ કરે છે. પહેલા પારામાં સામાન્ય વાત કરી અને પછી એમ કહ્યું, આહાહા!

મુમુક્ષુ :- વિશેષ નહી જાણવાને લીધે.

ઉત્તર :- હં... વિશેષ નહીં જાણવાને લીધે. બેય તફાવત જુદી ચીજ છે. જ્ઞાનક્રિયા જુદી અને રાગાદિ ક્રિયા જુદી એનો તફાવત જેની દષ્ટિમાં આવતો નથી તે અજ્ઞાની થઇ જાય છે. એમ. એ જાણવાને લીધે, **વિશેષ નહીં જાણવાને લીધે, ભિન્ન આત્માનું અજ્ઞાન,** આત્મા રાગની ક્રિયાથી જુદો છે. જાણનક્રિયાવાળો છે એમ એને ખ્યાલમાં નથી આવતું. એનું નામ અજ્ઞાન છે. તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે એમ કહ્યું હતું. ઓહોહો! આ તો કોઇ શાસ્ત્ર છે! મિથ્યાદષ્ટિના જે શબ્દો વાપર્યા એ શબ્દો મુનિકુંજરોમાં વાપર્યા.

મુમુક્ષુ :- સ્વરૂપ તો બધાનું સરખું જ છે ને?

ઉત્તર :- સરખા છે. સ્વરૂપમાં કાંઇ ફેરફાર ન હોય. આહાહા!

મુમુક્ષુ :- આપે કહ્યું હતું અરિહંતના દ્રવ્યગુણપર્યાયથી આ જ્ઞપ્તિક્રિયા મળે છે. આ જ્ઞપ્તિક્રિયા અરિહંતથી મળે છે.

ઉત્તર :- હા, આ જ્ઞપ્તિક્રિયા અરિહંતથી મળે છે. જે અરિહંતની જ્ઞપ્તિક્રિયા છે એ જ મિથ્યાદષ્ટિની જ્ઞપ્તિક્રિયા છે. ચેતના બેય સરખી છે. ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ છે. એટલે શકિતએ તો મળે છે, વ્યકિતએ પણ મળે છે. આપણે હિંમતનગરથી આવતા આ વાત થઇ હતી. એ અત્યારે યાદ આવ્યું. આહાહા! આ કોઇ અલૌકિક શાસ્ત્ર છે. આત્મા અજ્ઞાની છે એમ ન લેવું આત્મા જ્ઞાનવાન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્વભાવથી જ્ઞાનવાન છે. અજ્ઞાન તો નવું ઊભું કરે છે. સ્વભાવથી કોઇ જીવ અજ્ઞાની નથી. સ્વભાવથી તો જ્ઞાનમય છે. જુઓ! આમાં પણ જ્ઞાનમય વાપર્યું અધ્યવસાન વખતે. આહાહા!

મુમુક્ષુ :- જ્ઞાનમયપણાને લીધે.

ઉત્તર :- જ્ઞાનમયપણાને લીધે. ચોખ્ખું છે. બધા આત્મા જ્ઞાનમય છે. એ જ્ઞાનનું અજ્ઞાન કરે છે, નજર પુણ્ય-પાપ ઉપર છે એટલે પુણ્ય-પાપમાં મમતા કરે છે, પુણ્ય-પાપનો સ્વામી બને છે કે એ મારું કર્મ અને હું એનો કર્તા. રાગની સાથે એકત્વ કરે છે. ઇચ્છાની સાથે, વિકલ્પની સાથે, પરદ્રવ્યની સાથે, પરભાવની સાથે. આહાહા! ઘડીકમાં કોઇ માને નહીં એવી વાત છે આ. માને તો એનું કામ થઇ જાય કે હું જ્ઞાનમય રહી ગયો છું? તો કહે હા. સ્વભાવથી જ્ઞાનમય છું? તો કહે હા. મારામાં અને સાધકમાં જ્ઞાનક્રિયા સરખી થાય છે? તો કહે હા. એને સમ્યગ્જ્ઞાન થયું અને અહીં મિથ્યાજ્ઞાન થાય એમ છે જ નહીં. બસ એ જાણવાના કાળે ભૂલે છે. રાગને જાણવાના કાળે હું રાગનો જ્ઞાતા છું, એમ આવવું જોઇએ એને બદલે હું રાગનો સ્વામી છું, કર્તા છું એમ આવે છે. પદાર્થના પ્રતિભાસમાં તફાવત છે. સંધ્યા!

એક રાગનો જ્ઞાતા બને છે અને બીજો રાગનો કર્તા માને છે. કર્તા પ્રતિભાસે છે. એ જ્ઞાનનું અજ્ઞાન કરે છે. જો રાગનો હું જ્ઞાતા છું તો જ્ઞાની થઇ જાય છે. ખરેખર તો રાગથી ભિન્ન આત્માનો જ્ઞાતા થાય છે. પછી સવિકલ્પદશામાં સાધક થઇને રાગનો જ્ઞાતા રહે છે. આ તો પહેલા સમજાવવા માટે કર્તા નથી પણ જ્ઞાતા છે એમ કહેવું પડે, પણ ખરેખર તો ત્યાંથી જ્ઞાતાની શરૂઆત થતી નથી. રાગથી ભિન્ન જ્ઞાયકને જાણે ત્યારે જ્ઞાતા થાય અને સવિકલ્પદશામાં રાગનો જ્ઞાતા. અને ઓલો રાગનો કર્તા માને. કર્તા પ્રતિભાસે છે.

મુમુક્ષુ :- એકને એકત્વ ભાસે છે, એકને ભિન્નત્વ ભાસે છે.

ઉત્તર :- ભિન્નત્વ ભાસે છે બસ. ભિન્નત્વ ભાસે તો મોક્ષમાર્ગ છે, ધર્મ છે. એકત્વ ભાસે તો અધર્મદષ્ટિ વિપરીતદષ્ટિ છે. દેહ ને આત્મા ભિન્ન છે છતાં માને છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક. એમ રાગ ને આત્મા ભિન્ન છે. આહાહા! ભિન્ન ભિન્ન છે. ભિન્ન છે નહીં ભિન્ન ભિન્ન છે. કળશટીકામાં આવ્યું હતું ને?

મુમુક્ષુ :- પરસ્પર ભિન્નતા છે.

ઉત્તર :- પરસ્પર ભિન્નતા છે. આહાહા! **જ્ઞાનમયપણાને લીધે,** ઓહોહો! અધ્યવસાનવાળા જીવને પણ જ્ઞાનમયપણું છે? તો કહે હા.

મુમુક્ષુ :- જ્ઞાનમયપણું તો સ્વાભાવિક છે.

ઉત્તર :- સ્વાભાવિક છે. અધ્યવસાન તો જુદી ચીજ છે. **મુનિકુંજરો (મુનિવરો), સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે. સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે.** ક્રિયા અને ભાવ બે લીધું. ક્રિયાની સામે ક્રિયા, ભાવની સામે ભાવ. અને સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે. જુઓ! અહીંયાં રૂપ વાપર્યું છે. ક્રિયા, ભાવ અને રૂપ ત્રણ શબ્દ વાપર્યા. પર્યાય, દ્રવ્ય અને ગુણ એવા ભિન્ન આત્માને, આહાહા! (સર્વ અન્ય દ્રવ્ય ભાવોથી જુદા આત્માને) જાણતા થકા, જુઓ! સ્વ પ્રકાશક આવ્યું. સ્વ-પર પ્રકાશક ન આવ્યું.

**આત્માને જાણતા થકા, સમ્યક્ પ્રકારે દેખતા થકા,** એટલે શ્રદ્ધા લીધી. જાણેલાનું શ્રદ્ધાન અહીંયાં પણ લીધું. અહીં પણ જાણેલાનું શ્રદ્ધાન આવ્યું. જાણેલાનું શ્રદ્ધાન. જાણવામાં એમ આવ્યું કે હું જ્ઞાનાનંદ આત્મા છું. આહાહા! જ્ઞાન જ મારી ક્રિયા છે. રાગાદિ મારી ક્રિયા નથી. **સમ્યક્ પ્રકારે દેખતા થકા,** એટલે કે શ્રદ્ધતા થકા અને **અનુચરતા થકા,** આચરણ. ચારિત્ર. **અને અનુચરતા થકા,** એને અનુસરીને ચરવું, લીન થવું, ચરતા થકા. **સ્વચ્છ અને સ્વચ્છંદપણે,** આહાહા! આ સમ્યગ્દષ્ટિ એ સ્વચ્છંદી છે. મિથ્યાદષ્ટિ જેમ સ્વચ્છંદી છે એમ સમ્યગ્દષ્ટિ પણ.

મુમુક્ષુ :- સ્વરૂપમાં સ્વચ્છંદ છે.

ઉત્તર :-હા, એમ જો આમાં સામર્થ્ય લખ્યું છે. **સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાન (અર્થાત્ સ્વાધીનપણે પ્રકાશમાન)** સ્વચ્છંદ એટલે સ્વાધીનપણે પ્રકાશમાન. એમ. જ્ઞાની પરાધીન નથી. **ઉદયમાન એવી અમંદ અંતર્જ્યોતિને,**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ચોથે, પાંચમે મંદ જયોતિ છે. ચોથે, પાંચમે ગુણસ્થાને છે ને એ મંદ છે. આ અમંદ છે. **અમંદ અંતજર્યોતિને અજ્ઞાનાદિરૂપપણાનો અત્યંત અભાવ હોવાથી,** એ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રનો સર્વથા અભાવ થઇ ગયો. ઉપશમ અને ક્ષયોપશમ નહીં. અભાવ. **અભાવ હોવાથી (અર્થાત્ અંતરંગમાં પ્રકાશતી જ્ઞાનજયોતિ જરા પણ અજ્ઞાનરૂપ, મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ નહીં થતી હોવાથી) શુભ કે અશુભ કર્મથી મુનિવરો ખરેખર લેપાતા નથી.**

મુમુક્ષુ :- મુનિવરો આટલું જ જાણે છે ને આટલું જ દેખે છે.

ઉત્તર :-આચરે છે અને એટલું જ દેખે છે, આ મુનિની ક્રિયા આટલી જ છે. આટલી જ ક્રિયા છે. મુનિવરો પાંચમહાવ્રતને કરતા નથી. પાંચમહાવ્રત આવે છે એને જાણવારૂપે પરિણમે છે. કે જે જ્ઞાનમાં આત્મા જણાય છે. સવિકલ્પદશા લેવી હોય તો આટલું લ્યો. સમજી ગયા? બાકી બીજું એથી વધારે કાંઇ છે નહીં. કર્તા બર્તા નથી. પાંચમહાવ્રતના પરિણામ આવે છે. પણ એને જાણે છે. એને જાણે છે એટલે? એ જણાય છે એમાં એવો આત્મા જણાય છે. એ પણ જણાય ને આત્મા પણ જણાય. સામર્થ્ય. સ્વભાવ તો આત્માને જાણે છે પણ સામર્થ્ય એનું છે સ્વપરપ્રકાશક. પણ પાંચમહાવ્રતના ર્ક્તા નથી. આહાહા! કરે કોણ?

મુમુક્ષુ :- કર્તા પણ નથી અને એકાંતે જાણતા પણ નથી.

ઉત્તર :- હા, એકાંતે જાણતા નથી.

મુમુક્ષુ :- એકાંતે જાણે તો અધ્યવસાન થાય.

ઉત્તર :- અધ્યવસાન થાય. એકાંતે જાણ્યું તે ઉપર આવી ગયું. ધર્માસ્તિકાયનું. મિથ્યા એકાંત થઇ ગયું એ તો. એ એકાંત થયું પણ મિથ્યા એકાંત છે. આત્માને જાણે છે એ સમ્યક્ એકાંત છે. આત્માને જાણતા જાણતા પરને જાણે છે એ અનેકાંત છે. એ પ્રમાણનું અનેકાંત. ઓલું અનેકાંત નય વિભાગનું એ જુદું. આજે શોભનાની સાથે વાત થઇ, બહુ પક્કડવાળી બાઇ છે. બહુ પકડે છે. આહાહા! નયસપ્તભંગી એટલે ખલાસ! પ્રમાણ સપ્તભંગી પરની વાત છે, જુદું પાડે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- દ્રવ્યની સિધ્ધિ તો નયસપ્તભંગીમાં છે. પ્રમાણ સપ્તભંગીમાં દ્રવ્યની સિધ્ધિ ન થાય.

ઉત્તર :- બિલકુલ ન થાય. ત્યાં સુધી તો અનંતવાર આવ્યો છે. પ્રમાણમાંથી નિશ્ચયનય કાઢે છે તે જિનવચનમાં કુશળ છે. એ વાકય સોનેરી છે. સોનેરી વાકય છે હો! હા. ખાણમાંથી સોનું નીકળે છે, મેલું સોનું ખાણમાંથી (નીકળે છે.) એ પ્રમાણનો વિષય છે. એમાંથી સોનું કાઢે છે અને અંદરથી શોધીને મેલ ફેંકી દયે છે. એ કુશળ છે. એમ પાણી મેલું થાય તેમાં ફટકડી નાખીને સ્વચ્છ પાણી ગ્રહણ કરે છે અને મેલનો ત્યાગ કરે છે એ કુશળ કહેવાય છે. એવી રીતે જ છે.

મને તો આ વિચાર આવ્યો કે સતરૂપ અહેતુક જ્ઞપ્તિક્રિયા બેયમાં એક સરખી છે. જરા જેટલો ફેર ન પાડયો. જરા પણ.

મુમુક્ષુ :- ખરેખર ફેર છે નહીં. ફેર જોવો એ જ અધ્યવસાન છે.

ઉત્તર :- ફેર નથી. (ફેર જોવે તો) અધ્યવસાન છે. અને બીજામાં પણ એમ જ લ્યે છે. નીચે ફુટનોટમાં. **જ્ઞાનમયપણાને લીધે સતરૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે.** મિથ્યાદષ્ટિમાં. અને આમાં શું લીધું? **સતરૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે.** ઓલા ફુટનોટમાં ત્રીજી લીટી. છે? મિથ્યાદષ્ટિમાં. છે? એ જ મુનિકુંજરોમાં લીધું. જુઓ! બીજી લીટી. **મુનિકુંજરોમાં સતરૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે.** એ જે ઓલી સતરૂપ અહેતુક જ્ઞપ્તિક્રિયામાં મળ્યું એમ આમાં મળે છે. જુઓ!

મુમુક્ષુ :- એમાં તો મળે જ. જ્ઞાયકભાવમાં તો બધાને મળે પણ જ્ઞપ્તિક્રિયામાં મળે છે બધાને.

ઉત્તર :- એ વિશેષતા છે. ઓમાં તો મળે જ. દ્રવ્ય અને ગુણ તો સરખા જ છે. પણ પર્યાયમાં ફેર છે. નથી ફેર. અરિહંતની પર્યાય અને તારી પર્યાયમાં ફેર નથી. ફેર માને તો મિથ્યાદષ્ટિ. ફેર કાઢી નાખે તો સમ્યગ્દષ્ટિ. આણે કીધું ને, કે શકિતરૂપે છે કે પ્રગટ? વ્યકિત છે પ્રગટ. અમને તો પહેલેથી આ બધું બેઠું છે પણ મૌન. તોપણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ખાનગીમાં બધું કહી દઇએ. તને પહેલેથી આવતું હતું. તને પણ પહેલેથી અંદરમાંથી આવતું હતું. અરિહંતના દ્રવ્યગુણપર્યાય-અમને પણ પહેલેથી.

મુમુક્ષુ :- ઉપયોગ લક્ષણ છે ને? સામાન્ય જ્ઞપ્તિ.

ઉત્તર :- સામાન્ય જ્ઞપ્તિ. ઉપયોગલક્ષણ છે. એ જો મલિન હોય તો તો જડ થઇ ગયું. લક્ષણ ક્યાં રહે?

મુમુક્ષુ :- (તો તો પછી) સાધન જ ન રહ્યું. આત્માને જાણવાનું.

ઉત્તર :- આ તો પ્રગટ સાધન છે. થયું? આમાં પણ આપણે મેળવ્યું ને? જ્ઞાયકમાં આવ્યું. હવે આપણે મેળવવાનું શું રહ્યું? રૂપમાં મેળવવાનું રહ્યું. બરોબર? ઓમાં પહેલાં ઉપર લીટી વાંચીએ. જ્ઞાનમયપણાને લીધે સતરૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે. આમાં શું છે? અને સતરૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે. આહાહા! જુઓ! ત્રણેયમાં સરખું છે. બેમાં તો સરખું હોય બધા હા પાડે. પણ ત્રીજામાં હા પાડે નહીં. હા પાડે તો કામ થઇ જાય.

'હું તો જાણનાર છું' આહાહા! જેમ અરિહંત ભગવાન જાણનાર એમ હું જાણનાર. જેમ સિધ્ધ ભગવાન જાણનાર એમ હું પણ જાણનાર જ છું. કરનાર નથી. આહાહા! પણ તમે ગૃહસ્થી છો અને કાંઇ ક્રિયા કરનાર નથી? તો કહે ના. હું તો જાણનાર છું. જાણવાની ક્રિયા નહીં? આત્મામાં જાણવાની ક્રિયા થાય છે. રાગ થાય એને પણ જાણે. રાગને કરે નહીં. આહાહા! (મુમુક્ષુ :- બહુ સરસ વાત છે!)

આ રીતે જો સ્વાધ્યાય કરે તો જીવ જ્ઞાની થઇ જાય. સંસારનો અંત આવી જાય. ત્રણેય બોલ સરખા. કોપી ટુ કોપી. એક કાનો-માત્રનો ફેર ન પાડયો એણે.

મુમુક્ષુ :- ફેર છે પણ નહીં.

ઉત્તર :- ફેર નથી. આહાહા! સમયસાર તો સમયસાર છે. બંધ અધિકાર. જ્ઞપ્તિક્રિયા સરખી. જ્ઞાનીની અને અજ્ઞાનીની જ્ઞપ્તિક્રિયા સરખી. તો તો બેય જ્ઞાની કહેવાય. એમ નથી. એ જ્ઞપ્તિક્રિયાને માનતો નથી. રાગની ક્રિયાને પોતાની માને છે. સમયે સમયે જ્ઞપ્તિક્રિયાને છોડી દયે છે. ઉદાસીન અવસ્થાનો ત્યાગ કરે છે અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગની ક્રિયા મારી, ક્રોધ મેં કર્યો, માન મેં કર્યું. આહાહા! મેં પણું સ્થાપે છે ને? રાગાદિમાં હું પણું મેં પણું સ્થાપે છે. એ ભૂલ થઇ ગઇ. પાછું શું લીધું? જાણવાની ક્રિયાથી અનન્ય આત્મા છે હોં. એવું લીધું છે. પ્રકારાંતર છે ને આ? જ્ઞપ્તિક્રિયાથી ભિન્ન આત્મા એમ નથી લીધું. જ્ઞપ્તિક્રિયાથી અનન્ય એવા આત્માનું આ રાગાદિથી ભેદજ્ઞાન કરતો નથી. એવું લીધું છે.

મુમુક્ષુ :- જ્ઞપ્તિક્રિયાને છોડે છે એટલે કે આત્માને જ છોડે છે.

ઉત્તર :- એવા આત્માનો. એમ. જ્ઞપ્તિક્રિયા જેમાં થાય છે **એવા આત્માનો એમ. અને રાગ-દ્વેષમયના ઉદયમય એવી હનન આદિ ક્રિયાઓનો વિશેષ નહી જાણવાને લીધે,** આહાહા! જુઓ! આખું અહીં જ્ઞેય લઇ લીધું. આખું અહીં જ્ઞેય લીધું. આ કોઇ અલૌકિક વાત છે. ઓલું તેની સાથે અભિન્ન ને આ જ્ઞેય આત્માની સાથે અભિન્ન. એની દષ્ટિ દ્રવ્ય ઉપર જ જાય.

મુમુક્ષુ :- બરાબર છે એકદમ. જ્ઞાનનું થવું પરિણમવું તે આત્મા જ છે.

ઉત્તર :- આત્મા છે. જ્ઞાનનું થવું પરિણમવું તે આત્મા જ છે. બોલો. ઉપાયાંતર છે. આ ગજબની ગાથા છે! એવી ક્રિયાથી અનન્ય અભેદ આત્મા એનો અને રાગાદિ ક્રિયાનો. એ જ્ઞેયનો વિભાગ પાડયો.

જુઓ! ફરીથી. પહેલો પારો. **જ્ઞાનમયપણાને લીધે સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માનો,** આખો આત્મા જેમાં જ્ઞાનની ક્રિયા થાય છે, દ્રવ્યગુણપર્યાય અભેદ. અભેદ પરિણામી આત્મા. પરિણામી આત્માનો અને પરિણામી પુદ્ગલ દ્રવ્યનો ભેદ. રાગાદિ ક્રિયા એ તો પુદ્ગલમાં જાય છે. જીવ અને અજીવનું ભેદજ્ઞાન થઇ ગયું. આહાહા! આ વાત એવી છે વિશાળ દષ્ટિ રાખવી જોઇએ. મધ્યસ્થતા અને વિશાળતા. એટલી પક્કડ કરી લ્યે કે જ્ઞાનની ક્રિયા ભિન્ન છે, ભિન્ન છે, ભિન્ન છે. દષ્ટિ નથી. દષ્ટિના વિષયની શ્રદ્ધાના વિષયની વાત છે. આ જ્ઞાન પ્રધાન કરીને પણ શ્રદ્ધામાં લઇ જાવું છે. એની સાચી શ્રદ્ધા ઉદય થાય છે. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બહુ મધ્યસ્થતા, વિશાળતા, કષાયની મંદતા અને શ્રીમદ્‌માં ચોથો બોલ આવે છે ને. જિતેન્દ્રિયપણું. ચાર બોલ છે. આ વિશાળતા છે ને આ મધ્યસ્થતા છે. ઓલું તું પકડી રાખમાં. તને તો તારે અનુભવ કેમ થાય એ જોવું છે ને? તારે બીજું શું કામ છે? તારે શું કામ છે? તારે પેટ ભરવાનું કામ છે ને? બીજું શું કામ છે? જે રીતે અનુભવ થાય એ રીતે કરી લે. ઓમ કે આમ. ઓમ કે આમ.

મુમુક્ષુ :- પ્રકારાંતર છે ને આ.

ઉત્તર :- ઓમાં પણ એમ જ છે. ઓમાં જ્ઞેય થાય ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આ જ્ઞેય થાય ત્યારે સમ્યગ્દર્શન થાય છે. ઓમાં પણ એમ છે. ઓમાં એકલા દષ્ટિના વિષયથી પર્યાય જુદી હોય અને જ્ઞેય ન થાય તો અનુભવ ન થાય. હાર પહેરવાનું સુખ છે. એકલા મોતી ને દોરા જુદા રાખો તો કામ ન આવે. અનુભૂતિ કહો કે આત્મા કહો. એક જ છે. એક ધ્યેયપૂર્વકજ્ઞેય થાય છે એ ચારે બાજુ નીકળે છે. આમાં ચોખ્ખી જ્ઞેયની વાત આવી ને?

દ્રવ્ય-ગુણ-પર્યાયવાળું જ્ઞેય. કાંઇ વિરોધ નથી. વિવિક્ષા ભેદ છે. સંધ્યા! વિવિક્ષાભેદ છે પણ ભાવભેદ કયાંય નથી. અવિરોધ છે. શાસ્ત્રમાં અવિરોધ છે. કોઇ ગાથાને બીજી ગાથા સાથે વિરોધ ન આવે. અવિરોધ છે. દષ્ટિના વિષયના પક્ષવાળાને આ ન બેસે. દષ્ટિનો વિષય હોય તો બેસી જાય. પણ દષ્ટિના વિષયનો કેવળ પક્ષ હોય એકાંત (એને ન બેસે.) આ બેસે કોઇ દિવસ એને? આ તો પર્યાય સહિતનું આવ્યું. પર્યાય સહિતનું તો મિથ્યાદષ્ટિ. અરે! છે નહીં મિથ્યાદષ્ટિ. જો તો ખરો.

એ ક્રિયામાં ભગવાનઆત્માના દર્શન થયા. એ જ્ઞપ્તિક્રિયામાં આત્માના દર્શન થઇ જાય છે. લે. જ્ઞપ્તિક્રિયામાં જ આત્મા જણાય છે. તું ક્રિયાને ઉડાડીશ તો તને આત્મા નહીં જણાય. ક્રિયાને ઉડાડીશ, જ્ઞાનની ક્રિયાને, (તો) આત્મા નહીં જણાય, લે. આત્માનો અનુભવ તો જ્ઞપ્તિક્રિયામાં થાય છે. અનુભૂતિમાં થાય છે. જ્ઞપ્તિક્રિયા કહો કે અનુભૂતિ કહો. આહાહા!

આ તો જયારે સ્વાધ્યાય કરવા બેસીએ છીએ ને! સમજી ગઇ તું? ત્યારે આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઘૂંટાયા જ કરે છે, ઘૂંટાયા જ કરે છે.

મુમુક્ષુ :- જાણે એમ લાગે કે આખા સમયસારમાં આ એક જ ગાથા છે. જેમાં બધી ગાથાઓ સમાયેલી છે.

ઉત્તર :- સમાયેલી છે. બંધ અધિકારનું સ્વરૂપ કેવું? ભાવબંધનું સ્વરૂપ તો પરાકાષ્ઠા. અને બંધથી કેમ મૂકાય એનો સહેલામાં સહેલો ઉપાય. સહેલામાં સહેલો. કેમ કે જ્ઞપ્તિક્રિયા તો અનુભવશીલ છે. જ્ઞાયક અનુભવમાં નથી, પ્રત્યક્ષ નથી. અને લક્ષણ તો પ્રત્યક્ષ છે. લક્ષ તો પ્રત્યક્ષ થાય છે. લક્ષણ તો જ્ઞપ્તિક્રિયા તો પ્રગટ છે. એ સ્વસંવેદનશીલ છે. બધાને અનુભવમાં આવે છે. ક્રોધ થાય તો જાણ્યું કોણે? જ્ઞપ્તિક્રિયાએ. માથુ દુઃખે છે તો જાણ્યું કોણે? જ્ઞપ્તિક્રિયામાં જણાય છે. આહાહા!

જાણનાર તે આત્મા છે. બસ. આહાહા! જેમાં જાણવાની ક્રિયા થાય તે આત્મા. આહાહા! જેમાં જાણવાની ક્રિયા થાય તે જ આત્મા છે. જાણવાની ક્રિયા જુદી અને આત્મા જુદો એમ છે નહીં.

મુમુક્ષુ :- જ્ઞાનનું થવું, પરિણમવું તે આત્મા જ છે.

ઉત્તર :- હં... જ્ઞાનનું થવું, પરિણમવું તે આત્મા જ છે.

મુમુક્ષુ :- સ્વસ્ય ભવનમ તુ સ્વભાવઃ

ઉત્તર :-એ વાત આવી. દેવલાલીમાં આવી હતી તે. ૭૧(ગાથામાં) છે ને? કાઢો તો. આપણે સમયસાર છે ને આ? સમયસાર ૭૧ (ગાથા) કાઢો. કર્તા-કર્મ અધિકાર. **'સ્વસ્ય ભવનમ તુ સ્વભાવઃ' 'સ્વસ્ય ભવનમ તુ સ્વભાવઃ'** સંસ્કૃતમાં છે. પહેલી લીટી ઉપર. એ જ ને? **'સ્વસ્ય ભવનમ તુ સ્વભાવઃ'** એનો અર્થ નીચે કર્યો છે. આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે, અને 'સ્વ'નું ભવન તે સ્વભાવ છે. 'સ્વ'નું ભવન. જ્ઞાનનું ભવન. જ્ઞાનનું થવું પરિણમવું તે આત્મા છે. આહાહા! બે ભાગલા પાડી દીધા હતા. આ આમ. મસ્તી ચડી જાય એ વખતે તો. એ જ વાત ફરીને અહીં કહે છે. એ જ વાત. વાંચી લઇએ.

**આ જગતમાં વસ્તુ છે તે સ્વભાવમાત્ર જ છે, અને 'સ્વ'નું ભવન તે**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**સ્વભાવ છે. (અર્થાત્ પોતાનું જે થવું-પરિણમવું તે સ્વભાવ છે); માટે નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે.** જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે. એ કાંઇ અનાત્મા નથી. આત્મા છે. પરિણમે છે, તમે માનો છો પરિણામી દ્રવ્યને? હા. શું વાત કરશ?

મુમુક્ષુ :- જ્ઞાનરૂપે પરિણમે તે આત્મા છે.

ઉત્તર :- હં.. તે આત્મા છે, એમ કહીએ છીએ. તું રાગરૂપે પરિણમે છે તેને તો અમે આત્મા કહેતા નથી. **અને ક્રોધાદિકનું થવું પરિણમવું તે ક્રોધાદિક છે.** જુદું પાડી દીધું. **અને વળી જ્ઞાનનું જે થવું પરિણમવું છે તે ક્રોધાદિકનું પણ થવું પરિણમવું નથી. કારણકે જ્ઞાનના થવામાં (-પરિણમવામાં) જેમ જ્ઞાન થતું માલુમ પડે છે તેમ ક્રોધાદિક પણ થતાં માલુમ પડતા નથી.** એમ. એટલે જ્ઞાન જે થાય છે ત્યારે આત્મા અજ્ઞાનરૂપે પરિણમતો નથી. જ્ઞાનરૂપે જ પરિણમે છે. એમ. અજ્ઞાનરૂપે પરિણમે છે ત્યારે જ્ઞાનરૂપે પરિણમતો નથી.એમ.

**અને ક્રોધાદિકનું જે થવું-પરિણમવું તે જ્ઞાનનું પણ થવું-પરિણમવું નથી, કારણ કે ક્રોધાદિકના થવામાં (-પરિણમવામાં) જેમ ક્રોધાદિક થતાં માલુમ પડે છે તેમ જ્ઞાન પણ થતું માલુમ પડતું નથી. આ રીતે આત્માને અને ક્રોધાદિકને નિશ્ચયથી એક વસ્તુપણું નથી.** બે ભાગલા પાડી દીધા. આહાહા!

**આ પ્રમાણે આત્મા અને આસ્રવોનો વિશેષ (-તફાવત) દેખવાથી જયારે આ આત્મા તેમનો ભેદ (ભિન્નતા) જાણે છે,** ભેદજ્ઞાન. **ત્યારે આ આત્માને અનાદિ હોવા છતાં પણ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એવી (પરમાં) કર્તાકર્મની પ્રવૃત્તિ નિવૃત્ત થાય છે; તેની નિવૃત્તિ થતાં અજ્ઞાનના નિમિત્તે થતો પૌદ્‌ગલિક દ્રવ્યકર્મનો બંધ પણ નિવૃત્ત થાય છે. એમ થતાં જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ સિદ્ધ થાય છે.** આહાહા!

જ્ઞાનમાત્ર! સમ્યક્ એકાંત. જ્ઞાનથી મોક્ષ થાય છે અને રાગથી મોક્ષ થતો નથી. અસ્તિ-નાસ્તિ અનેકાંત. એ વાત અહીંયાં કરી. જ્ઞપ્તિક્રિયાની સાથે ઓલું ૭૧ (ગાથા)નું

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મળી જાય છે. ૨૭૦ છે ને? હવે ભાવાર્થ :- ૨૭૦નો ભાવાર્થ છે.**આ જે અધ્યવસાનો છે તે,** અધ્યવસાનના પ્રકારો. કે કોને અધ્યવસાન કહેવાય, મિથ્યાત્વ કોને કહેવાય, અજ્ઞાન કોને કહેવાય. કે **'હું પરને હણું છું'** એટલે 'હું પરને મારી શકું છું' એવો અભિપ્રાય, મિથ્યાઅભિપ્રાય. **એ પ્રકારના છે.**

હવે બીજો. **'હું નારક છું' એ પ્રકારના છે તથા 'હું પરદ્રવ્યને જાણું છું'** ચોખ્ખો પાઠ છે. ઓમાં ધર્મદ્રવ્ય જણાય છે એમ હતું. આ કહે છે 'હું પરદ્રવ્યને જાણું છું' જુઓ! આહાહા! પણ પરદ્રવ્યને જાણવામાં આટલો બધો દોષ? પરદ્રવ્યને જાણવું એ તો સ્વભાવ છે. આખી દુનિયા આમાં ભૂલી છે. આખી દુનિયા આમાં ભૂલી છે. શાસ્ત્ર પાઠી પણ પરદ્રવ્યને જાણવું એ આત્માનો સ્વભાવ માને છે. કોઇ કાળે વ્યાવૃત્ત થઇને અંદરમાં નહીં આવે ઉપયોગ. આહાહા!

એ આજે શોભનાએ રાયચંદભાઇ નાઇરોબીવાળા અને ઓલા આપણા પંડિત વિંછીયાવાળા હિંમતભાઇ બે અને બીજા બે ત્રણ બહેનો હતા. એની વચ્ચે સોનગઢ ચર્ચા થઇ. એ કહે, જ્ઞાની કેમ થવાય એ પહેલું શીખો. જ્ઞાની થયા પછીની વાત ન કરો. જ્ઞાની થવાય કેમ? સાધક કેમ થવાય? એ શીખવા જેવું છે. અને જ્ઞાની થયા પછી શું? એ બે વચ્ચે આસમાન જમીનનો ફેર છે, મોટો ફેર છે. ઓછો ફેર નથી કહે. કેમ કે જ્ઞાની થયા પછી સ્વપરપ્રકાશકની વાત બધાય કરે છે. પણ જ્ઞાની કેમ થવાય? સ્વ-પરપ્રકાશકમાં થવાય કે સ્વપ્રકાશકમાં?

મુમુક્ષુ :- સ્વપ્રકાશકમાં જ થવાય.

ઉત્તર :- એ કોઇ જાણતું નથી. મને કહે ભાઇ તમે તો આ ગજબ વાત કરી નાખી. પરને જાણતો નથી એ તો ગજબ કરી. અહીંયાં (શાસ્ત્રમાં છે.) પણ મારું ઘરનું કયાં છે? ચોખ્ખું છે, અધ્યવસાન છે. પરદ્રવ્યને હું જાણું છું, મિથ્યાત્વનો દોષ છે. આ સમયસારની વાત છે.

મુમુક્ષુ :- સમયસાર પણ કોઇ સારી રીતે વાંચતું નથી. તેને વાંચે તો ખ્યાલમાં આવી જાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- ખ્યાલમાં આવી જાય. કે આ તો આમાં છે. આહાહા! આ લાલુભાઇના ઘરની કયાં વાત છે? ભગવાનના ઘરની વાત છે. ભગવાનની વાણીમાં આવ્યું છે, અધ્યવસાન.

મુમુક્ષુ :- ભગવાનની વાણીમાં જ આવ્યું છે. 'હું પરને જાણું છું' એ અધ્યવસાન છે.

ઉત્તર :- ભગવાનની વાણીમાં જ આવ્યું છે. એ જે ભગવાનની વાણીમાં આવ્યું એ કુંદકુંદભગવાને લખ્યું. હેં? અમૃતચંદ્રાચાર્યભગવાને ટીકા કરી. આપણી નજર ગઇ એના ઉપર. બસ. 'હું પરદ્રવ્યને જાણું છું' આ એ પ્રકારનું અધ્યવસાન છે. પણ 'મારું છું' અને 'જાણું છું' બેય સરખો ભાવબંધ, બેય સરખું પાપ. જૈનદર્શનની ખૂબી તો એ છે. કાંઇ ખ્યાલ આવ્યો?

કે 'હું પરને મારી શકું છું' એવો એક અભિપ્રાય. હું પરને મારી દઉં, હિંસા કરી દઉં, હું હમણાં પરનું ખૂન કરી દઉં. એવો કોઇને કષાયનો ભાવ આવી ગયો, એક. બીજો જીવ 'હું પરદ્રવ્યને જાણું છું, તો બેમાં વધારે પાપ કોને? સરખું પાપ છે. સરખું પાપ. મિથ્યાત્વનો દોષ, અધ્યવસાન. ઓલો કષાય જુએ છે, ચારિત્રનો કષાય જુએ અને ત્યાં ચારિત્રની મંદતા જોઇ. પરદ્રવ્યને જાણે ત્યારે. એ ચારિત્રના દોષની મંદતા અને તીવ્રતા જુએ છે, પણ બેયનો અભિપ્રાય સરખો છે. બેય એકત્વ કરે છે.

મુમુક્ષુ :- ઓલું રાગમાં એકત્વ કરે છે કે 'હું હણી શકું છું' અને દ્વેષમાં એકત્વ કરે છે અને ઓલું...

ઉત્તર :- એક ક્રિયામાં એકત્વ કરે છે અને ઓલા જ્ઞેયમાં એકત્વ કરે છે. બેય સરખા દોષ છે અધ્યવસાનના. આમાં ચોખ્ખું આવ્યું ને? ન આવ્યું આપણે હમણાં? હનન આદિ ક્રિયામાં એકત્વ કરે છે. અને ઓલા જ્ઞેયના રૂપમાં એકત્વ કરે છે. જ્ઞાનનું રૂપ અને જ્ઞેયનું રૂપ જુદું પાડતો નથી. ખ્યાલ આવ્યો? એટલે કે શ્રદ્ધાનો દોષ બહુ આકરો છે. આકરો શું? કઠિન. શ્રદ્ધાનો દોષ પહેલાં નીકળી જાય પછી ધીમે ધીમે ચારિત્રનો દોષ તો આસ્તે આસ્તે નીકળી જાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેમ વૃક્ષ છે ને વૃક્ષ. તો પવનનું વાવાઝોડું આવે તો વૃક્ષ એકદમ તૂટી જાય છે. તો વૃક્ષ તો નીચે પડી ગયું પણ પાંદડા તો લીલા, પાંદડા લીલા એટલે મૂળમાંથી પાણી જાતું નથી તો સૂકાઇ જાય છે. માથે વરસાદ પડે તો? તોપણ સૂકાય. જળમાંથી પાણીનો પ્રવાહ બંધ થઇ ગયો. એમ મિથ્યાત્વનો દોષ બહુ મોટો છે. ચાર ગતિના દુ:ખનું કારણ એ છે. ચારિત્રનો દોષ હોય છે તો બે, ચાર, પાંચ ભવ રખડે છે. બાકી તો મોક્ષ થઇ જાય છે.

'હું પરદ્રવ્યને જાણું છું' અને 'હું પરદ્રવ્યને હણી શકું છું' દુ:ખી કરી શકું છું. એ મિથ્યાત્વની અપેક્ષાએ સમાન દોષ છે. મિથ્યાત્વ ભાગલા પાડતું નથી કે આને ઓછું પાપ અને આને વધારે પાપ. એ તમે જોવો તો ચારિત્રના ખાતામાં જાય. એ જુદો વિષય. એ અલગ વિષય. આને હણવાનો તીવ્ર કષાય છે ખૂન કરવાનો. એને તીવ્ર કષાય નથી. ચારિત્રનો તીવ્ર કષાય નથી હું પરદ્રવ્યને જાણું છું એમાં.

મુમુક્ષુ :- શ્રદ્ધાનો દોષ તો બરાબર છે.

ઉત્તર :- હં... શ્રદ્ધાનો દોષ સરખો છે. આ કોઇ સમજતું જ નથી. શ્રદ્ધાના દોષને કોઇ દોષ જાણતું જ નથી. બધી ચારિત્રની વાત કરે. પાપ છોડવા ને પુણ્ય કરવા. બસ થઇ રહ્યું.

આ અંદરનો મર્મ અને ભ્રમ છે અંદરનો. અંદરનો મર્મ છે બધો. એ જ્ઞાની જયારે પાકે ત્યારે ખોલે છે. શ્રદ્ધાનો દોષ.

મુમુક્ષુ :- એમાં 'હું પરને હણું છું' એમાં કષાયમાં એકત્વ થયું.

ઉત્તર :- હા, કષાયમાં થયું.

મુમુક્ષુ :- અને 'હું પરને જાણું છું' એમાં જ્ઞેયના ભાવમાં એકત્વ થયું.

ઉત્તર :- એકત્વ થઇ ગયું. વિકલ્પ. એકત્વ થયું એટલે જ્ઞેયમાં એકત્વ ઓમાં ક્રિયામાં એકત્વ. હનન આદિ ક્રિયામાં એકત્વ થઇ ગયું ને? રાગની ક્રિયામાં. અને ઓલા જ્ઞેયભાવમાં એકત્વ થઇ ગયું. સંકરદોષ થઇ ગયો ને? જ્ઞેય-જ્ઞાયકનો સંકરદોષ. ભાવબંધની પરાકાષ્ઠા. ત્રીસ વર્ષ પહેલાં આ વાત કરી હતી. ભાવબંધની પરાકાષ્ઠા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે કહ્યું. કોઇ સમજયું નહીં. બહુ મનનપૂર્વક વાંચ્યું, અધ્યયન કર્યું. આહાહા!

'પરદ્રવ્યને હું જાણું છું' મિથ્યાત્વ. આહાહા! હણું છું અને જાણું છું બેય સરખું પાપ! કુંદકુંદઆચાર્યભગવાન કહે છે. સરખું પાપ લાગશે ત્યારે પરને જાણવાની રુચિ છૂટશે. ઓમાં તો બધાને હિંસા લાગે છે. આમાં ભાવહિંસા થાય તારી. ભાવમરણ થઇ ગયું. ભાવહિંસા થઇ ગઇ આ. ઓલો મરે કે ન મરે એ તો એના આયુષ્યે. પણ આણે કહ્યું કે હું આને મારી નાખું. તો તેને ભાવહિંસા તો થઇ કે નહીં એને? એના જીવમાં ભાવ હિંસા થઇ ગઇ. ઓલો મરે ન મરે એ તો એના આયુષ્ય આધીન છે. સમજી ગયા? ભાવહિંસા થઇ. આને ભાવહિંસા થઇ ગઇ. સંધ્યા! ભાવહિંસા. સમ્યગ્દર્શનનો ઘાત થઇ ગયો. બેન! સમ્યગ્દર્શનનો ઘાત. મિથ્યાત્વ થયું કે નહીં. તો ભાવહિંસા સરખી થઇ ગઇ.

શ્રધ્ધાગુણની પર્યાયની અપેક્ષાએ ભાવહિંસા સરખી છે. ત્યાં અત્યારે ચારિત્રના ભાગ નહીં પાડવાના. અત્યારે તો શ્રધ્ધાની પર્યાયની વાત ચાલે છે. મિથ્યાત્વ તો એક સરખું થયું ને? અધ્યવસાન લખ્યું છે. બેયમાં અધ્યવસાન શબ્દ છે. જાણું છું તેમાં પણ અધ્યવસાન અને હણું છું, મારું છું તેમાં પણ અધ્યવસાન શબ્દ વાપર્યો. શબ્દનો ફેર પાડયો નથી. આ કાંઇ સાધારણ વાત નથી. અમને અંદરથી નીકળી છે વાત, એ સાધારણ નથી. જીવના ભાગ્ય. નીકળી ગઇ છે. કોઇ પડખે ન મળે. એકલો બસ છે. મેરુ ડગે અહીંયાં ડગવાની વાત નથી. જગતને ફરવું પડશે. બસ.

આ કાંઇ નવી વાત નથી કરી મેં. આમ ઘણા વર્ષોનું ઘૂંટાયેલું હતું. આ આજ કાલની વાત નથી. પરદ્રવ્યને જાણું છું મિથ્યાત્વ છે. ૩૦ વર્ષ પહેલાં જયારે જાહેરમાં સ્વાધ્યાય કર્યો ત્યારે આ વાંચતા. આહાહા! બહુ પ્રમોદ આવ્યો. ભાવબંધની પરાકાષ્ઠા. ભાવહિંસા થઇ ગઇ ને? બેયને ભાવહિંસા થઇ ગઇ ને? બેયને સમ્યગ્દર્શનનો ઘાત થયો. હું પરને હણી શકું છું એવો અભિપ્રાય અને હું પરને જાણું છું. શ્રધ્ધાની પર્યાય તો વિપરીત થઇ ગઇ ને? વિપરીત. બેયમાં આત્મા જાણવામાં ન આવ્યો. એ દોષ થઇ ગયો. તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ન થયું તો પાપ થયું કે નહીં? એને ભાવહિંસા,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભાવમરણ. ભાવમરણનો અર્થ શું? સમ્યગ્દર્શન વીતરાગભાવ પ્રગટ થવો જોઇએ તે ન થયો. અને મિથ્યાદર્શન પ્રગટ થયું. તો તેનું નામ ભાવમરણ છે. ભાવમરણ, ભાવનું મરણ, ભાવનો નાશ. એટલે કે સંવરનો ઘાત સંવરનો ઘાત અને આસ્રવનો ઉત્પાદ. સમજાણું કાંઇ? સંવરનો ઘાત થયો ને? વીતરાગભાવ પ્રગટ ન થયો. રાગ થયો. સમ્યગ્દર્શન થવું જોઇએ (તે)ન થયું. મિથ્યાદર્શન થયું. સમ્યગ્જ્ઞાન થવું જોઇએ મિથ્યાજ્ઞાન પ્રગટ થઇ ગયું. સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થવું જોઇએ, અનંતાનુબંધી કષાય થઇ ગયો. ચારિત્રની સાઇડથી. મિથ્યાત્વ છે તો અનંતાનુબંધી થાય છે.

મુમુક્ષુ :- સેટીકાની ગાથામાં તો કહ્યું કે સ્વદ્રવ્યનો ઉચ્છેદ થઇ ગયો.

ઉત્તર :- હા, ઉચ્છેદ થઇ ગયો. એ આના કરતાં પણ કડક ત્યાં વધારે વાત છે. આના કરતાં. આણે તો અધ્યવસાન રાખ્યું. ત્યાં તો કહે એ સ્વદ્રવ્યનો ઉચ્છેદ થઇ ગયો જા. ખડી ભીંતને સફેદ કરે છે એલા ખડી જયારે ડબ્બામાં હતી ત્યારે ખડી સફેદ અને એ ચૂનો ભીંતને લાગ્યો તો ભીંત સફેદ. પણ ભીંત સફેદ તો ચૂનો કયાં ગયો? તો કહે, ગાયબ! આહાહા! આ ગાથા ૨૭૦ બહુ ઊંચી છે. અને આજે આપણે ચારે બાજુથી ખૂબ મેળવી, ખૂબ મેળવી, ઘોલન કરીને અધ્યયન કર્યું. ૭૧ (ગાથા)ની સાથે મેળવી, અરિહંતના દ્રવ્યગુણપર્યાયની સાથે મેળવી. ચારે બાજુથી મેળવી.

મુમુક્ષુ :- વિચારવા જેવી વાત છે કે હું પરને મારું છું કે જાણું છું એક સરખું પાપ છે.

ઉત્તર :- એક સરખું પાપ છે.

મુમુક્ષુ :- થોડી વિચારવા જેવી વાત છે.

ઉત્તર:- વિચારવા જેવી વાત છે. બહુ જ વિચારવા જેવી. આ શલ્ય કાઢવું મુશ્કેલ છે. પરને હું જાણતો નથી નિષેધ નહીં આવે. અનાદિકાળથી ઇન્દ્રિયજ્ઞાન પરને પ્રસિધ્ધ કરે છે. ઇન્દ્રિયજ્ઞાન. હવે હું પરને જાણતો નથી, ઓલો અનાદિનો અભ્યાસ ને અધ્યાસ થઇ ગયો છે. એની સામે તો એને બળવાન વીર્ય જોઇએ. કે હું પરને જાણતો જ નથી. કે કથંચિત જાણું ને, નહીં. સર્વથા જાણતો નથી. પરને જાણવું સર્વથા બંધ કર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એમ લીધું ને?

મુમુક્ષુ :-પર્યાયાર્થિક ચક્ષુ સર્વથા બંધ કર.

ઉત્તર :- અંદરમાં અનુભવ કરવો હોય તો આ રીત અને કળા છે. બાકી તો જેમ દુનિયા ચાલતી હોય તેમ ચાલવા દયો. હવે જુઓ ફરીથી.

**આ જે અધ્યવસાનો છે કે 'હું પરને હણું છું' એ પ્રકારના છે, 'હું નારક છું' એ પ્રકારના છે તથા હું 'પરદ્રવ્યને જાણું છું' એ પ્રકારના છે. તેઓ જયાં સુધી આત્માનો અને રાગાદિકનો.** જોયું? જ્ઞપ્તિક્રિયા ન લીધી. જ્ઞપ્તિક્રિયા સહિતનો આત્મા લીધો. **આત્માનો અને રાગાદિકનો, આત્માનો ને નારકાદિ કર્મોદયજનિતભાવોનો તથા આત્માનો અને જ્ઞેયરૂપ અન્યદ્રવ્યોનો ભેદ ન જાણ્યો હોય, ત્યાં સુધી પ્રવર્તે છે તેઓ ભેદજ્ઞાનના અભાવને લીધે,** આહાહા! બેય ચીજ જુદી જુદી છે. ભેદજ્ઞાન કરતો નથી. એના અભાવને લીધે **મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન, મિથ્યાચારિત્ર એવા ત્રણ પ્રકારે પ્રવર્તે છે, તે અધ્યવસાનો જેમને નથી તે મુનિકુંજરો છે, તેઓ આત્માને સમ્યક્ જાણે છે, સમ્યક્ શ્રધ્ધે છે અને સમ્યક્ આચરે છે, તેથી અજ્ઞાનના અભાવથી સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ થયા થકા કર્મોથી લેપાતા નથી.** લ્યો! થઇ ગયો આપણો સ્વાધ્યાય સરસ.

આ બેનને હમણાં થોડોક રસ લાગ્યો છે. દોઢેક વર્ષથી. જૈન છે સ્થાનકવાસી. બેંગલોર રહે છે. પ્રવીણભાઇના ઓળખીતા છે. પછી મેં મૂળમાં ભૂલ પુસ્તક આપ્યું. તો કહે કે આ પુસ્તક તો મારી પાસે છે. એટલે વાંચવાની એમને એ જાતની રુચિ થઇ છે. પછી તમારો ટાઇમ લઇને તમને મળવાની ઇચ્છા છે. એને પ્રવીણભાઇએ નામ આપ્યું હતું કે બેય વ્યકિતને મળજે.

પરને જાણતાં હિંસા થાય છે. ભાવમરણ. ભાવમરણ કહો કે સ્વની હિંસા કહો. મિથ્યાત્વ એટલે હિંસા થઇ ગઇ ને. મિથ્યાત્વની ઉત્પત્તિ તેનું નામ જ હિંસા છે. અમૃતચંદ્રાચાર્યભગવાને કહ્યું ને કે મિથ્યાત્વ નામના રાગની ઉત્પત્તિ થઇ એનું નામ હિંસા છે. લ્યો! સ્વહિંસા. કોઇને માર્યા નથી તોપણ હિંસા થઇ ગઇ. કોઇને માર્યા તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



નથી તો હિંસા કેવી રીતે થઇ?

મુમુક્ષુ :- પોતાને ન જાણ્યો.

ઉત્તર :- પોતાને ન જાણ્યો તો પાપ થયું. તો હિંસા થઇ ગઇ. પોતાને જાણવાનું બંધ કરી દીધું. બીજાને જાણવા ગયો. જે જ્ઞાન જેનું છે તેને ન જાણ્યું. અને જે જ્ઞાન જેનું નથી ઘડીયાલનું, એ તો અજ્ઞાન છે. છે કે નહીં અજ્ઞાન? જે જ્ઞાન જેનું છે તેને જાણવાનું છોડી દયે છે. અને જે જ્ઞાન જેનું નથી તેને જાણે. એ તો અજ્ઞાન થઇ ગયું. તેનું નામ જ અજ્ઞાન છે. બીજું કયું અજ્ઞાન? કોઇક વિરલા જ.

મુમુક્ષુ :- એમાં વિરલ લખે છે. મુનિઓમાં પણ કોઇક મુનિકુંજર.

ઉત્તર :- મુનિઓમાં વિરલ. મુનિઓમાં પણ એને આગળ વિરલ લખવું પડયું પંચમકાળમાં. ઓમાં તો કષાય લાગે. આપણે જૈન છીએ. કોઇને મારવાનો ભાવ ન હોય. આપણે જૈન છીએ દયાળુ હોય. એમાં તો એને ગુણ લાગે છે. દયાનો ભાવ હોય તો ગુણ લાગે છે. અને આ 'પરને હું જાણું છું' એમાં પાપ થાય છે એ કોઇને ખબર નથી.

મુમુક્ષુ :- ઉલટુ એમ કહે છે કે અમે પરને જાણીએ છીએ. એકત્વ નથી કરતાં. ખાલી જાણીએ છીએ બસ. એકત્વ નથી કરતાં.

ઉત્તર :- એકત્વ તો કરી લ્યે છે. શું? પરને જાણવાનું. પરને જાણું છું એ તો તારો સ્વભાવ છે એમ માન્યું ને? અભિપ્રાયમાં રાખ્યું ને? પછી શું?

મુમુક્ષુ :- ભાઇ! આ એકદમ અસાધારણ વાત છે.

ઉત્તર :- કુદરતી બહાર આવી. પંચમકાળમાં. પિતાનો વારસો....

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# પ્રવચન નં - ૫૫૮
# ઉપાદાન - નિમિત્તની ચર્ચા
## તાઃ- ૪-૮-૮૮

આત્માનું ઉપાદાન જાણવાનું છે. બે ઉપાદાન અલગ અલગ કામ કરે છે. એટલે કોઇ નિમિત્ત-નૈમિત્તિક સંબંધની જરૂર જ નથી. કાર્યની ઉત્પત્તિમાં નિમિત્ત અકિંચિતકર છે. લખશે- લખશે. આહાહા! અજબ-ગજબની વાત છે આ. હાથ હલે તે નૈમિત્તિક અને હાથ હલાવવામાં આત્મા નિમિત્ત એમ છે જ નહીં. બેમાં કોઇ નિમિત્ત નથી. બેય ઉપાદાન છે. છે કે નહીં ઉપાદાન? એક પુદ્‌ગલ ઉપાદાનપણે કામ કરે છે અને જીવ ઉપાદાનપણે જાણવાનું કામ કરે છે. ઉપાદાન એની સ્વશક્તિથી કાર્ય કરે છે ને? એમાં આત્મા નિમિત્ત ક્યાં છે? તો તો એક નિમિત્ત ને એક ઉપાદાન થશે. તો કર્તા-કર્મની ભ્રાંતિ થશે. બેય ઉપાદાન છે. ખલાસ! જ્ઞાતા થઇ ગયો. પણ બેય ઉપાદાન છે કે નહીં?

મુમુક્ષુ :- હા છે ને. બેય દ્રવ્ય જુદા જુદા છે કે નહીં?

ઉત્તર :- બેય દ્રવ્ય જુદા જુદા છે કે નહીં?

મુમુક્ષુ :- બેયની ક્રિયા જુદી જુદી થાય છે કે નહીં?

ઉત્તર :- થાય કે નહીં? જો તું. જો જરા! નિરાંતે વિચાર કર એમાં શું વાંધો છે? તો કહે, મડદું હાથ કેમ નથી હલાવતું? અરે! પહેલાં પણ હાથ નહોતો હલાવતો અને મડદું થાય ત્યારે પણ નથી હલાવતો. અત્યારે પણ મડદું જ છે. હાથ હલાવવા માટે મડદું જ છે. હાથ હલાવવાની આત્મામાં શક્તિ નથી. જાણવાની શકિત છે. આહાહા! બહુ પાછું ફરવું પડશે. બહુ પાછું ફરવું પડશે. એમ ને એમ હાથમાં આવી જાય રતન! સમ્યગ્દર્શનનું રતન હાથમાં એમ આવે નહીં.

એક ભાઇનો બહારગામથી કાગળ હતો. આજે એને પોસ્ટકાર્ડ લખ્યો. પૂછાવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે કે અહીંયાં સુધી તો આવી ગયા છીએ પણ હજી કાર્યસિધ્ધિ થતી નથી. તો અમે કયાં અટકયા છીએ એ કાંઇ તમારા ખ્યાલમાં આવે તો લખજો. હવે એ જીવ કયાં અટકયો હોય એ તો કાંઇ આપણને ખબર ન પડે. પછી એને એમ લખ્યું કે જીવને વ્યવહારનો પક્ષ અનાદિકાળનો છે અને વ્યવહારના પ્રકાર પુષ્કળ, ઘણા.

હવે એ વ્યવહારના પક્ષનો બળવાનપણે જયારે તમે નિષેધ કરશો, જયાં જયાં વ્યવહાર લાગે ત્યાં નિષેધ કરતાં જાવ. અને એ નિષેધની પરાકાષ્ઠા આવશે ત્યારે નિશ્ચય હાથમાં આવશે. વ્યવહારનો પક્ષ છે ને એટલે જ્ઞાનીઓ નિષેધ કરાવે છે. જ્ઞાનીઓ નિષેધ શું કામ કરાવે? નિષેધનો અર્થ તેના પ્રત્યે દ્વેષ નથી. પક્ષ છે એટલે રાગ છે એવું સ્વરૂપ નથી. વ્યવહારને કરે છે એવું સ્વરૂપ નથી માટે નિષેધ કરવા જેવો છે.

નિશ્ચયનય જે કહે છે એવું સ્વરૂપ છે. નિશ્ચયનય જેવું કહે છે એવું એનું સ્વરૂપ છે. અને વ્યવહારનય જેવું કહે છે એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. અન્યથા કથન કરે છે. આ તો આગમનું વચન છે. આહાહા! જેને પડી હોય એ પામે એવું છે. જેને કાંઇ પડી નથી. કલાક બે કલાક સાંભળી લીધું, કલાક વાંચી લીધું. સંતોષ! આહાહા! બહુ મંથન માગે છે ઉંડાણથી. જુઓ! આ વિષય અત્યારે લઇ લઇએ. ટાઇમ થઇ ગયો છે.

પોતાનો શુધ્ધાત્મા પણ ઉપાદાન છે અને શરીર પણ ઉપાદાનપણે છે. બેમાંથી કોઇને પણ તું નિમિત્તપણે ન જો. બેયને ઉપાદાનપણે જો તો આખો બે વચ્ચેનો સંબંધ તૂટી જશે. મોદી સાહેબે પ્રશ્ન પૂછયો હતો ને? કે આ તમે શું વાત કરી જગતમાં કોઇ નિમિત્ત જ નથી. મેં કીધું ના, કોઇ નિમિત્ત જ નથી. બધા ઉપાદાન છે. હવે એનો અત્યારે આપણે આ દષ્ટાંતથી વાતચીત કરીએ છીએ.

આ હાથ હલે છે. તો હલે છે તો એ એની ઉપાદાનની શકિતથી હલે છે. તો એમાં આત્મા તો નિમિત્ત છે. કે ના... આત્મા નિમિત્ત નથી. કેમ કે, આત્મા તો પોતે ઉપાદાન છે. ઉપાદાન નિમિત્ત ન થઇ જાય. ઉપાદાન પોતે નિમિત્ત ન થાય. ઉપાદાન ઉપાદાનપણે રહે. હવે એ ઉપાદાન પોતાના કાર્યમાં કોઇ નિમિત્તની અપેક્ષા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જેમકે આત્મા ઉપાદાન છે. તો એમાં જાણવાની ક્રિયા થાય છે. એમાં નિમિત્તની કાંઇ જરૂર ન હોય. ઉપાદાનને કોઇ નિમિત્તની જરૂર ન હોય.

ચૈતન્યઅનુવિધાયી પરિણામ ઉપયોગ સમયે સમયે જાણવાની ક્રિયા થાય છે એ એના ઉપાદાનથી થાય છે કે નિમિત્તથી થાય છે? કે જ્ઞાન શાસ્ત્રથી થાય છે કે આત્માથી થાય છે? આત્માથી જો જ્ઞાન થતું હોય તો એને નિમિત્તની અપેક્ષા નથી. અકિંચિત્તકર છે. અને શાસ્ત્રના પાના ફરે છે એ એના ઉપાદાનથી ફરે છે. એમાં હાથ પણ નિમિત્ત નથી અને જીવ પણ નિમિત્ત નથી અને જીવના ભાવ પણ નિમિત્ત નથી.

કેમ? કે શાસ્ત્ર પોતે ઉપાદાન છે કે કેમ? ઉપાદાન એટલે સ્વશક્તિ. એ પુદ્‌ગલ છે, પુદ્‌ગલની અવસ્થા છે. આ છે ને પાના એ પુદ્‌ગલની અવસ્થા છે. તો જો પુદ્‌ગલ છે એ ઉપાદાન છે તો ઉપાદાન છે તો એ સ્વયં પરિણમે છે કે કોઇ પરિણમાવે ત્યારે પરિણમે? સ્વયં પરિણમે છે. એનામાં પરિણામ નામની એક શક્તિ છે એ કાગળમાં. પૂર્વ પર્યાયનો વ્યય અને ઉત્તરનો ઉત્પાદ એવી સ્વશક્તિ છે. તેથી પાના પાનાથી ફરે છે. ઉપાદાન એનું કાર્ય કરે છે. આત્મા જોડે ઊભો છે એ જાણે છે કે આ ઉપાદાને કામ કર્યું. એમ. પાનું ફર્યું. મેં ફેરવ્યું નહીં. પાનું ફર્યું એમ જ્ઞાનમાં જણાય છે. એ આત્માને જાણતાં જાણતાં. એમ. પણ એ પાના ફરવામાં એને કોઇની અપેક્ષાની જરૂર નથી. એના પરિણમનમાં ઉત્પાદ્‌વ્યયધ્રુવયુક્તમસત્‌. ઉત્પાદ અને વ્યય પર્યાયનો થાય છે, છએ દ્રવ્યનો. નિમિત્તથી નિરપેક્ષ થાય છે.

જો બે ઉપાદાન તમે જાણશો કે હાથ હલે છે, તો કહે કે ઉપાદાનથી હલે છે. એ એના ઉપાદાનથી હલે છે. અને ત્યારે એ પુદ્‌ગલનું ઉપાદાન છે તો હાથ હલે છે. અને હવે હાથ આમ રહ્યો એ ઉપાદાનથી સ્થિર થયો છે. હલે છે તોપણ તેનાથી અને સ્થિર થાય તોપણ એનાથી. હું તો જાણનાર છું. એ ઉપાદાન કહ્યું. હવે અહીંયાં આ ઉપાદાન છે આત્મા. આત્મા ઉપાદાન શું કરે? આત્મા જાણે. જાણવાની જ ક્રિયા કરે. એમાં હાથ હલે તો જાણવાની ક્રિયા થાય તો તો ઉપાદાન ન રહ્યું. પરાધીન થઇ ગયું. બે ઉપાદાન કરો તો ભેદજ્ઞાન થઇ ગયું. બે ઉપાદાન કરો તો ભેદજ્ઞાન થઇ ગયું. હવે આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



સ્થૂળ વાત કરી. સૂક્ષ્મ વાત કરવી છે હવે.

આ પરદ્રવ્યની ક્રિયા થઇ અને આ સ્વદ્રવ્યની જાણવાની ક્રિયા થઇ અને આ પરદ્રવ્યની ક્રિયા થઇ કે નહીં? બે ઉપાદાન છે ને જુદા જુદા? હેં? બેમાંથી કોઇ નિમિત્ત છે?

મુમુક્ષુ :- નહીં. બેય ઉપાદાન છે.

ઉત્તર :- બેય ઉપાદાન સિદ્ધ થઇ ગયા. છએ દ્રવ્ય ઉપાદાનરૂપ છે કે નહીં? કે છએ દ્રવ્યમાં કોઇ નિમિત્ત છે?

મુમુક્ષુ :- કોઇ દ્રવ્ય નિમિત્ત નહીં. ભાઇ!

ઉત્તર :- હવે અંદરમાં જે રાગ થાય છે. રાગ થાય, દ્વેષ થાય એ ઉપાદાન છે, પરદ્રવ્ય છે. એ રાગની ક્રિયા ઉપાદાનથી થાય છે, ક્ષણિક ઉપાદાનથી. અને અહીંયા ક્ષણિક ઉપાદાનમાં જ્ઞાન થાય છે. બેય ઉપાદાન છે. રાગમાં નિમિત્ત નથી. જીવ કારણ નથી, જીવ કર્તા નથી. કેમકે રાગની જે પર્યાય થાય છે એના કારણ-કાર્ય એમાં છે, કર્તા-કર્મ પણ તેમાં છે. કેમકે ઉપાદાન છે. રાગને ઉપાદાનપણે જુઓ! અને જાણનાર જુદું ઉપાદાન છે. બેય ઉપાદાન અલગ છે. બે થઇને એક ઉપાદાન કયાં છે? બેયમાં એક નિમિત્ત, નિમિત્ત નથી. બેય ઉપાદાન છે.

એક ત્રિકાળ ઉપાદાન એક ક્ષણિક ઉપાદાન. ઉપાદાનના બે પ્રકાર છે. બહારના ઉપાદાન તો છે. હવે આપણે અંદરમાં આવ્યા. કે રાગ થાય છે તેનો કર્તા કોણ? કાર્ય તો થયું. એનું ઉપાદાન કારણ કોણ? ઉપાદાન કારણ ક્ષણિક અશુદ્ધ ઉપાદાન એ એનું કારણ. હવે જો ઉપાદાન એનું કાર્ય કરે છે તો એમાં આત્માએ શું કર્યું. તો કહે છે આત્માએ જાણવાનું કામ કર્યું એ એના ઉપાદાનમાં કાર્ય થયું. ઓલું ઉપાદાન એનું છે ત્યાં રાગનું કાર્ય થયું. ક્ષણિક ઉપાદાન. અને કર્મના સંયોગથી જુઓ તો તે કર્મના પરિણામ છે. ક્ષણિક ઉપાદાનથી જુઓ તો તે પર્યાયનું કામ છે.પર્યાયનું કાર્ય પર્યાયમાં થાય છે. એમાં એનો કર્તા આત્મા નથી.

આત્મા કર્તા હોય તો બે ઉપાદાન એક થઇ જાય છે. તો એકત્વબુદ્ધિ થઇ ગઇ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આત્મા રાગને કરે એ બે ઉપાદાન વચ્ચે ભિન્નતા ન જોઇ. એકત્વ કર્યું એણે. સ્વભાવ ને વિભાવ. આત્મા ને આસ્રવ એક માન્યો તો અજ્ઞાની થઇ ગયો. માટે આત્મા રાગનો કરનાર નથી. કાં તો ક્ષણિક ઉપાદાનથી થાય છે અને કાં પુદ્‌ગલના સંગે થાય છે. માટે કર્મજન્ય છે.

એટલે એણે કર્મના ત્રણ ભાગ પાડયા. ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મ. કહ્યું ને? કર્મના ત્રણ પ્રકાર. એમાં ભાવકર્મ પણ કર્મનો પ્રકાર છે. જીવનો પ્રકાર નથી. જીવ ઉપાદાનપણે છે અને કર્મ પણ ઉપાદાનપણે છે. કર્મના ત્રણ પ્રકાર ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મ. એ ઉપાદાન છે. પુદ્‌ગલ છે કે નહીં? એ નિમિત્ત કયાં છે? અને અહીંયાં પણ ઉપાદાન છે. આ નિમિત્ત કયાં છે. બેય ઉપાદાન જોશો તો એકતાબુધ્ધિ તૂટી જશે. બે વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જોશો તો રાગનો આત્મા કર્તા બનશે. કર્મનો ઉદય નિમિત્ત અને હું તેમાં જોડાઉ છું માટે નૈમિત્તિક રાગ. તો આત્મા રાગનો કર્તા થઇ ગયો. આમાં તમે ભેદજ્ઞાન કયાં કર્યું?

ભેદજ્ઞાનમાં બેય ઉપાદાન છે. હવે આપણે રાગને ઉપાદાનપણે હમણાં સ્થાપ્યું. હવે હજી ઊંડાણમાં જાવું છે. હજી અંદરમાં બીજું. કે આત્માનું જ્ઞાન થયું. આત્માના જ્ઞાનની પર્યાય થઇ. તો એ પર્યાય આત્માથી કયાં થાય છે. કેમકે એ ઉપાદાન છે. એક ઉપાદાન બીજા ઉપાદાનને ન કરે. ક્ષણિક શુધ્ધ ઉપાદાન. ક્ષણિકના બે ભેદ. એક શુધ્ધ ઉપાદાન અને એક અશુધ્ધ ઉપાદાન. ઉપાદાન એટલે સ્વશકિત. ઉપાદાન એટલે સ્વશકિત. આહા!

એક ભાઇને આજે કાગળ લખ્યો કે જયાં સુધી વ્યવહારનો નિષેધ પરાકાષ્ઠાએ નહીં આવે ત્યાં સુધી નિશ્ચય પ્રાપ્ત થશે નહીં. રાગનો કરનાર આત્મા હોય તો જેટલી ડીગ્રીમાં પહેલાં સમયે રાગ થયો એટલી ડીગ્રીમાં કાયમ થવો જોઇએ. રાગે ડીગ્રી ફરી જાય છે. ઘડીકમાં કષાયની તીવ્રતા, ઘડીકમાં મંદતા. આત્મા કર્તા હોય તો સરખો ભાવ થવો જોઇએ. અને નિમિત્ત કર્તા હોય તો નિત્ય કર્તા થયા કરે. માટે આત્માને નિમિત્ત તરીકે ન જો. ઉપાદાન તરીકે જો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રાગને પણ, કર્મને પણ ઉપાદાનપણે (જો). કર્મના ત્રણ ભેદ. બે ઉપાદાન છે. એક સ્વઉપાદાન અને એક પરઉપાદાન. પૃથકતા માટે. અંદરમાં ત્રિકાળી દ્રવ્ય ઉપાદાન અને ક્ષણિક પર્યાય પણ ઉપાદાન. બે વચ્ચે કાંઇ ફેરફાર છે નહીં. કોઇ કર્તા-કર્મ સંબંધ નહીં. છૂટી મળી ગઇ જાવ. પર્યાયની સાથે એકત્વબુધ્ધિ કરી લ્યે ને? પર્યાયને તમે ક્ષણિક ઉપાદાન કહો, હું ક્ષણિક ઉપાદાન અહીં છું તો પછી હું એનો સ્વામી અને હું એનો કર્તા પણ કયાં રહ્યો? એના ષટકારકથી પર્યાય થાય છે. આહાહા! આ માલ છે માલ! ૧૩ મી ગાથામાં થવા યોગ્ય થાય છે. એમ લખ્યું છે. બધા પરિણામ હોં! પુણ્ય-પાપ, આસ્રવ-બંધ, સંવર-નિર્જરા અને મોક્ષ. થવા યોગ્ય અને કરનાર, થવા યોગ્ય અને કરનાર. આહાહા! કેમકે એ સાપેક્ષ પર્યાય લીધી છે એટલે નિમિત્તપણે કરનાર કહેવું પડયું.

મુમુક્ષુ :- ત્યાં નિરપેક્ષ જો લ્યે તો બન્ને ઉપાદાન છે.

ઉત્તર :- તો તો ઉપાદાન છે. હં... આહાહા! આ જગતમાં કોઇ નિમિત્ત નહીં દેખાય, જ્યાં સુધી ગુરુદેવ નિમિત્ત દેખાશે ત્યાં સુધી કામ નહીં થાય. ગુરુદેવ પણ ઉપાદાન અને હું પણ ઉપાદાન. મારામાં મારું જ્ઞાન થાય છે. ગુરુદેવના આત્મામાં ગુરુદેવને એના આત્માનું જ્ઞાન થાય છે. થાય છે કર્તા નથી ધ્યાન રાખજો પાછું. નહીં તો ઉપાદાન ઓલું (સત્) નહીં રહે. પર્યાય સત્ નહીં રહે. જ્ઞાનની પર્યાય સત્ છે, રાગની પર્યાય સત્ છે. ઉપાદાન હોય તે સત્ હોય. ઉપાદાનનું નામ કદી ફરતું નથી. નિમિત્તનું નામ ફરી જાય છે. આજે નિમિત્ત હોય કાલે ઉપાદાન થઇ જાય. એટલે બધા પદાર્થનું મૂળ નામ ઉપાદાન છે. દ્રવ્યનું, ગુણનું અને પર્યાયનું. ત્રણેય ઉપાદાનપણે છે. આહાહા! ઉપાદાન એટલે સ્વશકિત પોતાની. દ્રવ્યની શકિત, ગુણની શકિત અને પર્યાયની શકિત. આ જગતમાં કોઇ નિમિત્ત દેખાતું નથી. આહાહા!

કર્મ નિમિત્ત નથી, કર્મ ઉપાદાન છે. આઠ કર્મ છે ને એ ઉપાદાન છે. આહા! ત્યારે તેની સાથે એકતાબુધ્ધિ તૂટશે. કાં કર્મને નિમિત્ત બનાવશે અને કાં પોતે નિમિત્ત તરીકે જાણશે. ત્યાં સુધી સંસાર છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી જોવું એ પર્યાયદષ્ટિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે, અજ્ઞાન છે. આ તો જેને એકતા તોડવી હોય તેની વાત ચાલે છે.

મુમુક્ષુ :- મંત્ર છે.

ઉત્તર :- મંત્ર છે. જયારે બે ઉપાદાન તમે જુઓ. દાખલા તરીકે આ પંખો ફરે છે. બરાબર. જેને તમો પૂછો તો કહે કે એમાં ઇલેકટ્રીક છે ને એ એને ફેરવતી નથી પણ નિમિત્ત થાય છે. કેમકે ફેરવે તો તો બે દ્રવ્યની એકતા થઇ જાય. ગુરુદેવના પ્રતાપે એટલે સુધી તો આવી ગયો. એક દ્રવ્ય બીજા દ્રવ્યની ક્રિયાને કરે નહીં. ઇલેકટ્રીકથી પંખો ફરે નહીં. પંખો પોતાથી ફરે. પણ..... પણ કહ્યું ત્યાં મર્યો. ગયો દુનિયામાંથી. પણ.... આહાહા! ઇલેકટ્રીક નિમિત્ત છે. અરે!

પૂ . ભાઇ :- ઇલેકટ્રીક ઉપાદાન છે કે નિમિત્ત છે?

ઉત્તર :- ઉપાદાન છે.

પૂ. ભાઇ :- ઉપાદાન પોતાનું કાર્ય કરે કે ઉપાદાન પંખાનું કામ કરે?

ઉત્તર :- પોતાનું કામ કરે.

પૂ.ભાઇ :- ઇલેકટ્રીક પોતાના ક્ષેત્રમાંથી બહાર જઇને પંખો ફેરવે?

ઉત્તર :- ન ફેરવે.

પૂ. ભાઇ :- પોતાના સ્વક્ષેત્રમાંથી બહાર જાય? ઇલેકટ્રીક એના દ્રવ્ય, ક્ષેત્ર,કાળ, ભાવમાં કામ કરે છે. પંખો એના દ્રવ્ય, ક્ષેત્ર,કાળ, ભાવમાં કામ કરે છે. બેય ઉપાદાન છે. એકથી બીજાનું કાર્ય થતું નથી. બરાબર?

ઉત્તર :- એકદમ બરાબર. ચોખ્ખી વાત. જૈનસિધ્ધાંત પ્રવેશિકામાં આવે છે ને એક દ્રવ્યની બે ક્રિયા એક સાથે નથી થતી.

નથી થતી. હં.... અહીંયાં એક દ્રવ્યના પરિણામને બીજા દ્રવ્યના પરિણામ કરે તો નહીં. ઇલેકટ્રીકથી પંખો ફરે નહીં. પંખો એ સ્વશકિતથી ફરે છે. અમે કહીએ છીએ. પણ ઇલેકટ્રીક એમાં નિમિત્ત છે. બે ઉપાદાન ન જોયા એણે. એક ઉપાદાન જોયું અને એક નિમિત્ત જોયું એણે. એણે પંખાની ઉપાદાન શકિત, સ્વશકિત પરાધીન બનાવી દીધી. ઇલેકટ્રીક હોય તો ફરે. ખોટી વાત છે. બોલે છે પંખાનું ઉપાદાન છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પણ ઉપાદાન માનતો નથી. ઉપાદાન માને તો નિરપેક્ષ નિમિત્તથી નિરપેક્ષ ઇ ઉપાદાન હોય.

તો તો કહે આ બધા સંસારમાં કોઇ નહીં રહે અને મોક્ષમાં ચાલ્યા જશે. એ તો સારું છે. એમાં શું વાંધો છે? આ તો સંસારના બધા જીવો મોક્ષમાં પધારે તો સારું જ છે ને. કળશટીકાકાર કહે છે, આવો આવો આખું જગત આવો અહીંયાં તમારું સ્થાન છે, અહીંયાં તમારું પદ છે, આ પદ છે. એમ આખા જગતને આમંત્રણ આપે છે. કોઇ નિમિત્ત નથી બધાને ઉપાદાનથી જો. ઉપાદાનથી જોતાં ભેદજ્ઞાન થઇ જશે.

મુમુક્ષુ :- પુદ્ગલને પણ નિમિત્ત નહીં કહેવાનું? જીવને તો નહીં કહેવાનું પણ પુદ્ગલને પણ નિમિત્ત નહીં કહેવાનું?

ઉત્તર :- નહીં, પુદ્ગલ ઉપાદાન છે. આ હાથ હલે છે ને? તો હાથ તો સ્વતંત્રપણે હલે છે. એમાં હું નિમિત્ત છું. સમજી ગયા? મર્યો, ગયો દુનિયામાંથી. કેમકે જે હાથ હલે છે. એની ઉપાદાન શકિતથી કામ કરે છે. એમાં આત્માની નિમિત્તની અપેક્ષા છે જ નહીં. આત્મા જાણવાનું કામ કરે છે એ એનું ઉપાદાન છે. અને આ એની ક્રિયા કરે છે એ એનું ઉપાદાન છે. બસ.

એક સ્પર્શ, રસ, ગંધ, વર્ણરૂપે પરિણમે છે. અને એક જ્ઞાનરૂપે પરિણમે છે. બેય ઉપાદાન છે. ઉપાદાન કહ્યું એટલે એ પરાધીન ન હોય પહેલી વાત તો એ. એકને ઉપાદાન અને બીજાને નિમિત્ત કહો તો તમારી દૃષ્ટિ પરાધીન થઇ ગઇ, સ્વાધીન દૃષ્ટિ ન રહી.

મુમુક્ષુ :- બોલવા છતાં પણ. ઉપાદાનથી થયું ને, નિમિત્ત પણ છે એમ બોલવા છતાં પણ.

ઉત્તર :- એ નિમિત્ત બોલ્યો ત્યાં મર્યો. બેય ઉપાદાન છે. નિમિત્ત કોણ છે? એમાં આવે છે દોહરામાં, નિમિત્ત કોણ છે? નિમિત્ત-ઉપાદાનના દોહરામાં આવે છે. એ સંવાદ છે. ભૈયાભગવતીદાસ-તથા બનારસીદાસમાં છે. મૂળમાં ભૂલ આપણે બહાર પાડી છે ને એ રાજકોટથી. બેય ઉપાદાન છે. હાથ હલે છે એ એના ઉપાદાનથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



હલે છે. આત્મા જાણે છે એ એના ઉપાદાનથી જાણે છે. તો કહે, હાથ ઉપાદાન કર્તા તો નહીં પણ નિમિત્ત કર્તા તો ખરો કે નહીં? આહાહા! નિમિત્ત કર્તા થયો એ અજ્ઞાન થઇ ગયું. જાણનાર ન રહ્યો.

પછી બીજી વાત. કે જ્ઞેયથી જ્ઞાન થાય. જ્ઞેય નિમિત્ત અને જ્ઞાનની પર્યાય નૈમિત્તિક. એમ નથી. જ્ઞેય જ્ઞેયરૂપે ઉપાદાન છે, જ્ઞાન જ્ઞાનરૂપે ઉપાદાન છે તો જ્ઞેયથી જ્ઞાન થયું એ કયાં આવ્યું? શાસ્ત્રથી જ્ઞાન થાય એ વાત જ ખોટી છે. જ્ઞાન આત્માથી થાય ત્યારે પૂર્વ પર્યાયમાં શાસ્ત્ર હતું એટલે ઉપચારથી નિમિત્ત કહેવામાં આવે છે. એટલો વ્યવહાર અનુભવ થયા પછી લેવો હોય તો લેજો પણ પહેલાં તો રહેવા દેજો. પહેલાં તો બેયને ઉપાદાનપણે જો. તો એકતાબુધ્ધિ તૂટી જશે. સ્વાધીનદષ્ટિ થઇ જશે.

મારા આત્માને જ્ઞાન થવામાં શાસ્ત્રની અપેક્ષા છે જ નહીં. દેશનાલબ્ધિથી જ્ઞાન થાય જ નહીં. દિવ્યધ્વનિ સાંભળતાં જ્ઞાન થાય જ નહીં. તો તો જ્ઞાન પરાધીન થઇ ગયું. એકથી બીજાના પરિણામ થયા. દેશનાલબ્ધિથી આત્મામાં જ્ઞાન થયું. તો તો બેયની એકતા થઇ ગઇ. તો કહે ના, અમે એકતાની વાત નથી કરતાં. અમે તો કહીએ છીએ કે નિમિત્ત છે. દેશનાલબ્ધિ નિમિત્ત છે અને આ ઉપાદાન છે. ના. એ પણ ઉપાદાન છે અને આ પણ ઉપાદાન છે. આહાહા! કઠિન કામ છે જરા! આખા વ્યવહારનો લોપ થઇ જશે. જો નિમિત્તને નહીં માનો તો વ્યવહારનો લોપ થઇ જશે. એમ વ્યવહારના પક્ષવાળા પોતાના પક્ષને આગળ કરે છે. પક્ષમાં રહેવું છે, હજી એને વાર છે. હજી સંસાર પરિત થવાનો કાળ પાકયો નથી એનો. વ્યવહારને આગળ કરે છે.

નિશ્ચયની વાત અમૃત જેવી છે. ગુરુદેવ કહેતા હતા કે નિશ્ચય એટલે સાચું. એક ઉપાદાન અને એક નિમિત્ત છે નહીં.

મુમુક્ષુ :- પહેલેથી બે ઉપાદાન જોવાના છે.

ઉત્તર :- અનાદિથી છે. હવે અત્યારે એક નવી વાત ખ્યાલમાં આવી. એક ઉપાદાન ને એક નિમિત્ત એમ જાણતાં હતા તેને બદલે બે ઉપાદાન છે એમ જાણતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એકતાબુધ્ધિ તૂટી જાય છે. બસ. પરાધીનદષ્ટિ છૂટી જાય.

મુમુક્ષુ :- ભાઇ! બહુ જ ઊંચી વાત છે આ. સિધ્ધાંત છે આ.

ઉત્તર :- સિધ્ધાંત છે આ. આ સિધ્ધાંતની વાત છે. પરાધીનદષ્ટિ છૂટી જાય. આ આવે તો આમ થાય ને આ આવે તો આમ થાય. આહાહા! આ આવે તો આમ થાય તો ઉપાદાન નથી? ઉપાદાનને નિમિત્તની અપેક્ષા હોય? નિમિત્તની અપેક્ષા હોય એ ઉપાદાનને માનતો નથી. નિમિત્તની અપેક્ષા રાખે એ ઉપાદાનની સ્વશક્તિને માનતો નથી.

ભલે એ નિમિત્તથી ન થાય પણ ઉપાદાન હોય તો ખરું કે નહીં? નિમિત્ત હોય તો ખરું ને? ભલે ઉપાદાનથી કામ થાય. પણ એનું નામ જ નિમિત્ત નથી. ભૂલી જા તું એનું નામ ઉપાદાન છે. અહીંયાં પણ ઉપાદાન અને એ પણ ઉપાદાન. બધા ઉપાદાનપણે જો ને તું એકવાર!

મુમુક્ષુ :- એ ઉપાદાન લાગશે તો તેની અપેક્ષા લાગુ નહીં પડે.

ઉત્તર :- હા, અપેક્ષા લાગુ નહીં પડે તો પરાધીનદષ્ટિ છૂટી જશે. એક ભાઇને આજે કાગળ લખ્યો. બધું મભમ લખ્યું. આટલું બધું તો કયાંથી લખાય? કે હવે અમે કયાં અટકયા છીએ એ કાંઇ ખ્યાલમાં આવે તો લખજો. અભ્યાસી છે. બહુ રૂડો જીવ છે. રૂડો જીવ છે. લાગે છે કે ભવિષ્યમાં નીકળી જશે. અત્યારે તો અભ્યાસ કરે છે. પણ ખપી છે આત્માનો. આત્માર્થી કહેવાય એને. લખે છે કાગળમાં. આજે એને પોસ્ટકાર્ડ લખ્યો એને.

કે ભાઇ જયાં સુધી જીવને વ્યવહારનો પક્ષ છે, એ શાસ્ત્રમાં લખ્યું છે, અનાદિકાળથી પ્રાણીઓને વ્યવહારનો પક્ષ છે. એ તો આનદિકાળથી છે અને શુધ્ધનયનો પક્ષ કદી આવ્યો નથી. આ તો શાસ્ત્રની વાત છે ને? લખ્યું કે આ જીવને વ્યવહારનો પક્ષ અનાદિકાળનો છે અને વ્યવહારના પ્રકાર પાર વગરના છે. એક પ્રકાર નથી વ્યવહારના ઘણા પ્રકારો છે. પણ વ્યવહારના પક્ષનો પૂરે પૂરો નિષેધ કરશો ત્યારે નિશ્ચય હાથમાં આવશે. બધા ઉપાદાન છે તો કોની સામે જોવાનું રહ્યું. નિમિત્ત ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દેખાય ત્યારે આ ઉપાદાન દેખાય. બીજું નિમિત્ત દેખાય તો આ ઉપાદાન તિરોભૂત થઇ જાય છે.

મુમુક્ષુ :- તો ભાઇ! અનુભવ જયારે થાય છે ત્યારે દેશનાલબ્ધિ તો નિમિત્તરૂપે હોય છે તો તેમાં શું સમજવું?

ઉત્તર :- એ જયાં સુધી દેશનાલબ્ધિ નિમિત્તરૂપે છે ત્યાં સુધી અનુભવ ન થાય.

મુમુક્ષુ :- એ સમયે પોતાનું ઉપાદાન તો ખરું ને? પોતાના ઉપાદાનથી જ અનુભવ થાય છે. પણ દેશનાલબ્ધિને નિમિત્ત કેમ કહ્યું છે?

ઉત્તર :- દેશનાલબ્ધિને નિમિત્ત કહ્યું એ વ્યવહાર છે અને વ્યવહાર સઘળોય અભૂતાર્થ છે. દેશનાલબ્ધિને જે નિમિત્ત કહ્યું છે અને જે વ્યવહાર છે એ ભૂતનૈગમનયનું વાકય છે. જરા ઝીણી વાત છે. પણ સમજવા જેવી છે. આ વિષય પરમાત્મપ્રકાશમાં લીધો છે.

મુમુક્ષુ :- જી પ્રભુ! કેટલામી ગાથા છે?

ઉત્તર :- પરમાત્મપ્રકાશની ગાથા ૧૪ (ભાગ-૨)માં છે. આ એક પ્રશ્ન આવ્યો કે જયારે અનુભવ થાય ત્યારે પૂર્વે દેશનાલબ્ધિ તો હોય ને? એ કાંઇ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રમાં ન હોય. સમજી ગયા? જ્ઞાનીની વાણી એ સાંભળતો હોય. એમ. હવે એ નિમિત્ત છે અને આ નૈમિત્તિક છે એમ નથી.

મુમુક્ષુ :- ત્યારે દેશનાલબ્ધિમાં ઉપાદાન જોવું.

ઉત્તર :- એ દેશનાલબ્ધિ ઉપાદાનથી થાય છે, અહીંયાં ઉપાદાન થાય છે. એટલે ત્યાં લક્ષ છૂટી જાય છે. સાંભળવા જેવી વાત! ત્યાંનું લક્ષ છૂટે છે ત્યારે અનુભૂતિ થાય છે. તો અનુભૂતિ આત્માથી થઇ કે દેશનાલબ્ધિથી થઇ?

મુમુક્ષુ :- પોતાથી.

ઉત્તર :- બસ. હવે બીજો પ્રશ્ન. કે પૂર્વે દેશનાલબ્ધિ નિમિત્ત હતી? તો કહે હા હતી.એ બરાબર. એના જ્ઞાનમાં આવે, એનો ઉપકાર પણ માને કે આપનો ઉપકાર. આપે અમને આત્મા આપ્યો. એના માટે ખુલાસો પરમાત્મપ્રકાશ કરે છે. શિષ્ય

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રશ્ન કરે છે. શિષ્યનો પ્રશ્ન છે.

આપે એમ કહ્યું કે વ્યવહારથી ઉપાદાનમાં કાર્ય થાય, નિશ્ચય પ્રગટ થાય. એટલે દેશનાલબ્ધિ હોય તો અનુભૂતિ થાય. વ્યવહાર કહો કે દેશનાલબ્ધિ કહો. એક જ ને? ત્યારે શિષ્યએ આ પ્રશ્ન કર્યો એની સાથે સાથે પ્રશ્નકર્તા પણ પૂછે છે. કે જો વ્યવહારથી નિશ્ચય પ્રગટ થાય એટલે દેશનાલબ્ધિથી આત્મજ્ઞાન થાય વગેરે વગેરે. બધું લઇ લેવાનું. તો જયારે નિર્વિકલ્પ અનુભવ થાય છે ત્યારે નિમિત્તનું લક્ષ તો હોતું નથી, તો વ્યવહારથી થાય છે એ કયાં રહ્યું? તો તમે તો કહ્યું વ્યવહારથી થાય છે.

શ્રી ગુરુ કહે છે વ્યવહારથી નિશ્ચય થાય છે. શિષ્ય કહે ઊભા રહો. ગુરુ કરતાં શિષ્ય આગળ વધ્યો. ઊભા રહો. આપ કહો છો કે વ્યવહારથી નિશ્ચય થાય. કહે છે, હા, એમાં હું ફરતો નથી મારા બોલવામાં. ગુરુ કહે છે. આત્મજ્ઞાની છઠ્ઠા, સાતમા ગુણસ્થાનવાળા. વ્યવહારથી નિશ્ચય થાય. ત્યારે શિષ્ય કહે છે, સાહેબ! કૃપા કરજો. મને જરા વધારે ખુલાસો જોઇએ છીએ. કહે પૂછો કોઇ વાત નથી. બધી વાતનો જવાબ મારી પાસે છે. અચ્છા! આ વાતનો પણ જવાબ તમારી પાસે છે? તો કહે, હા.

આપ કહો છો કે વ્યવહારથી નિશ્ચય થાય. તો મારો એમ પ્રશ્ન છે કે જયારે આત્માની અનુભૂતિ થાય છે ત્યારે દેશનાલબ્ધિનો વ્યવહાર તો છૂટી જાય છે. તો વ્યવહારથી અનુભૂતિ થઇ એ કયાં રહ્યું? તો કહે, રહ્યું.... હજી આટલા બધા મજબુત આપ છો. કે હા વ્યવહારથી નિશ્ચય થાય. હા, વ્યવહારથી નિશ્ચય થાય, લે! એનો મર્મ છે. એ વ્યવહારથી નિશ્ચય થાય છે એ ભૂતનૈગમનયનું વાકય છે. કે એક સમય પહેલાં એનું લક્ષ દેશનાલબ્ધિ ઉપર હતું અને છૂટયું ત્યારે અનુભવ થયો તો ભૂતનૈગમનયે કહ્યું એને કે એનાથી અહીંયાં થયું. આવી વાત છે, લ્યો!

મુમુક્ષુ :- કોનું લક્ષ છૂટીને અનુભવ થયો એનું જ્ઞાન કરાવ્યું.

ઉત્તર :- જ્ઞાન કરાવ્યું કે દેશનાલબ્ધિથી સમ્યગ્દર્શન થયું. ભગવાન મહાવીરના જીવને દેશનાલબ્ધિ મળી તો મુનિ પધાર્યા તો એનાથી અનુભૂતિ થઇ. પણ એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ભૂતનૈગમનયનું વચન છે. ભૂતનૈગમનય એટલે? અનુભવ પહેલાં જે દેશનાલબ્ધિ ઉપર લક્ષ હતું તો થયું તો આત્માથી પણ કહેવાણું દેશનાલબ્ધિથી થયું. (એ) કથનમાત્ર છે. થયું નથી. આ વાત પચ્ચીસ વર્ષ પહેલાં જયારે હું રૂમમાં પરમાત્મપ્રકાશનો સ્વાધ્યાય કરતો હતો, સોનગઢની વાત કરું છું. બે વર્ષ હું સોનગઢ રહેવા ગયો હતો. પછી મારે અહીંયાં સંયોગવશાત આવવું પડયું. સ્વાધ્યાય કરતો હતો અને તેમાં આ વાત આવી. આત્મા ના પાડે. હવે શું કરવું? આ પાછી ટીકા કરનાર દોલતરામજી જ્ઞાની. એટલે મધ્યસ્થ રહેવું પડે અને અંદર બેસે નહીં. આત્મા ના પાડે.

બસ. અડધી કલાક, પોણી કલાક શાસ્ત્ર બંધ કરીને બેસી ગયો. પછી વિચાર આવ્યો કે આ અનુવાદ જે કર્યો છે તો સંસ્કૃતમાં શું છે એ તો જોઉં. અનુવાદમાં તો વ્યવહારથી નિશ્ચય થાય એમ હતું. અને સંસ્કૃતમાં કહ્યું કે એ ભૂતનૈગમનયે થયું એમ વ્યવહાર છે. ભૂતનૈગમનયનો અનુવાદ કરવાનો રહી ગયો. મોટો ગોટાડો થઇ ગયો.

ગુરુદેવની વાત તો આપણે સાંભળી હતી કે વ્યવહારથી તો નિશ્ચય થાય નહીં. અને એ લખે છે કે વ્યવહારથી નિશ્ચય થાય. તો એમ તો હોય શકે નહીં. તો એમાં કાંઇક જ્ઞાની લખે છે તો કાંઇક મર્મ હોવો જોઇએ. જ્ઞાની ખોટા નથી.

એણે લખ્યું વ્યવહારથી નિશ્ચય થાય એ લખ્યું ખોટું નથી. પણ આપણે વ્યવહારથી નિશ્ચય માની લઇએ તો આપણને દોષ લાગી જાય. માટે ઊંડુ ઉતરવું જોઇએ કે જ્ઞાની લખે છે તો એમાં કાંઇક મર્મ હોવો જોઇએ. એટલે સંસ્કૃત જોયું. સંસ્કૃત જોયું ને આહાહા! પ્રમોદનો પાર નહીં. ભૂતનૈગમનય! કલમ લગાડી. ખલાસ કરી નાખ્યું. કેસ ખલાસ થઇ ગયો.

ભૂતકાળમાં અનુભવ પહેલાં દેશનાલબ્ધિ નિમિત્ત હતી. આહાહા! ‘તું ભગવાન છો’ એમ વાણીમાં આવ્યું. હું ભગવાન છું? હા, ‘હું ભગવાન છું’ ત્યાં લક્ષ છૂટી ગયું. અનુભવ થઇ ગયો. તો જયારે અનુભવ થાય છે ત્યારે નિમિત્ત ઉપર લક્ષ ન હોય. અનુભવ પહેલાં પૂર્વ ભૂમિકામાં નિમિત્ત ઉપર લક્ષ હોય તો એને વ્યવહાર કહેવાય. જુઓ! આમાં સુધાર્યું છે. આ ગુજરાતી જે કર્યું ને? એમાં ભૂતનૈગમનય સુધાર્યું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મૂળ જે હિન્દી છે, જે શ્રીમદ્ રાજચંદ્રજીમાંથી નીકળેલું છે. અને અહીંયાં પણ હિન્દી જ છે. ઉપર સંસ્કૃત અને આ હિન્દી. એમાં એ છૂટી ગયેલું. અને હું સંસ્કૃત-હિન્દી વાંચતો હતો. આ પછી તો હમણાં થયું. ભાવનગરથી છપાણું. એમાં છે.

મુમુક્ષુ :- ગાથા કઇ છે?

ઉત્તર :- ગાથા કહી દઉં. પહેલો ભાગ અને ૧૪ નંબરની ગાથા. પહેલો ભાગ છે કે બીજો?

મુમુક્ષુ :- બીજો.

ઉત્તર :- હા, ભાગ બીજો હો? ગાથા-૧૪ સમજી ગયા? હવે આપણે એનો સ્વાધ્યાય કરીએ. પાનું છે ૧૭૦. બહુ સારી ગાથા છે. મૂળ ગાથા.

જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર એ ત્રણેયને વ્યવહારનય કહે છે તે પૂર્વોકત ભેદરત્નત્રય સ્વરૂપને હે જીવ! તું સમસ્ત પ્રકારે જાણ. કે જે ભેદરત્નત્રયના પરિણામથી તું પવિત્ર, સર્વજનપૂજ્ય અને ઉત્કૃષ્ટ પરમાત્મા થઇશ. સમજાણું? હવે એની ટીકા.

હે જીવ! તું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ, નિશ્ચયરત્નત્રયરૂપ નિશ્ચયમોક્ષમાર્ગના સાધક નિશ્ચયમોક્ષમાર્ગના સાધક એટલે કારણ એટલે નિમિત્ત એવા વ્યવહારમોક્ષમાર્ગને જાણ. એનું સાધક-સાધન છે. નિશ્ચયમોક્ષમાર્ગ જવા માટે વ્યવહારને સાધન કહેવાય. વ્યવહારનયે વ્યવહારને સાધન કહેવાય. નિમિત્ત છે. વ્યવહાર કહો કે નિમિત્ત કહો. સમજી ગયા? એ નિમિત્ત છે. એવા વ્યવહારમોક્ષમાર્ગને જાણ. કે જેને જાણવાથી તું પરંપરાએ પવિત્ર પરમાત્મા થઇશ. એને જાણ. એને કર એમ નહીં. એમ છે, એમ જાણ. એમ.

નિશ્ચયની સાથે વ્યવહાર, ઉપાદાનની સાથે નિમિત્ત હોય છે એમ જાણ. વ્યવહાર નિશ્ચયમોક્ષમાર્ગનું સ્વરૂપ કહે છે. તે આ પ્રમાણે. વીતરાગ સર્વજ્ઞ પ્રણીત છ દ્રવ્યાદિનું સમ્યક્શ્રદ્ધાન, તેમનું સમ્યક્જ્ઞાન અને વ્રતાદિનું અનુષ્ઠાનરૂપ વ્યવહારમોક્ષમાર્ગ છે. છ દ્રવ્યનું શ્રદ્ધાન, જ્ઞાન અને વ્રતાદિનું અનુષ્ઠાન, આચરણ એ વ્યવહારમોક્ષમાર્ગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



છે. નિજશુદ્ધાત્માના સમ્યક્શ્રદ્ધાન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્અનુષ્ઠાનરૂપ નિશ્ચયમોક્ષમાર્ગ છે. અથવા વ્યવહારમોક્ષમાર્ગ સાધક છે. સાધક એટલે કારણ છે. અને નિશ્ચયમોક્ષમાર્ગ એનું કાર્ય છે. સાથે છે. નિશ્ચયમોક્ષમાર્ગ સાધ્ય છે. આ સાધન અને ઓલું સાધ્ય. સમજી ગયા?

રાગ સાધન અને વીતરાગભાવ સાધ્ય. હા, હા, આપણે પૂરે પૂરું લેવું છે. એમ નહીં. છોડાય નહીં એને. જે આચાર્યભગવાન કહે એમ જ આપણે કહેવું જોઇએ. એમાં ગુરુદેવની વાણી આપણે સાંભળી હોય કે વ્યવહારથી નિશ્ચય ન થાય. નહીં, વ્યવહારથી થાય. એમ આમાં કહે છે એ કયા હેતુથી કહે છે. એનો મર્મ શું છે? ગુરુદેવની વાત સાચી રાખી અને આચાર્યભગવાન કઇ અપેક્ષાએ શું કહેવા માગે છે એ આપણે સમજવાનો પ્રયત્ન કરવો.

આ કથન સાંભળીને, સાધન ને સાધ્ય કહ્યું ને? વ્યવહારને સાધન કહ્યું અને નિશ્ચયને સાધ્ય કહ્યું. આહા! પછી સ્થૂળ અપેક્ષાએ દેશનાલબ્ધિને સાધન કહેવાય, અનુભૂતિને સાધ્ય કહેવાય. શાસ્ત્રને સાધન કહેવાય. અનુભૂતિને સાધ્ય કહેવાય. આ તો અંદરના પરિણામને સાધ્ય-સાધન કહે છે. એમ. આ કથન સાંભળીને, અહીં શિષ્યએ પ્રશ્ન કર્યો કે, શિષ્યએ કહ્યું કે ગુરુ આપ આમ કેમ કહો છો આ સાધન અને આ સાધ્ય. સમજી ગયા! શિષ્ય કહે અમને તો સોનગઢના સંત મળ્યા છે કે વ્યવહારથી કાંઇ થાય નહીં સાધ્યની સિદ્ધિ. તો કહે એ તારા ગુરુ કહે એ બરાબર છે. અને હું કહું છું એ સમજવાનો પ્રયત્ન કર. હું કહું છું એ સમજવાનો પ્રયત્ન કર.

આ કથન સાંભળીને અહીં શિષ્યએ પ્રશ્ન કર્યો કે નિશ્ચયમોક્ષમાર્ગ તો નિર્વિકલ્પ છે, નિશ્ચયમોક્ષમાર્ગ તો નિર્વિકલ્પ ધ્યાનમાં મગ્ન થઇ ગયો. એને તો પર ઉપર કાંઇ લક્ષ છે નહીં. હેં? નિર્વિકલ્પનિશ્ચયમોક્ષમાર્ગ વખતે તો સવિકલ્પ મોક્ષમાર્ગ તો હોતો નથી. જે છે નહીં એને તમે કેમ કારણ કહો છો? એનો તો વ્યય થઇ ગયો. મુદ્દાની વાત છે. નિર્વિકલ્પ ધ્યાનમાં જયારે જાય છે ત્યારે પાંચમહાવ્રતના વિકલ્પ તો હોતા નથી. હેં? અને તમે કહો છો એ સાધન અને આ સાધ્ય. એ શું છે? નિર્વિકલ્પમોક્ષમાર્ગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



વખતે તો સવિકલ્પમોક્ષમાર્ગ તો હોતો નથી. તો પછી વ્યવહારમોક્ષમાર્ગ કેવી રીતે સાધક થાય? એને મદદગાર કેવી રીતે થાય? એને નિમિત્ત કેવી રીતે થાય? એ તો છે નહીં. હા એનું અસ્તિત્વ હોય તો તો બરાબર છે.

નિર્વિકલ્પ ધ્યાનમાં તો વ્યવહાર વિલય પામી ગયો. હવે નથી એને તમે કારણ કહો છો. એમ મને જરાક કૃપા કરીને સમજાવો. એ હોય ને અહીંયાં થાય તો તો બરાબર છે. દેશનાલબ્ધિનું લક્ષ હોય, લક્ષ ત્યાં રાખ્યા કરે અને અહીંયાં અનુભવ થાય. તો તો એનાથી અહીંયાં થયું ને વ્યવહારથી નિશ્ચય થયો, મને તો ગમે છે. પણ જયારે એ નિર્વિકલ્પધ્યાનમાં જાય છે ત્યારે તો દેશનાલબ્ધિનું લક્ષ નથી, સવિકલ્પ રાગ નથી, ઇન્દ્રિયજ્ઞાનનો વ્યાપાર નથી, એ વખતે શાસ્ત્ર નિમિત્ત થતું નથી. તો આ શું આપ કહેવા માગો છો? સવિકલ્પમોક્ષમાર્ગ તો નથી તો પછી વ્યવહારમોક્ષમાર્ગ કેવી રીતે સાધક છે?

અહીં પ્રશ્નનો પરિહાર કરે છે. પરિહાર એટલે નિષેધ કરે છે. ભૂતનૈગમનયથી પરંપરાએ છે. અથવા નિશ્ચયમોક્ષમાર્ગનું સવિકલ્પ-નિર્વિકલ્પના ભેદથી બે પ્રકારનું છે. ત્યાં હું અનંતજ્ઞાનરૂપ છું ઇત્યાદિ, સવિકલ્પરૂપ સાધક છે અને નિર્વિકલ્પ સમાધિરૂપ સાધ્ય છે એવો ભાવાર્થ છે. આહાહા!

સવિકલ્પ-નિર્વિકલ્પ નિશ્ચયમોક્ષમાર્ગના વિષયમાં આજ અર્થને સાક્ષીભૂત મેળવાળી ગાથા દેવસેનકૃત તત્ત્વસાર ગાથા પાંચમાં પણ કહ્યું છે કે વળી જે આત્મતત્ત્વ છે તે પણ સવિકલ્પ અને નિર્વિકલ્પના ભેદથી બે પ્રકારનું છે. તેમાં જે સવિકલ્પ છે તે તો આસ્રવ સહિત છે અને જે નિર્વિકલ્પ છે તે આસ્રવ રહિત છે. તો આસ્રવ, સંવરનું જ્ઞાન થાય? કહે, ભૂતનૈગમનયે (થાય). ભૂતનૈગમનયે સમજાણું ને? દેશનાલબ્ધિ સાંભળતો હતો અને સમ્યગ્દર્શન થઇ ગયું. તો દેશનાલબ્ધિથી સમ્યગ્દર્શન થયું એમ કહેવાય. પણ દેશનાલબ્ધિ ઉપર લક્ષ છે ત્યાં સુધી સમ્યગ્દર્શન અનુભવ ન થાય. અનુભવ. પણ અનુભવમાં ગયો ત્યારે દેશનાલબ્ધિનું લક્ષ છૂટી ગયું. તો ભૂતનૈગમનય એટલે ભૂતકાળમાં એક સમય પૂર્વે. ભૂતકાળ એટલે એક સમય પૂર્વે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક સમય પૂર્વે એ જીવનું લક્ષ શ્રી ગુરુ ઉપર હતું, વાણી ઉપર, સાંભળતો હતો. તો એને ભૂતનૈગમનયે પરંપરાએ સાધન કહેવામાં આવે છે. ઋજુસૂત્રનયે નહીં. ત્યાં લક્ષ હોય ત્યાં સુધી અનુભવ ન થાય. અરે! સાક્ષાત દિવ્યધ્વનિ સાંભળવા બેઠો હોય, સાંભળતો હોય. સાંભળે છે ત્યાં સુધી અનુભવ ન થાય. સાંભળવાનું બંધ થઇ જાય. તો કહે, સાંભળવું પણ છે અને અનુભવ પણ કરવો છે. નહીં બને. એક મ્યાનમાં બે તલવાર. પણ દેશનાલબ્ધિથી તો આજે તીર્થંકરના યોગમાં ક્ષાયિક સમ્યગ્દર્શન થઇ ગયું. તો કહે હા, શ્રેણિક મહારાજાને થયું. તો કહે દેશનાલબ્ધિથી થયું. ભૂતનૈગમનયે. તો એને સમાધાન થઇ જાય.

જયાં આવે કે વ્યવહારથી નિશ્ચય થાય એટલે સમાધાન વર્તે. ભૂતનૈગમનયનું કથન છે. એમાં કાંઇ વાતમાં માલ નથી. જ્ઞાન કરાવ્યું. ભૂતકાળમાં કોણ નિમિત્ત હતું? ચોથાગુણસ્થાનવાળા, પાંચમાવાળા, છઠ્ઠાવાળા કે દેશનાલબ્ધિથી તીર્થંકર ભલે હો. આહાહા! નિયમ કોઇ દિવસ તૂટે નહીં. નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય જ નહીં. સિધ્ધાંત તૂટે? શિષ્યનો બહુ સારો પ્રશ્ન હતો.

ગુરુએ કહ્યું વ્યવહાર સાધન નિશ્ચય સાધ્ય. ઊભા રહો સાહેબ! ભલે આપ કહો છો પણ નિર્વિકલ્પ ધ્યાન વખતે તો સવિકલ્પ વ્યવહાર હોતો નથી. ને તમે આ કેમ કહ્યું? કહે અમે કહ્યું છે એ ભૂતનૈગમનયે. નિર્વિકલ્પ ધ્યાન પહેલાં એને સવિકલ્પ દશા હતી તો ઉપચારથી સાધન કહેવામાં આવે. ઉપચારના કથન છે. વ્યવહારના કથન છે. શારદાબહેનનો પ્રશ્ન હતો ને? કે દેશનાલબ્ધિ નિમિત્ત તો થાય છે. બરાબર થાય છે. એ વાત રાખી અને પછી અંદરમાં જવા માટે એનો નિષેધ કરવા જેવો છે. એનાથી ન થાય. આત્માથી થાય. આત્માથી થયું ત્યારે એનાથી થયું, આપે આત્મા આપ્યો. આપે આત્મા આપ્યો. એવા ઉપકારને ઓળવે નહીં. અમારા ઉપાદાનથી થયું, ઉપાદાનથી થયું એમ ન કહે ત્યાં. આપનાથી થયું હું તો કાંઇ જાણતો નહોતો. સવિકલ્પદશા છે.

મુમુક્ષુ :- સાહેબ! એક સમય પહેલાં જ સવિકલ્પદશા હોય અને...

ઉત્તર :- અને બીજા સમયે નિર્વિકલ્પ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- એને એક સમય પહેલાની દશાને પણ ભૂતનૈગમનય કહેવાય?

ઉત્તર :- હા. ચોવીસ કલાક પહેલાનું નહીં. એક સમય પહેલાનું.

મુમુક્ષુ :- મને તો એમ કે એક ભવ પહેલાં સાંભળ્યું હોય એ ભૂતનૈગમનય કહેવાય.

ઉતર :- ના. ના.

મુમુક્ષુ :- એક સમયનો જ ફર્ક?

ઉત્તર :- હા એક સમય. પૂર્વ પર્યાય ભૂતનૈગમનય થઇ ગઇ. ભૂતનૈગમનય એટલે ભૂતકાળમાં સાંભળ્યું હતું.

મુમુક્ષુ :- ગયા ભવે સાંભળ્યું હતું અને આ ભવે સમ્યગ્દર્શન થયું. માટે ભૂતનૈગમનયે શ્રી ગુરુની વાણી ઉપકારી છે.

ઉત્તર :- નહીં. નહીં. નહીં. અહીંયાં તો સમય સમયનો હિસાબ છે. જૈનદર્શનમાં સમય સમયનો હિસાબ છે. આહાહા! અહીંયાં સવિકલ્પવ્યવહારને નિશ્ચયનું કારણ કહ્યું ને? તો સવિકલ્પવ્યવહાર એક સમય પહેલાં તો હતો. વિકલ્પ હતો. સાંભળતો હતો. તત્ત્વચિંતન કરતો હતો. એમાં શું?

જ્ઞાનથી આત્મા જણાય એવો વ્યવહાર આવ્યો. જાણનાર જણાય છે વ્યવહાર આવ્યો. ભેદ આવ્યો ને? પછી અંદર ચાલ્યો ગયો. ઓલા વ્યવહારથી આમ થયું એમ કહેવામાં આવે પણ એનાથી ન થાય. એ તો ભેદ હતો, સંસાર હતો. જાણનાર જણાય છે એમાં જાણનાર નહીં જણાય. જાણનાર જણાય છે એ ભેદ છૂટી જાય ત્યારે પ્રત્યક્ષ થઇ જાય. જાણનાર જણાય છે એ પરોક્ષ છે. ઓલું પરંપરાએ પ્રત્યક્ષ છે. એ પરોક્ષજ્ઞાનને ભૂતનૈગમનયમાં નાંખી દીધું. પરોક્ષજ્ઞાન હતું અને પછી બીજા સમયે પ્રત્યક્ષ થયું. તો પરોક્ષજ્ઞાનરૂપ જે વ્યવહાર હતો એને ભૂતનૈગમનય લાગુ પડી ગઇ. ત્યારે કેમ ન થયું? ત્યારે ન થાય. ન થાય. એ જાય પછી થાય. વ્યય થઇ અને ઉત્પાદ થાય. એ જે વ્યય પર્યાય થઇ ને એનું નામ ભૂતનૈગમનય છે. એનાથી થયું એમ કહેવાય.

મુમુક્ષુ :- ખરેખર તો એના વ્યયથી થયું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- હા. એ વ્યયથી ઉત્પાદ નથી. વ્યયથી થયું એ વ્યવહાર છે. ભૂતનૈગમનયે. ઉત્પાદ ઉત્પાદથી છે એને વ્યયની અપેક્ષા નથી. આહાહા! ઉપાદાનને નિમિત્તની અપેક્ષા ન હોય. ઉત્તરપર્યાય ઉપાદાન છે. પૂર્વપર્યાય નિમિત્ત હતું. એ પણ એનું ઉપાદાન હતું. અહીંયાં પણ ઉપાદાન. વ્યય પણ ઉપાદાન અને ઉત્પાદ પણ ઉપાદાન અને ધ્રુવ ત્રિકાળી ઉપાદાન. બસ. બધું ઉપાદાન છે. બધું સત્ છે. ઉપાદાન એટલે સત્.

મુમુક્ષુ :- આપ તો બહુ સ્વતંત્રતા આપો છો.

ઉત્તર :- સ્વતંત્રતા છે. અમે નથી આપતા.

મુમુક્ષુ :- આપ આપો છો એટલે.

ઉત્તર :- ના છે આમ. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્, ઉત્પાદ સત્, વ્યય સત્ અને ધ્રુવ સત્. આમ પ્રવચનસારમાં છે. આહાહા! યથાર્થ વાત છે. નહીંતર કર્તાબુધ્ધિ નહીં છૂટે. મારાથી પર્યાય થઇ, મારાથી થઇ, દ્રવ્યથી પર્યાય થાય છે. હવે એવો વ્યવહારનો પક્ષ અનાદિકાળનો છે. આહા! આખું જગત ઉપાદાનપણે જો. કોઇ નિમિત્ત નથી. તો નિમિત્તનો લોપ થઇ જશે. નિમિત્તનો લોપ તારે કરવો પડશે ત્યારે ઉપાદાન જાગૃત થશે. નિમિત્ત ઉપર લક્ષ રાખીશ ત્યાં સુધી ઉપાદાન જાગૃત નહીં થાય. આહાહા!

નિમિત્ત હોય એ જુદી વાત અને એનાથી માનવું એ જુદી વાત. એ તો શ્રધ્ધા ખોટી થઇ જશે. બીજો મને નિમિત્ત થાય અને હું બીજાને નિમિત્ત થાઉં. તો આત્માને તે ઉપાદાન ક્યાં રાખ્યો? મારા પરિણામમાં બીજો નિમિત્ત થાય અને બીજામાં હું નિમિત્ત થાઉં. એટલે ઉપાદાન ગુમ થઇ ગયો આત્મા. દિનેશ! સમજાય છે?

મુમુક્ષુ :- બરાબર સમજાય છે. બન્ને ઉપાદાન જ છે. નિમિત્ત થશે તો નૈમિત્તિક ભાવ થાશે.

ઉત્તર :- હં... જ્યાં નિમિત્ત દેખાણું ત્યાં નૈમિત્તિક. સ્વાભાવિકભાવ તિરોભૂત થઇ જશે. નિમિત્તના લક્ષે નૈમિત્તિક થતાં સ્વાભાવિકભાવ તિરોભૂત થઇ જાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્પાદ નહીં થાય.

મુમુક્ષુ :- જ્ઞાનીની ખુબી એ છે કે જે પોતે પ્રાપ્ત કર્યું હોય એ શિષ્યોને ગોપવ્યા વિના પ્રસાદીરૂપે આપી દયે છે.

ઉત્તર :- આહાહા! ખુલ્લે હાથે આપ્યું ગુરુદેવે. લ્યો, લ્યો. ખુલ્લે હાથે આપ્યું.

મુમુક્ષુ :- આજે બહુ સરસ! બેય ઉપાદાનની જ વાત...

ઉત્તર :- દ્રષ્ટાંત આપ્યા ને ત્રણ, ચાર. ઇલેક્ટ્રીકનું, પંખાનું, હાથનું. પછી અંદરમાં રાગનું ને જ્ઞાનનું. ત્રિકાળી દ્રવ્ય અને જ્ઞાનની પર્યાયનું. અંદર અંદર જાતા જાવને તો બધું ઉપાદાનપણે જણાશે. જ્ઞાનપર્યાય પ્રગટ થઇ એ એના ઉપાદાનથી થઇ છે. આત્માથી જ્ઞાનપર્યાય પ્રગટ ન થાય. એ નિમિત્ત છે. એને પણ ઉપાદાન જાણ અને આને પણ ઉપાદાન જાણ. ત્યારે જ્ઞાનની પર્યાય પ્રગટ થઇ જશે. અંદરનું છે.

મુમુક્ષુ :- સાહેબ! હવે એક પ્રશ્ન એમાં થાય છે કે પૂર્વ પર્યાયનો વ્યય અને નવી પર્યાયનો ઉત્પાદ ત્યારે સમય તો એક કહેવામાં આવે છે.

ઉત્તર :- એક જ છે.

મુમુક્ષુ :- તો પછી આપે ભૂતનૈગમનયે કઇ રીતે કીધું?

ઉત્તર :- કેમકે એક પર્યાયમાં પૂર્વ પર્યાયનો વ્યય અને ઉત્તર પર્યાયનો ઉત્પાદ. સમય એક છે પણ ભાવ બે છે. વ્યયરૂપ અને ઉત્પાદરૂપ. સમય એક જ છે. ભાવ બે. વ્યયરૂપ અને ઉત્પાદરૂપ. ઉત્પાદનો સમય એક જ છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. સમય એક. ત્રણ અસ્તિત્વ છે. ત્રણ અસ્તિત્વ એક સમયે હોવા છતાં ત્રણેય સત્ જુદા જુદા છે. કોઇ કોઇને કારણે છે નહીં. સમય એક છે. એટલું ઝીણું છે જૈનદર્શન. સમય એક, સત્ એક છતાં ત્રણ સત્. કથંચિત એક કથંચિત ત્રણ છે. ત્રણરૂપે છે. સર્વથા એકરૂપે કોઇ દિ' થાય નહીં. તો તો આત્માનો નાશ થઇ જાય. પર્યાયનો નાશ થાય તો આત્માનો નાશ થાય. મિથ્યાત્વનો વ્યય અને સમ્યગ્દર્શનનો ઉત્પાદ. કેટલો કાળ લાગે? એક જ સમય. પણ ભાવ બે કે નહીં? કે ભાવ એક જ. ભાવ બે કે નહીં? પૂર્વ પર્યાયમાં મિથ્યાત્વ હતું અને ઉત્તર પર્યાયમાં સમ્યગ્દર્શન થયું કે નહીં?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઓનો થાય વ્યય અને સમ્યગ્દર્શનનો થાય ઉત્પાદ. સમય એક અને ભાવ બે.

મુમુક્ષુ :- સાહેબ! મારો સવાલ તો એવો હતો કે એક જ સમય અને એમાં ભૂતનૈગમનય લાગુ પડી જાય.

ઉત્તર :- હા. ભૂતનૈગમનયે. ભાવ બીજો હતો ને? ભાવ બીજો હતો. મિથ્યાત્વનો વ્યય થયો, ઇન્દ્રિયજ્ઞાનનો વ્યય થયો, દેશનાલબ્ધિ વખતે રાગ હતો તેનો વ્યય થયો. એટલે ભૂતનૈગમનય લાગુ (પડે) એક સમય પહેલાંના ભૂતનૈગમનયની વાત છે. ઓલી તો બધી સ્થૂળ છે.

અહીંયાં જે પ્રશ્નકારે પ્રશ્ન કર્યો છે કે નિર્વિકલ્પ ધ્યાન વખતે તો સવિકલ્પવ્યવહાર હોતો નથી અને આપ કહો છો સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પની પ્રાપ્તિ, વ્યવહાર દ્વારા નિશ્ચય, આ સાધન ને સાધ્ય. એ કેમ? ભૂતનૈગમનય. ખલાસ! એક કલમ લગાવી ભૂતનૈગમનય. સમાધાન થઇ ગયું. આહાહા! ત્યારે એ હિન્દી જે છે ને જુનું. એમાં જોજો. પરમાત્મપ્રકાશ ભાગ-૨ ગાથા-૧૪માં અનુવાદ વાંચજો. અનુવાદ છૂટી ગયો છે. હિન્દીમાં ભૂતનૈગમનય શબ્દ છૂટી ગયો છે. દોલતરામજીએ અનુવાદ કર્યો છે. એમાં શબ્દ છૂટી ગયો છે. શરત ચૂકથી છૂટી જાય છે. એ તો જ્ઞાની હતા. પણ તે વાંચે ને તો વ્યવહારના પક્ષવાળાને પક્ષ બળવાન થઇ જાય. મિથ્યાત્વ દૃઢ થઇ જાય.

વ્યવહારથી નિશ્ચય થાય. સાધનથી સાધ્ય. લખ્યું છે આમાં. પણ જ્યાં શિષ્યએ પ્રશ્ન કર્યો, ખુલાસો કે પ્રભુ! આપ ભલે કહો છો પણ મને એનું રહસ્ય સમજાવો. બાકી વ્યવહારથી નિશ્ચય થાય એમ તો કેમ બને? તો તો આખો સિધ્ધાંત ફરી જાય. તો નિમિત્તથી ઉપાદાનમાં થાય. વ્યવહારથી નિશ્ચય થાય, બધું આ પંખો (ઇલેક્ટ્રીકથી) આનાથી થાય, તો તો પેટ્રોલથી મોટર ચાલે, ફરી જશે બધું. સાહેબ! ભૂતનૈગમનય. ખલાસ. શિષ્ય પગે પડી ગયો. આહાહા! ત્યાં શિષ્ય-ગુરુ તો કોઇ ન હતા. પોતે જ ચોખવટ કરવા માટે શિષ્યના રૂપમાં પ્રશ્ન કરીને ચોખવટ કરાવે છે.

મુમુક્ષુ :- ત્યાં ન હતા અને અહીંયાં હોય તો સિધ્ધાંત તો એક જ છે ને પ્રભુ!

ઉત્તર :- પણ સિધ્ધાંત ફરે કાંઇ? ઉપાદાનથી કાર્ય થાય કે નિમિત્તથી? પૂર્વ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાય તો નિમિત્ત હતી. પૂર્વપર્યાય ઉપાદાન હોય તો એમાં જ સમ્યગ્દર્શન થવું જોઇએ. એ અશુધ્ધ ઉપાદાન હતું. એ અશુધ્ધ ઉપાદાન હતું. હતું તો ઉપાદાન જ એ. અશુધ્ધઉપાદાન હતું. અને પૂર્વ પર્યાય પછી ઉત્તર પર્યાયમાં શુધ્ધ ઉપાદાન નવું પ્રગટ થયું, અનંતકાળથી નહીં પ્રગટ થયેલું. અને એનાથી આ થાય એમ જો માની લ્યો વ્યવહારથી નિશ્ચય તો મિથ્યાત્વથી સમ્યગ્દર્શન થાય એમ થઇ જશે. તો તો સિધ્ધાંત ખલાસ થઇ જશે.

ભૂતનૈગમનય! બસ. બરાબર છે. જાવ! આ તો ૪૫ વર્ષ સુધી ગુરુદેવે ઘૂંટયું. નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય ન થાય. વ્યવહારથી નિશ્ચય ન થાય. આહાહા! આ તો મૂળ સિધ્ધાંત છે. દ્રવ્યથી પર્યાય ન થાય. લે. દ્રવ્યથી પર્યાય ન થાય. પર્યાયથી પર્યાય થાય ત્યારે દ્રવ્યથી થઇ એમ ઉપચાર કરવામાં આવે. આહાહા! ઉપચારને ઉપચાર જાણે તો ઉપચાર નિશ્ચય ન થઇ જાય. ઉપચાર ન જાણે તો ઉપચાર નિશ્ચય થઇ જશે. થઇ ગયો વખત લ્યો. આજ તો ઉપરથી લેવાણું.

બે પદાર્થને ઉપાદાનથી જુઓ તો એકતાબુધ્ધિ તૂટી જાય. પરાધીનતા છૂટી જાય. નિમિત્ત અકિંચિત્તકર એનો અર્થ તું એને નિમિત્તપણે ન જાણ ઉપાદાનપણે જાણ તો અકિંચિત્તકર ભાસશે. જો નિમિત્ત રાખીશને તો નિમિત્ત હોય તો થાય, નિમિત્ત હોય તો થાય એ શલ્ય રહી જશે. નિમિત્તનું નામ બદલાવી નાખને! થોડોક ટાઇમ. ઇલેકટ્રીક પણ ઉપાદાન અને પંખો પણ ઉપાદાન. હાથ પણ ઉપાદાન. હલતો હાથ ઉપાદાન હોં! આમ સ્થિર હાથ નહીં. હલતો હાથ પણ ઉપાદાન છે અને અહીં જાણનાર પણ ઉપાદાન છે. બેમાંથી કોઇ નિમિત્ત નથી.

પણ જ્ઞાનમાં જ્ઞેયરૂપે તો નિમિત્ત છે કે નહીં? વળી, વળી નિમિત્તનું લાકડું આવ્યું. એ જ્ઞેયભૂત નિમિત્ત છે. અહીં જ્ઞાનભૂત નિમિત્ત છે. બસ. ઉપાદાન છે. જ્ઞાનભૂત ઉપાદાન અને જ્ઞેયભૂત ઉપાદાન બધું ઉપાદાન છે. કોઇ નિમિત્ત દેખાતું નથી. તો નિમિત્તનું લક્ષ છૂટી જશે. નિમિત્તના લક્ષે જ નૈમિત્તિક ભાવ અનાદિકાળથી જીવ પ્રવર્તે છે. બીજાને નિમિત્ત બનાવે છે. પણ અહીંયાં પણ ઉપાદાન અને ઓલું પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉપાદાન. ખલાસ. પાછો ફરી જશે. અંદરમાં આવી જશે. સમજીને સમાવા જેવું છે. આ કાંઇ જો અધુરું સમજે તોપણ કઠિન. ન સમજાય તો મને પૂછવું. બહાર જઇને ગપ્પા ન મારવા કે નિમિત્તને પણ ઉડાડી દીધું અને વ્યવહારને પણ ઉડાડી દીધો એવા ગપ્પા ન મારતા. વ્યવહાર તો સ્થાપ્યો. ભૂતનૈગમનયે. ખલાસ. વ્યવહારને કયાં ઉડાડયો? વ્યવહારને વ્યવહારના સ્થાનમાં રાખ્યો. વ્યવહારથી નિશ્ચય થાય એ ઉડાડયું. વસંતભાઇ! વ્યવહારને તો સ્થાપ્યો પણ વ્યવહારથી નિશ્ચય થાય એ માન્યતા ઊડી ગઇ. ભૂતનૈગમનય. ખલાસ.

મુમુક્ષુ :- દરેક પદાર્થ ઉપાદાન છે. દરેકમાં ઉપાદાન શકિત છે, તો દરેકમાં ઉપાદાન શકિત ભરપૂર છે. કોઇ કોઇને આપી શકે નહીં.

ઉત્તર :- બસ. કોઇ કોઇને આપી શકે નહીં. ખલાસ! મહાસિધ્ધાંત. ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય. નિમિત્તને આશ્રયે કાંઇ ન થાય. પણ મને નિમિત્ત દેખાય તો આશ્રય કરવા જાઉં ને? મને તો બધા ઉપાદાન દેખાય છે. તો મારે પરની સામે જોવાનું કયાં રહ્યું? કેમકે બધા ઉપાદાન છે તો મને મદદ કયાંથી કરે? એ એનું કરે કે મારું કરે? સહુ સહુનું કરે. સહુ સહુનું કરે. સમજાય-સમજાય. ન સમજાય એવું કાંઇ નથી. ન સમજાય તો મને પૂછવું બહાર નીકળી ને ગપ્પા ન મારવા. મને પૂછવું. ખુલાસો. હું બેઠો છું ને!

મુમુક્ષુ :- આપનું સૂચન મહત્વનું છે. અગત્યનું છે.

ઉત્તર :- અગત્યનું છે. મને બધી ખબર હોય ને? બધી ખબર હોય. આ લાલુભાઇએ નિમિત્તને ઉડાડયું. આહાહા! શું આમાં સમજે નહીં ને. એમ ને એમ (ગપ્પા હાંકયે જાય!) કહેનાર ઉપર અન્યાય ન થવો જોઇએ.

મુમુક્ષુ :- કહેવાનો ભાવાર્થ ન સમજે ને?

ઉત્તર :- ભાવાર્થ સમજવો જોઇએ. ન સમજાય તો પૂછવું જોઇએ. એમાં શું વાંધો છે? એક નિમિત્ત ને એક ઉપાદાન એમ કર્યું પણ બે ઉપાદાન છે.ભાનુબેન! બે ઉપાદાન છે તો બીજાના ઉપાદાન સામે જોવાનું બંધ થઇ ગયું ને? બીજું નિમિત્ત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



દેખાય ત્યાં સુધી પરાધીનતા રહે. આહાહા! આ તો સ્વાધીન થવાનો માર્ગ છે. નિમિત્તાધીન દષ્ટિમાં પરાધીનદષ્ટિ થઇ જાય છે. એને ખબર પડતી નથી. અનાદિથી છે ને વ્યવહારનો પક્ષ? ભલે થાય તો આપણાથી. પણ યોગ્ય નિમિત્ત તો જોઇએ ને? હજી એને નિમિત્ત જોઇએ છે. ઉપાદાનની સ્વશકિત, સામર્થ્ય. શારદાબહેને કહ્યું ને?

અહીંયાં જો ને. બધું સામર્થ્ય અહીંયાં છે. કાર્યસિધ્ધિ ઉપાદાનની સામે જોવાથી થાય છે. બીજા પરની સામે જોવાથી કાંઇ કાર્યસિધ્ધિ ન થાય. થઇ ગયો વખત. બોલો પરમ ઉપકારી શ્રી સદગુરુદેવનો જય હો.

જગતમાં કોઇ નિમિત્ત નથી. બધાને ઉપાદાનપણે જો તું. કોઇને નિમિત્ત અને કોઇને ઉપાદાન એમ ભાગલા પાડમાં. બધા ઉપાદાન છે. અમે ફરવા ગયા. કોઇ વ્યાખ્યાનમાં બોલ્યું નહીં કે આ તમે શું કીધું? એ પ્રકારની થોડી પુણ્યપ્રકૃત્તિ છે. નહીંતર તો ઉહાપોહ કરે કોઇક પણ કોઇ બોલ્યું નહીં. પછી મોદી સાહેબે પ્રશ્ન કર્યો. ભાઇ! આજ તમે શું કહ્યું? બધું ઉપાદાન છે, કોઇ નિમિત્ત નથી? કીધું હા, બરાબર છે. ઉપાદાનમાં કાર્યસિધ્ધિ થાય. એનો વિશેષ ખુલાસો.

એ તો હિન્દુસ્તાનવાળા કહે છે. એક કાર્યમાં બે કારણ. એક ઉપાદાન કારણ અને એક નિમિત્ત કારણ. એ તો ગુરુદેવની સામે ઝઘડો છે. અજ્ઞાનીઓનો ઝઘડો છે. કાર્ય એક કારણ બે. આહાહા! દસમી સાલમાં ચોત્રીસ વર્ષ પહેલાં મેં પ્રશ્ન વર્ણીજીને પૂછયો હતો. ઓગણીસ પ્રશ્ન પૂછયા. એમાં આ પ્રશ્ન પૂછયો કે કાર્ય ઉપાદાનથી થાય છે કે નિમિત્તથી? કહે, ભાઇ! એક કાર્યમાં બે કારણ હોય છે. સમજાણું? ખલાસ. ભૂલમાં છે.આ પંખો ફરે છે કાર્ય થયું કે નહીં? પંખો જુદો ને ઇલેકટ્રીક જુદી પણ કાર્ય તો આ ફરવાનું થયું કે નહીં? તો એક કાર્ય થયું તો એમાં બે કારણ જોઇએ. એક ઉપાદાન કારણ અને એક નિમિત્ત કારણ.

મુમુક્ષુ :- તમે એમ કહો કે લ્યો આ પંખો પોતાની મેળે ફરે છે.

ઉત્તર :- હા... પણ એનામાં ફરવાની ક્રિયાવતી શકિત છે કે નહીં? ભાવવતી અને ક્રિયાવતી બે શકિત પુદ્‌ગલમાં છે. ભાવથી ફરે છે અને ક્ષેત્રથી ક્ષેત્રાંતર પણ થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. શીખડાવ્યું છે કે નહીં ક્રિયાવતી અને ભાવવતી? જીવ અને પુદ્ગલ બેયમાં. છે કે નહીં?

મુમુક્ષુ :- સાહેબ! જૈનદર્શન તો અમે પણ ભણ્યા છીએ પણ આ રીતે ....

ઉત્તર :- જે શકિત હોય, એક વાકય છે કે પદાર્થની શકિત પરની અપેક્ષા રાખતી નથી. સમયસારનું વાકય છે. પદાર્થની શકિત પરની અપેક્ષા રાખે નહીં. આહાહા! સમયસારમાં કઇ ગાથા છે? ૧૨૧થી ૧૨૫ ગાથા. લાવો સમયસાર લાવો. આહાહા!

પદાર્થની શકિત એટલે પંખાની શકિત ઇલેકટ્રીકની અપેક્ષા રાખ્યા વિના ફરે છે લે. શશીભાઇ! આવ્યું ને આપણે. આપણે તો આધાર આપીએ છીએ ને? આપણે કયાં ઘરની વાત છે? હા, લખી લ્યો. ગાથા નં :-૧૧૬ સમયસાર.

મુમુક્ષુ :- ચાર ચાર ગાથા છે. ૧૨૧થી પછી ૧૨૫.

ઉત્તર :- મેં લીટી પણ કરી છે. ઊભા રહો. ૧૨૧થી ૧૨૫. ૧૨૧થી ૧૨૫ ગાથા (સમયસાર) એની ટીકા. ટીકામાં છે. કારણકે (વસ્તુમાં) જે શકિત સ્વતઃ ન હોય તેને અન્ય કોઇ કરી શકે નહીં. અને સ્વયં પરિણમતાને તો પર (અન્ય) પરિણમાવનારની અપેક્ષા ન હોય. હવે સિદ્ધાંત. કારણ કે વસ્તુની શકિતઓ એટલે પર્યાય શકિતઓ. ત્રિકાળ શકિત નહીં. વસ્તુની શકિતઓ પરની અપેક્ષા રાખતી નથી. એ પંખાના પરિણામ થાય એમાં ઇલેકટ્રીકની અપેક્ષા વિના ફરે છે. કેમકે ઇલેકટ્રીક એને અડતી નથી પંખાને. અડે તો કરે ને? બે વચ્ચે અન્યોન્ય અભાવ છે. વસ્તુની શકિતઓ પરની અપેક્ષા રાખતી નથી. આવું સ્વરૂપ છે. સમ્યગ્દર્શન પ્રગટ થાય એ દેશનાલબ્ધિની અપેક્ષા રાખતું નથી. હેં? ઇ શું? હોય છે ને? એનાથી થયું કહેવાય, ભૂતનૈગમનય લે. કોણ ના પાડે છે. વ્યવહારથી નિશ્ચય થાય એ વ્યવહારને માનતો નથી. વ્યવહાર હોય છે ને નિશ્ચય પ્રગટ થાય ત્યારે એનો વ્યય થાય છે તો એનાથી થયું એમ ભૂતનૈગમનયે ઉપચારથી કહેવામાં આવે છે. એને વ્યવહારને જાણ્યો. વ્યવહારથી નિશ્ચય માને એ વ્યવહારને જાણતો નથી. વ્યવહારને નિશ્ચય એક થઇ ગયા. ચોખ્ખુ

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બહુ ગુરુદેવ કરી ગયા છે. એકદમ. એના ઉપરના વ્યાખ્યાન છે, ટેઇપ છે. ટેઇપ પણ સાંભળી લેવી. વસ્તુની શિક્ત પરની અપેક્ષા રાખતી નથી. ઘણા ખુલાસા હશે. ટાઇમ મળે તો. હવે છોકરાઓ તૈયાર થઇ ગયા. લગ્ન કરવાના. હવે તો થોડીક નિવૃત્તિ લ્યો. આ મનુભાઇ આવ્યા નથી ને?

મુમુક્ષુ :- તબીયત ઠીક નથી.

ઉત્તર :- સોનેરી વખત છે આ. ફરી ફરી આવો કાળ મળશે નહીં. 'અવસર આયા હૈ સુનહરા. ગુમાને કે કાબિલ નહીં હૈ' ગુમાને કે કાબિલ નહીં હૈ. એ કવ્વાલીમાં આવે છે. કવ્વાલીમાં. રવિન્દ્રભૈયા છે બ્રહ્મચારી. એણે બનાવી છે. બહુ સારી છે. અવસર આયા હૈ સુનહરા, ગુમાને કે કાબિલ નહીં હૈ. બહેનની તબિયત બરાબર નથી નહિતર બોલાવત. બહુ સારું છે. આયુષ્ય પૂરું થાય બાજી હાથમાંથી ગઇ. ખલાસ. મૃત્યુને સામે રાખીને.

ભલે ઉપાદાનથી થાય. પણ કાંઇક અનુકૂળ નિમિત્ત તો (જોઇએ) પ્રતિકુળ નિમિત્તની વાત અમે નથી કરતાં. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને તો અમે છોડયા. પણ સાવ એકલા આત્માથી થાય ને ગુરુની મદદ વિના? હા. ધીરજબેન તો આવ્યા છે લ્યો! તમારો વિચાર હમણાં આવ્યો હતો. એ કેમ ન આવ્યા? એની તબિયત તો સારી હશે.

મુમુક્ષુ :- ભાવે જૈન થઇ જાય એવી વાત છે.

ઉત્તર :- હા, ભાવે જિન થઇ જાય એવી વાત છે. બેય ઉપાદાન કહ્યા એટલે ખલાસ! અંદર ચાલ્યો ગયો. એને કોની સામે જોવાનું? કાર્ય બીજાની સામે જોવાથી થાય કે અંદર જોવાથી થાય? તો પછી અંદર જોઇને કાર્ય થયું તો નિમિત્ત કોણ? નિમિત્ત છે જ નહીં. બધા ઉપાદાન છે. પૂર્વે નિમિત્ત હતું તેને નૈગમનયે કહો. કોણ ના પાડે છે? અજ્ઞાન હતું. અનુભવ નહોતો. જ્ઞાન થાય છે ત્યારે બધું જ્ઞેયપણે જણાય છે. નિમિત્તપણે નથી જણાતું. સમ્યક્જ્ઞાનમાં લોકાલોક તો જ્ઞેય છે. એમ. વીર્યવાનનું કામ છે. સમયસારમાં છે કલીબનું કામ નથી. છે કે નહીં? ચાર ટાઇપના દાખલા આપતા લડાઇ વખતે. ગુરુદેવ તો હસાવે બહુ ને પાછા. મોજ પણ કરાવે અને સિધ્ધાંત પણ આપતા જાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



# વિડીયો પ્રવચન નં - ૫૬૨
## તા. ૯/૧૦/૮૮

**'આત્મા અકર્તા છે તે જૈનદર્શનની પરાકાષ્ઠા છે'**

**'આત્માનો સ્વભાવ જ્ઞાન ને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવો'**

આ જે ઉપરનું સૂત્ર લખેલું છે. બે સૂત્ર છે. તેમાં પહેલાં સૂત્ર ઉપર ચર્ચા કરવી છે. આ આત્મા છે, એટલે કે પ્રત્યેક આત્માઓ છે જગતના જીવો, જીવમાત્ર એ સ્વભાવથી અકર્તા છે. કર્તા નથી. કર્તા છું એવી જે માન્યતા અનાદિકાળની છે એ અજ્ઞાન છે. અકર્તા એટલા માટે છે કે જ્ઞાયક છે, જાણનાર છે. માટે કર્તા નથી. એ કર્તાબુધ્ધિના બે પ્રકાર છે. એક ઉપાદાનપણે આત્મા પરનો કર્તા નથી. પરભાવનો કર્તા નથી. સ્વભાવની પર્યાયનો પણ કર્તા નથી.

શું કહ્યું કે આ આત્મા છે એ નિષ્ક્રિય અકર્તા પરમાત્મા એવો છે કે એ જગતના જે પદાર્થો આત્માથી જુદા છે છ દ્રવ્યો. એનો આત્મા કરનાર નથી. કેમ કરનાર નથી કે મારા આત્માથી એ પદાર્થો ભિન્ન છે. માટે આ આત્મા પરપદાર્થોનો કર્તા નથી. બીજું એ જગતના પદાર્થો બધા સ્વયં પરિણમે છે. માટે પણ હું એનો કર્તા નથી. દેહ, મન, વાણીનો કર્તા નથી. અંદરમાં જે પરાશ્રિત શુભાશુભભાવ થાય છે એનો પણ આત્મા કર્તા નથી. કેમ? કે શુભાશુભભાવ સર્વથા ભિન્ન છે. જેમ પરપદાર્થ સર્વથા ભિન્ન છે એમ અધ્યાત્મદષ્ટિમાં શુભાશુભભાવ, પુણ્ય-પાપના પરિણામ આ જ્ઞાનસ્વભાવી આત્માથી સર્વથા ભિન્ન છે. માટે આ આત્મા શુભાશુભભાવનો કરનાર નથી.

હવે અંદરમાં જે ભેદજ્ઞાન થઇને શુભાશુભભાવનો હું કર્તા નથી, હું અકર્તા છું, જ્ઞાયક-જ્ઞાતા છું એમ જયાં જ્ઞાયક ઉપર દષ્ટિ પડે ત્યાં સંવર, નિર્જરાના પરિણામપૂર્વક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પર્યાય પ્રગટ થાય. તેનો પણ આત્મા કર્તા નથી. કેમકે આત્માથી સર્વથા ભિન્ન, અત્યંત ભિન્ન છે. સાત તત્ત્વોનો સમૂહ છે એ આત્માથી અત્યંત સર્વથા ભિન્ન છે. માટે આત્મા તેનો કર્તા નથી. ભિન્ન છે માટે કર્તા નથી એક, અને એક પરિણામ સત્ છે પોતાથી માટે પણ આત્મા તેનો કર્તા નથી.

હવે કર્તા નથી એની પાછળ પણ ન્યાય લોજીક છે કે આ આત્મા નિષ્ક્રિય હોવાથી ક્રિયાથી રહિત હોવાથી જે કાંઇ પરિણામની અંદરમાં બહિર્મુખ કે અંતર્મુખ ક્રિયાઓ પરિણામની થાય બહિર્મુખ ક્રિયા એટલે પુણ્ય-પાપ, આસ્રવ, બંધ. અંતર્મુખ ક્રિયા થાય પરિણામની એનું નામ સંવર, નિર્જરા ને મોક્ષ. સાત પ્રકારના જે પરિણામ છે એનો આત્મા ઉપાદાનપણે કર્તા નથી. ઉપાદાનપણે કર્તા નથી એટલે કે એ પરિણામ પોતાના સ્વયં ઉપાદાન છે, એટલે ત્રિકાળી ઉપાદાનની ક્ષણિક ઉપાદાનને કરવાની અપેક્ષા લાગુ પડતી નથી.

એ પરિણામ સત્ છે, થાય છે. પરિણામ થાય છે. પરિણામ છે એનો નિષેધ નથી. પરિણામમાં ક્રિયા થાય છે એનો નિષેધ નથી. પણ પરિણામનો હું કર્તા છું એનો નિષેધ છે. કેમકે આત્મા અકર્તા છે. સાત તત્ત્વો થાય છે, પર્યાયમાં, અવસ્થામાં પરિણામ થાય છે પણ હું એનો કર્તા નથી. ઉપાદાનપણે તો કરનાર નથી, કેમ કરનાર નથી? કેમકે પરિણામો થાય છે, હવે આપણે પરદ્રવ્યોની વાત બહુ લંબાવતા નથી. કેમકે એક દ્રવ્ય બીજા દ્રવ્યનો કર્તા નથી. એ તો ગુરુદેવે બહુ વાત કરી અને પછી છેલ્લે છેલ્લે સૂક્ષ્મ વાત, એમ લાગ્યું કે આપણી હોજરી પચાવશે એટલે સૂક્ષ્મમાં ગયા ગુરુદેવ. એટલે આપણે પણ સૂક્ષ્મમાં જાવું.

એ પરિણામનો આત્મા કેમ કર્તા નથી? કે આત્મા એ રૂપે થતો નથી. આત્મા રાગરૂપે થાય તો તો રાગને કરે. ઘટાડે, વધારે. આત્મા પોતે તો નિષ્ક્રિય, શુધ્ધ, ચિન્માત્ર છે આત્મા. જ્ઞાયક છે, જ્ઞાતા છે. એટલે પરિણામનું કરવું આત્માના સ્વભાવમાં નથી. પરિણામનું થવું એ પરિણામ સ્વભાવમાં છે પણ હું એને કરું એ દ્રવ્ય સ્વભાવમાં નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કેમકે 'તદ્રૂપો ન ભવતિ' આત્મા રાગરૂપે થતો નથી માટે રાગનો કર્તા નથી. વીતરાગભાવ પ્રગટ થાય એનો પણ આત્મા કર્તા નથી. કેમકે વીતરાગભાવની સમ્યગ્દર્શનની પર્યાય, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષમાર્ગની અવસ્થા નિર્મળ, નિર્વિકારી એનો પણ આત્મા કર્તા નથી. હું કર્તા નથી. કેમકે હું એ પરિણામરૂપે થતો નથી. પરિણામરૂપે હું થતો નથી માટે હું તેનો કર્તા નથી. એટલે ઉપાદાનપણે પણ પરિણામનો આત્મા કર્તા નથી.

આ એક પાઠ પહેલો પાકો થયા પછી એ કર્તાનો બીજો ભેદ છે કે આત્મા નિમિત્તપણે તો પરપદાર્થને કરે કે નહીં? પરપદાર્થને, પરભાવને, સ્વ-ભાવને. આત્મા નિમિત્તપણે પણ દ્રવ્યનો કર્તા નથી. કેમકે પરદ્રવ્યનો કર્તા થાય તો નિત્ય કર્તાપણાનો દોષ આવે. પરપદાર્થનો નિમિત્તકર્તા કોણ બને? કે જેને અભિમાન થઇ ગયું હોય કે હું પરપદાર્થનો કર્તા છું. સ્વભાવને ભૂલીને કરવાની જે ઇચ્છા ઉત્પન્ન કરે એને નિમિત્ત કર્તા કહેવાય. પણ ભગવાનઆત્મા તો જ્ઞાનસ્વભાવી છે. એનામાં પરપદાર્થની ક્રિયા થાય એનું નિમિત્તકર્તાપણું પણ એનામાં નથી. કિશોરભાઇ ફેકટરી ચલાવે, સોમચંદભાઇના દીકરાઓ ફેકટરી ચલાવે પણ ભગવાનઆત્મા એ પરપદાર્થની ક્રિયાનો ઉપાદાનપણે કર્તા હોય તો જીવ અજીવ થઇ જાય. જીવ અજીવ થાય તો તો અજીવનું કરે. સંક્રમણ થઇ જાય, ચેતન મટીને જડ થાય તો તો જડના કામ કરે. રોટલી, દાળ, ભાત, શાક ક્યારે કરે માતા, દીકરી, બેન કે એ મય થઇ જાય તો તો એ પરપદાર્થનો કર્તા બને પણ એમ તો ત્રણકાળમાં બનતું નથી. જીવ અજીવપણાને પામતો નથી માટે અજીવની ક્રિયાનો કોઇ આત્મા ઉપાદાનપણે કર્તા નથી.

હવે એક બીજું મૂળ અંદરમાં સૂક્ષ્મ છે કે નિમિત્તકર્તા પણ નથી. આત્મા પરપદાર્થની ક્રિયા થાય તેમાં નિમિત્ત થાય એવો પણ આત્માનો સ્વભાવ નથી. કેમકે નિમિત્ત કોણ થાય કે જે અહંકાર કરે, ઇચ્છા ઉત્પન્ન થાય કે આની ક્રિયાને હું કરું. એવા અજ્ઞાની જીવના અજ્ઞાનમય પરિણામ નિમિત્ત થાય. પણ હવે અજ્ઞાન તો રાખવું નથી. એટલે આત્મા કર્તા નથી પણ આત્મા અકર્તા છે, જ્ઞાતા છે એવી દૃષ્ટિ કરતાં ધર્મની શરૂઆત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થશે. હવે પરપદાર્થનો તો નિમિત્ત કર્તા નથી પણ અંદરમાં શુભાશુભભાવ થાય મિથ્યાત્વના પરિણામ, મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ આસ્રવતત્ત્વ છે એનો ભગવાનઆત્મા કર્તા નથી. થાય ત્યાં સુધી થાય. પણ થાય ત્યારે પણ ઉપાદાનપણે કર્તા નથી અને નિમિત્તપણે પણ કર્તા નથી. ઉપાદાનપણે આત્મા કર્તા કેમ નથી કે આત્મા શુધ્ધ છે. એ અશુધ્ધપરિણામને કરે નહીં. એ અશુધ્ધપરિણામ આત્માથી ભિન્ન છે માટે કરે નહીં. અશુધ્ધપરિણામ પણ સત્, અહેતુક છે માટે આત્મા તેનો કર્તા નથી.

હવે એનાથી આગળ જઇને એક સૂક્ષ્મ વાત સંતો ફરમાવે છે કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ જે પ્રગટ થાય તેનો પણ આત્મા ઉપાદાનપણે કર્તા નથી. કેમકે 'તદ્રૂપો ન ભવતિ' તે રૂપે થતો નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામમય જે રૂપ થાય દ્રવ્ય પર્યાયરૂપ થાય ને પર્યાયમાં ચાલ્યો જાય તો તો કરે. પણ એમ તો કોઇ કાળે બનતું નથી. માટે આત્મા ઉપાદાનપણે પણ કર્તા નથી. હવે એક સૂક્ષ્મ વાત બીજી કે નિમિત્તપણે પણ કર્તા નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ પ્રગટ થાય, હવે એનો જયારે નિમિત્ત કર્તા નથી તો શુભાશુભભાવનો નિમિત્ત કર્તા ન જ હોય એમ બધાએ સમજી લેવું.

કેમ કર્તા નથી? નિમિત્ત કર્તા કેમ નથી? એના ઉત્પાદનું કારણ આત્મા કેમ નથી? કર્તા નથી અને કારણ પણ નથી. કર્તા નથી એટલે ઉપાદાનપણે કર્તા નથી. અને ધર્મના પરિણામ પ્રગટ થાય એનો નિમિત્તકર્તા પણ આત્મા નથી. કેમ? કે આત્મા તો સ્વયં પહેલેથી જ હતો, તો કેમ પરિણામ ઉત્પન્ન ન કર્યા? માટે એ પર્યાયની ઉત્પત્તિનું કારણ પર્યાય છે, પર્યાયના ષટ્કારકથી પર્યાય થાય છે. પર્યાયનો કર્તા પર્યાય છે પણ હું એનો કર્તા નથી. માટે ઉપાદાનપણે કરતો નથી અને એ પરિણામ પ્રગટ થાય એ આત્માને આશ્રયે પ્રગટ થાય એટલે ઉપચારથી કર્તા કહેવાય. પણ ઉપચારનું ઉપચારપણું જે આવે છે કર્તાપણાનું એ પણ સંતોને ખટકે છે. એકદમ ઝીણી સૂક્ષ્મ અપૂર્વ વાત છે.

આ વાત પંદર, વીસ વર્ષ પહેલાં જયારે જયપૂરમાં ત્યાં પ્રતિષ્ઠા હતી. ૧૬ લાખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



રૂપિયા એ ટાઇમે ગોદીકાજીએ ખર્ચ્યા. મંદિર બનાવ્યું. ટોડરમલ સ્મારક. ત્યારે હું ત્યાં ગયો હતો. વ્યાખ્યાનમાં ગુરુદેવે કહ્યું કે શુધ્ધપર્યાયનો આત્મા કર્તા છે એવો ઉપચાર પણ આત્માને નથી. સ્વઆશ્રયે થાય એમ કહેવાય. એમ કહેવાય કે શુધ્ધપર્યાય છે એ સ્વના આશ્રયે સ્વના લક્ષે થાય. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય એમ કહેવાય. પણ એ થાય ત્યારે એનું લક્ષ ત્રિકાળી દ્રવ્ય ઉપર છે તેથી આત્માને આશ્રયે પરિણામ થયા એવો ઉપચાર આવે ખરો.

કર્તાનો ઉપચાર પણ આવે ને કારણનો પણ ઉપચાર (આવે.) પરિણમે માટે કર્તા અને પરિણામ તે કર્મ એવા ઉપચારના કથન આવે. અને થાય ત્યારે આત્માનું લક્ષ છે માટે આત્મા કારણ છે અને પર્યાય કાર્ય છે એવો ઉપચાર આવે. પણ જયાં સુધી આવા પરિણામની સાથે કર્તા કર્મનો વ્યવહાર એવો જે પક્ષ એ રહેશે ત્યાં સુધી આત્મા અકર્તા છે એ દષ્ટિમાં નહીં આવે. કર્તા-કર્મનો વ્યવહાર છે પણ વ્યવહાર છે કે નિશ્ચય? આ વાકય આજ સવારના વાંચ્યું એના ઉપરથી વિચાર આવ્યો.

'આત્મા અકર્તા છે એ જૈનદર્શનની પરાકાષ્ઠા છે' એમ લખ્યું છે. આમ કયા પુરુષે કહ્યું છે? આપણા ઉપકારી ગુરુદેવના આ વચનો છે, હો! નાઇરોબી જતાં પહેલાં ૩૨૦ ગાથા ચાલતી હતી. પહેલાં દિવસે એમ કહ્યું કે 'આ આત્મા અકર્તા છે એ ઉત્કૃષ્ટ સ્થિતિ છે' બીજે દિવસે કહ્યું કે 'આત્મા અકર્તા છે એ જૈનદર્શનની પરાકાષ્ઠા છે'.

એ કર્તાબુધ્ધિના બે પ્રકાર. ઉપાદાન કર્તા અને નિમિત્ત કર્તા. ઉપાદાન કર્તા, કરતાં પણ નિમિત્ત કર્તાની વાત બહુ સૂક્ષ્મ છે. કે જયારે પરિણામ પ્રગટ થાય શુધ્ધ ત્યારે એનું લક્ષ આત્મા ઉપર છે એ વાત સાચી છે. આત્મા પરિણમે છે માટે પરિણમે છે તે કર્તા અને પરિણામ તે કર્મ. એવો વ્યવહાર છે ખરો. આત્માને લક્ષે જ શુધ્ધપર્યાય થાય માટે આત્માને કારણ કહેવાય એવો વ્યવહાર પણ ખરો. પણ આત્મા તો નિષ્ક્રિય છે માટે કર્તા નથી અને કારણ નથી. કેમકે આત્મા તો પ્રથમથી જ હતો. કેમ સંવર, નિર્જરા પ્રગટ ન થઇ? એ સંવર, નિર્જરા પર્યાયનો સ્વભાવ છે સત્ અહેતુક. આહાહા! એની જન્મ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ક્ષણ છે. જયારે પ્રગટ થાય છે ત્યારે એનું લક્ષ આત્મા ઉપર છે. એટલી વાત હકીકત સાચી છે. પર ઉપર લક્ષ હોય નહીં.

આત્માનું લક્ષ છે માટે પર્યાય પ્રગટ થઇ એમ નથી. પર્યાય પ્રગટ થાય છે ત્યારે એનું લક્ષ આત્મા ઉપર છે. આહાહા! એ ગુરુદેવે વીસ વર્ષ પહેલાં કહ્યું કે શુધ્ધપર્યાયનો આત્મા ઉપચારથી પણ કર્તા નથી. નિશ્ચયથી તો કર્તા નથી પણ વ્યવહારે પણ કર્તા નથી. એમ. તારે નિશ્ચય-વ્યવહાર બેય કરવો હોય તો લે, પર્યાય કર્તા શુધ્ધ અને પર્યાય એનું કર્મ. એ વ્યવહાર છે અને કર્તા-કર્મનું અભેદ તે નિશ્ચય છે. નિશ્ચય-વ્યવહાર એક પર્યાયમાં લે. આને (આત્માને) તું જુદો રાખ. આ તો જુદો ને જુદો છે. પર્યાયને અડતો નથી. આહાહા! દ્રવ્ય પર્યાયનો સ્પર્શ ન કરે. એ દષ્ટિનો વિષય જયાં સુધી દષ્ટિમાં, શ્રધ્ધામાં નહીં આવે ત્યાં સુધી ભવનો અંત આવવાનો નથી.

ભલે થોડું સૂક્ષ્મ પડે પણ આત્મા જ સૂક્ષ્મ છે. આત્મા પોતે જ સૂક્ષ્મ છે. એટલે સૂક્ષ્મ સ્વભાવને પકડવા માટે ઉપયોગ પણ સૂક્ષ્મ થાય ત્યારે એ આત્મા દષ્ટિમાં, જ્ઞાનમાં, અનુભવમાં આવી શકે. સ્થૂળ ઉપયોગમાં સૂક્ષ્મ તત્ત્વ અનુભવમાં ન આવી શકે. અને એ ઉપયોગ સૂક્ષ્મ કેમ થાય? કે કર્તાબુધ્ધિ છૂટે તો. એ કર્તાના બે પ્રકાર ઉપાદાનકર્તા અને નિમિત્તકર્તા. નિમિત્તકર્તા પણ આત્મા નથી. આહાહા!

કર્તા નથી, કારયિતા નથી, કારણ નથી અને અનુમોદક પણ નથી. એવી અપૂર્વ ચીજ આ જ્ઞાનસ્વભાવી આત્મા પરમાત્મા છે. અંદર બિરાજમાન છે એને દષ્ટિમાં લેવા માટે આ બે પ્રકારના દોષ એણે ટાળવા પડશે. કેમકે સ્વયં પરિણામ થાય છે. પરિણામ સત્ અહેતુક છે. થાય છે એનું શું કરવું? ન થાય તેને કરી શકાય નહીં. અને થાય તેને મારા કર્તાપણાની અપેક્ષા લાગુ પડે નહીં. કેમકે પર્યાય સત્ છે. પ્રત્યેક પર્યાય સત્ છે. વિકારીપર્યાય હો, અવિકારીપર્યાય હો, શુધ્ધ હો, અશુધ્ધ હો. ક્રમબધ્ધપર્યાયના નિયમ પ્રમાણે, તેના કાળક્રમે તેનો સ્વકાળ અને સ્વ-ભાવ એ પ્રકારે પ્રગટ થઇને વ્યય થઇ જાય છે. માટે આત્મા કરનાર નથી પણ જાણનાર છે. એમ પહેલાં થોડીકવાર લેવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



થોડીકવાર માટે લેવું. અકર્તાની સિધ્ધિ કરવા માટે હું કર્તા નથી પણ જ્ઞાતા છું. પછી જયારે બીજો બોલ લેશું ને ત્યારે એ નીકળી જાશે. વાંચો. આત્માનો સ્વભાવ જ્ઞાન છે અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું. પર્યાયને જાણવુ (એમ) લખ્યું નથી. લખ્યું છે પર્યાયને જાણવું? આ સર્વજ્ઞ ભગવાને કહેલી વાત સંતોએ કહી. અને આ સમયસાર આદિ શાસ્ત્રોમાં છે આ. આ વાત કોઇના ઘરની નથી. છે તો આત્માના ઘરની. છે તો આત્માના ઘરની. આત્મા આવો છે. જે આમાં સૂત્ર લખ્યું છે ને? બે સૂત્ર છે ને? આહાહા!

'આત્મા અકર્તા છે એ જૈનદર્શનની પરાકાષ્ઠા છે' આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું તે છે. એ મુરબ્બી ખીમચંદભાઇની હાજરીમાં ત્યાં જતા હતા. શું કહેવાય? રેસકોર્ષમાં, રેસર્કોર્ષના મેદાનમાં. મુરબ્બી ખીમચંદભાઇ આવતા હતા. ભરતભાઇના માતુશ્રી અને બહેન પણ આવતા હતા. આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું. આહાહા! એ ભાનુબહેનને એકદમ અંદર ખોડાઇ ગયું. હર્ષમાં ને હર્ષમાં વાત કરી. બાપુજીની સાથે ઘરે જઇને વાત કરે. બાપુજી! આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું. આહાહા!

આત્માને જાણવું. આહાહા! પરને જાણવું નહીં, ભેદને જાણવું નહીં. અભેદ માત્ર એક ટંકોત્કીર્ણ આત્માને જાણવું. આ એમાં અનુભવ થશે. પછી અનુભવ થયા પછી ભેદને જાણે એને વ્યવહાર કહેવાય. નંબર બેમાં જાય. બે નંબરનો માલ છે. એક નંબરના માલમાં તો, આહાહા! આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું. આહાહા! સંધ્યાબેન ડોલે છે. માટે બે જ પાઠ છે. જાજું તો કાંઇ છે નહીં. ત્રણ ત્રણ મહિનાના બે કોર્ષ કરી નાખો. છ મહિનાનું જ કામ છે. વધારેમાં વધારે આચાર્યભગવાને કહ્યું છે, એ પણ પ્રમાદી માટે. હરકિશનભાઇ! પ્રમાદી હોય એને માટે છ મહિના હોં? આહાહા! ત્રણ ત્રણ મહિનાના બે ભાગ કરી નાખો.

હું કર્તા છું કે અકર્તા છું? કર્તા છું તો શું દોષ લાગે છે? અને અકર્તા છું તો શું ગુણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પ્રગટ થાય? વિધિસર વિચાર કરી અને બેસાડવું. અને આગમ, યુકિત, અનુમાન, અનુભવથી સિદ્ધ થાય એવી વાત છે. પછી બીજા ત્રણ મહિનામાં આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ પરને જાણવું, ભેદને જાણવું, સાત તત્વને જાણવું, દેવગુરુશાસ્ત્રને જાણવું કે આત્માને જાણવું? એ બીજા ત્રણ મહિના માટે. બસ. આ અનુભવ થવા માટેની આ બે રીત છે. અને સર્વ આગમનો આ એક સાર છે. આહાહા!

મુમુક્ષુ :- પરમ હિતની વાત છે.

ઉત્તર :- પરમ હિતની વાત છે. બેન બોલ્યા કે પરમ હિતની વાત છે. શું કહીએ? કાળ એવો છે કે કાંઇ જાજું બોલાય એવું નથી. આ આત્મા અકર્તા છે એ જૈનદર્શનની પરાકાષ્ઠા છે. આ ગુરુદેવની વાણી છે હોં? ગુરુદેવની વાણી તો આપણે બધા એના શિષ્યો, ભકતો છીએ એટલે માન્ય જ હોય ને? શિરોમાન્ય. પણ એટલેથી કામ પતે એવું નથી. કનુભાઇ! એટલા સ્વીકારના વિકલ્પમાં પણ, આહાહા! આત્મા કર્તા અને વિકલ્પ એ કર્મ બની જાય છે. એ કર્તા-કર્મની પ્રવૃત્તિ વિકલ્પની સાથે અનાદિની છે. એ તો અજ્ઞાન છે. મૂઢતા છે. આહાહા! આત્મા કર્તા અને નિર્વિકલ્પ શુદ્ધોપયોગ કર્મ એ પણ વ્યવહાર છે. આહા! કેમકે આત્મા નિષ્ક્રિય પરમાત્મા છે. એ ક્રિયાને ન કરે. આહાહા! એ પરિણામનો ભેદ કરો તો કર્તા અને કર્મ એટલો વ્યવહાર છે. એને અભેદ કરી નાખો તો એ નિશ્ચય છે. નિશ્ચય પણ પરિણામમાં અને વ્યવહાર પણ પરિણામમાં. હું તો જુદો ને જુદો છું. હું તો અલગ ને અલગ છું. આહાહા! પરિણામને હું અડતો નથી. પરિણામની સામે પણ જોતો નથી. આહાહા! એવી સ્થિતિ છે. આવી સ્થિતિ જયાં સુધી પ્રગટ ન થાય ત્યાં સુધી બધું નકામું છે. ન થાય તો એને ઘુંટવું, પ્રયત્ન કરવો. કે સંતોએ આ શીખામણ આપી છે.

હવે એ તો આપણે અત્યારે વિષય લઇ લીધો. હવે બીજો બોલ લેવો છે. કાલથી પછી કળશટીકા કાલથી લેશું. આ તો આજે વાંચ્યું હતું ને? આજે લઇ લઇએ. બીજા શબ્દો શું છે કે આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું. હવે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



પહેલો બોલ. આત્માનો સ્વભાવ જ્ઞાન છે. આત્માનો સ્વભાવ? જ્ઞાન છે. જ્ઞાન છે એમાં ઘણો કચરો નીકળી જાય. જો નિર્ણય કરો તો. નિર્ણય કરો, હજી (પહેલાં) નિર્ણય અનુભવ પછી. આત્માનો સ્વભાવ જ્ઞાન, જ્ઞાનમય આત્મા છે. જ્ઞાનદર્શનમય ખરે આત્મા. આત્મા રાગી નથી, આત્મા મિથ્યાદષ્ટિ નથી. આહાહા!

આત્મામાં વ્યવહારનયના વિષયભૂત સાત તત્ત્વનો પણ અત્યંત અભાવ છે. આત્મા તો જ્ઞાનસ્વભાવી છે. બસ. કેવળ માત્ર જ્ઞાન જ્ઞાન જ્ઞાન જ્ઞાનસ્વભાવી. જ્ઞાનનો પુંજ છે આત્મા. એ વાત ૧૪૪માં કહી છે, કે પ્રથમ આત્મા જ્ઞાનસ્વભાવી છે એમ નિર્ણય કર. આહાહા! એટલે મિથ્યાત્વ મારામાં નથી. બીજામાં હો તો હો. બીજાને ને મારે શું લાગે વળગે. હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું. પરિણામમાં રાગ-દ્વેષ હો તો હો. આહાહા! એ પરિણામ પણ મારા નથી. આહાહા! એ અજીવતત્ત્વ પુદ્‌ગલના પરિણામ છે. ભાઇ! તારી જાત નથી. સામાન્યનું વિશેષ નથી. હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું. એમ પહેલાં નિર્ણય કરો હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું.

હવે જ્ઞાનસ્વભાવી આત્મા છું એમ નિર્ણય કર્યા પછી બીજો તબક્કો આવે છે. જો આત્માનો સ્વભાવ જ્ઞાન છે તો જ્ઞાનનો સ્વભાવ શું છે? પહેલાં બોલમાં એમ આવ્યું કે આત્માનો સ્વભાવ જ્ઞાન છે. એમાં ઘણો કચરો નીકળી ગયો. આત્મા કર્મથી બંધાયેલો ને શરીરવાળો ને સ્ત્રી ને પુરુષ ને. જામનગરવાળો એ બધું નીકળી ગયું. હું તો જ્ઞાનસ્વભાવી આત્મા છું. ત્રણેકાળ. જયાં હોઉં ત્યાં. નિગોદની અવસ્થામાં હોઉં કે સિધ્ધની અવસ્થામાં હોઉં. હું તો ત્રણેકાળ જ્ઞાનસ્વભાવી છું. આહાહા!

પેલું સૂત્ર શું છે? નિગોદ....

મુમુક્ષુ :- જો નિગોદમેં, વો હી મુઝમેં.

ઉત્તર :- જો નિગોદમેં વો હી મુઝમેં.

મુમુક્ષુ :- સો હી મોક્ષ મઝાર.

ઉત્તર :- સો હી મોક્ષ મઝાર. આહાહા!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- નિશ્ચય ભેદ કછું હૈ નાંહી, ભેદ ગીને સંસાર.

ઉત્તર :- નિશ્ચયથી નિગોદમાં ને સિધ્ધમાં ભેદ નથી. ભેદ ગણે છે એ સંસાર છે. આહાહા! નિગોદના આત્માઓ પણ જ્ઞાનસ્વભાવી સિધ્ધના પરમાત્મા એ પણ જ્ઞાનસ્વભાવી આત્મા. બધા આત્મા, આત્મા જયાં કહ્યું ત્યાં જ્ઞાનસ્વભાવી જ હોય. આહાહા! રાગના યોગથી રહિત આત્મા, જ્ઞાનથી સહિત આત્મા. ત્રણેકાળ જ્ઞાનસ્વભાવી આત્મા છે. પછી એમ બીજો ભેદ આવે કે આત્માનો સ્વભાવ જ્ઞાન છે તો જ્ઞાનનો સ્વભાવ શું છે? કેમકે કરવું તો નીકળી ગયું. જ્ઞાનસ્વભાવ કહ્યો ત્યાં કરવું તો નીકળી ગયું. અને જ્ઞાનસ્વભાવી આત્મા છે એમ નક્કી થયું. તો એમ પ્રશ્ન થાય કે તો જ્ઞાનનો સ્વભાવ શું? તો કહે જાણવું. ઇ તો આવે એટલું. હવે જાણવું આવે તો કોને? એ પાછો પ્રશ્ન ઊભો થાય. થાય કે ન થાય? આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ જાણવું. આહાહા! આત્માને જાણવું પછી. એ આવશે હમણાં. આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ જાણવું. જાણવું જાણવું જાણવું જાણવું. કર્તાબુધ્ધિ છૂટી જાય. જયાં જ્ઞાનસ્વભાવ કહ્યો ત્યાં કર્તાબુધ્ધિ છૂટી જાય. પછી બીજું લાકડું છે બીજું. એ છોડાવવા માટે બીજો પાઠ છે. પાઠ તો બે જ છે. આહાહા! હું જયારે લંડનથી અહીં આવ્યો ત્યારે ધીરૂભાઇની ફેકટરીમાં ગયા હતા. ત્યારે દર્પણનું દષ્ટાંત આપ્યું. ભાઇ બહુ ખુશી થયા હતા. આહાહા!

હવે આ બીજા પાઠમાં એવું છે, આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ જાણવું. હમણાં એમ રાખવું જાણવું. જાણવું જાણવું જાણવું જાણવું, જાણવું. હવે જાણવું જો હોય તો કોને જાણવું? એ પ્રશ્ન થયા વિના રહેતો નથી. કે પરને જાણવું. પરને જાણતાં અનંત અનંત કાળ વીત્યો. પણ એને આનંદ આવ્યો નહીં. માટે પરને જાણવું આત્માનો સ્વભાવ નથી. કેમકે જે સ્વભાવ હોય એ આનંદદાયક હોય. એનું પ્રમાણ છે. અને જો પરને જાણતાં આનંદ નથી આવતો (તેથી) પરને જાણવું વિભાવ છે. પરને જાણવું-વિભાવ છે. આહાહા! માટે મારું જ્ઞાન પરને જાણતું નથી. પરને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



જાણવું મારા સ્વભાવમાં નથી.

પછી પંડિતો અને વકતાઓની ભૂલ બતાવે છે. કે પરને જાણવું સ્વભાવ ન હોય તો કાંઇ નહીં. પણ સ્વપરને તો જ્ઞાન જાણે ને? એમાં તો કોઇ ના પાડી શકે નહીં. સ્વપરપ્રકાશક છે. સ્વને જાણે અને પરને જાણે. કેવળીભગવાન સ્વને જાણે ને લોકાલોકને જાણે છે. હું મારું જ્ઞાન ભલે થોડું પણ સ્વને જાણું અને પરને જાણું. એમ સ્વપરપ્રકાશક જે જ્ઞાનની પર્યાય એ વ્યવહાર છે, નિશ્ચય નથી. સ્વમાં પ્લસ પર ઉમેર્યું માટે વ્યવહાર થઇ ગયો. પ્લસ કાઢી નાખો તો નિશ્ચય છે.

ફરીથી. આ અંદરમાં જાવા માટેની વાત છે. આત્માના દર્શન કેમ થાય એની આ વિધિ છે વિધિ. કે સ્વપરપ્રકાશક લક્ષણ પણ અસત્ છે. આહાહા! વ્યવહાર છે ને. વ્યવહાર થઇ ગયો. સ્વને જાણે અને પરને જાણે. એ પ્રમાણ થઇ ગયું માટે વ્યવહાર થઇ ગયો. એમાં પરને જાણવાનો નિષેધ આવ્યો નહીં. આહાહા! ત્યારે હવે શું કરવું? કયાં લઇ જાવા છે? આમાં શું લખ્યું છે કે આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું. આહાહા!

એકલા અભેદ આત્માને જાણવો એ જ્ઞાનનો સ્વભાવ છે. એ જ્ઞાન જયારે પરને જાણવાનો પક્ષ છોડીને સ્વપરને જાણવું એવો વ્યવહારનો પક્ષ છોડીને એ જ્ઞાન કેવળ આત્માને જાણે છે. જેનું છે તેને જાણે છે. જે જેનું હોય તે તે જ હોય. આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે. ત્યારે જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું એમ છે. તો પરને જાણવાનું જે શ્રધ્ધામાં શલ્ય પડયું હતું ને એટલે ઉપયોગ બહિર્મુખ જાતો હતો. આને જાણવું આને જાણવું સ્વભાવ છે. સ્વભાવ જાણે તેને ત્યાગબુધ્ધિ ન આવે. હેયબુધ્ધિ ન આવે. ત્યાં સુધી કહ્યું છે કે આત્મા જ્ઞાતા અને છ દ્રવ્ય મારું જ્ઞેય, એ ભ્રાંતિ છે.

બંધ અધિકારમાં આચાર્યભગવાને કહ્યું કે આ ધર્માસ્તિકાય મને જાણાય છે. અધ્યવસાન થઇ ગયું જા. અરે! આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ જાણવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



અને છ દ્રવ્ય તો ભગવાને કહ્યા છે. એને જાણવામાં શું દોષ છે? તો કહે અધ્યવસાન છે. એટલે મિથ્યાત્વનો દોષ. હું પરને જાણી શકું, હું પરનું કરી શકું, મારી શકું, સુખી, દુ:ખી કરી શકું એવો જે અભિપ્રાય મિથ્યાઅભિપ્રાય. મિથ્યાઅભિપ્રાયનું નામ અધ્યવસાન છે. શ્રદ્ધાનો દોષ છે. અધ્યવસાન છે ને એ શ્રદ્ધાનો દોષ છે. રાગ છે તે ચારિત્રનો દોષ છે. અધ્યવસાન કહો કે મિથ્યાત્વ કહો.

આચાર્યમહારાજ કહે છે કે, આહાહા! હું મારી શકું, જીવાડી શકું, સુખી, દુ:ખી કરી શકું એ તો ભાવબંધ છે. પણ આ ધર્માસ્તિકાયને હું જાણું છું તે અધ્યવસાન-ભાવબંધની પરાકાષ્ઠા છે. ભાવબંધની પરાકાષ્ઠા. છોડી દે હું એને જાણતો નથી. કેમકે જ્ઞાન ધર્માસ્તિકાયનું નથી. ધર્માસ્તિકાયનું જ્ઞાન હોય તો ધર્માસ્તિકાયને જાણે. પણ જ્ઞાન તો આત્માનું છે. કે જે આત્માને જ જાણે છે. પરને જાણતું નથી. એવું ભેદજ્ઞાન કરે તો ઉપયોગ અંદરમાં આવી અને એવું જ્ઞાન જે છે એ આત્માના સ્વભાવને જાણે ત્યારે તેને નિર્વિકલ્પ આત્માનો અનુભવ થાય તેમાં આનંદ આવે.

નિશ્ચયથી જ્ઞાન સ્વપ્રકાશક છે. એ પહેલામાં પહેલું લેવા જેવું છે. અનુભવ થયા પછી સ્વપરપ્રકાશક બીજો ભેદ એ પછી નિશ્ચય હોય તો વ્યવહારની વાત આવે. પણ અનુભવ કેમ થાય એ પહેલાં લેવું. અનુભવી શું કરે છે? અનુભવી શું કરે છે એ ન લેવું અનુભવીને પૂછવું કે અનુભવ કેમ થાય?

મુમુક્ષુ :- શું કહે છે એ કરવું.

ઉત્તર :- એમાં પણ ફેર છે. અનુભવી તો કહે કે સ્વપરપ્રકાશક છે. કોઇ એકાંતમાં ચડી ગયા હોય તો કહે કે જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. પૂછવું જોઇએ ને કે સ્વપરપ્રકાશકમાં અનુભવ થાય કે સ્વપ્રકાશકમાં? કેમકે સ્વપરપ્રકાશક નિશ્ચયપૂર્વકનો વ્યવહાર સાધકને પ્રગટ થઇ ગયો છે. એને દોષ નથી. આહાહા! એને દોષ નથી. એ સ્વપરપ્રકાશક કહે તો દોષ નથી. કેમ કે નિશ્ચયપૂર્વકનો વ્યવહાર તેની પાસે છે. એ બરાબર છે. પણ સ્વપરપ્રકાશકના પક્ષમાં અનુભવ થાય કે સ્વપ્રકાશકના પક્ષમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

શુદ્ધનયનો પક્ષ આવે અને પક્ષાતિક્રાંત થાય સ્વપરમાં. તો કહે, નહીં. એકલો સ્વ જણાય છે ને પર જણાતું નથી. એણે પ્રમાણનો નિષેધ કરવો પડશે. સ્વપરપ્રકાશકજ્ઞાન પ્રમાણ તે વ્યવહાર છે. પણ એ તો અનુભવ પછી પ્રમાણ થાય. પહેલું તો પ્રમાણાભાસ છે. પ્રમાણ ક્યાં છે? પણ જેને ગરજ હોય એ પૂછે ને? ઉપર ઉપરથી પૂછી લ્યે. મૂળમાં પૂછવું જોઇએ. આહાહા! તો બરાબર જવાબ મળે. બરાબર જવાબ મળશે. કોઇ સવાલ જ નથી.

આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું. જાણ્યા પછી ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થયું પછી સવિકલ્પ દશામાં આવે છે. પછી બારમી ગાથા પછી લખી. ૧૧મી પછી ૧૨મી હોય. પણ એ બારમું છે. ધ્યાન રાખજો એમાં રહસ્ય છે. એમાં પણ રહસ્ય છે. જ્ઞાનમાં ગયો. આત્માનો આનંદ આવ્યો, સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું. અંદર રહેવાતું નથી. શુદ્ધઉપયોગ અંદરમાં ટકતો નથી. બહાર આવે છે. બહાર આવે છે ત્યારે કોઇ કોઇને જ કોઇ વખતે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. કોઇ કોઇને અને કોઇ વખતે. કોઇ કોઇને એટલે અજ્ઞાનીને નહીં અને કેવળીને નહીં અને નિર્વિકલ્પ ધ્યાનીને પણ નહીં. સવિકલ્પજ્ઞાનીને. અજ્ઞાનીને નહીં અને કેવળીને નહીં. કેમ કે કેવળી તો પરમાત્મા થઇ ગયા છે. તે સાધક ક્યાં છે? આ તો સાધક થયા તેની વાત છે. ચંદ્રકાંતભાઇ! રહસ્યવાળી વાત છે. લખાવજો બરાબર લખાવજો. લખવા જેવું છે. ઘણાં અભ્યાસી છે. એમને ત્યાં અમે ઉતર્યા હતા. જયંતિભાઇ ને હું.

આ પારિણામિકભાવની વાત કરી. બહુ કહેવાય. તે દિ' કરતા હતા વાત. આહાહા! કોઇ અપૂર્વ ચીજ છે. નિશ્ચય જેને પ્રગટ થઇ ગયો. ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ થયું. એ અંદરમાં ટકાતું નથી નિર્વિકલ્પધ્યાનમાં એટલે ફટ સવિકલ્પમાં આવે છે. તો કહે છે કે કોઇ કોઇને અને કોઇ વખતે. કોઇ કોઇને એટલે કે અજ્ઞાનીને વ્યવહાર ન હોય. નિશ્ચય નથી માટે વ્યવહાર નથી. અને પરમાત્મા થયા એ તો વ્યવહારાતીત થઇ ગયા. એ તો સાધક નથી એ તો પરમાત્મા થઇ ગયા. એને ક્યાં સાધકની અવસ્થા છે?

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



કોઇ કોઇને એટલે કે જ્ઞાનીને. સાધક જ્ઞાનીને અને સવિકલ્પજ્ઞાનીને. નિર્વિકલ્પ જ્ઞાનીને ધ્યાનીને નહીં. નિર્વિકલ્પધ્યાની જ્ઞાનીને નહીં. સવિકલ્પ જ્ઞાની ધ્યાનીને વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. પર્યાય થોડો વીતરાગભાવ પ્રગટ થયો. થોડો રાગ છે. થોડો પર્યાયમાં રાગ છે. મારામાં નથી. પણ પર્યાયમાં રાગ છે એમ સાધક જાણે છે. પોપાબાઇનું રાજ નથી. આહાહા! દષ્ટિમાં નથી પણ દશામાં થોડોક છે. આહાહા! નિર્દોષતા પણ પ્રગટ છે અને દોષ પણ થોડો રહી ગયો છે. આહાહા! કરવું બાકી છે. ત્યારે કોઇ કોઇને કોઇ વખતે. કોઇ વખતે એટલે સવિકલ્પધ્યાનીને. નિર્વિકલ્પધ્યાનીને નહીં. ધ્યાની જ છે. સવિકલ્પમાં પણ આત્માનું ધ્યાન કરે છે. રાગનું ધ્યાન કરતાં નથી. પણ શુધ્ધઉપયોગ નથી અને પરિણતિ છે. માટે વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે. આદરેલો નહીં. ઉપાદેય નહીં.

હવે બારમી ગાથા લખી છે. તે બારમું છે. જો એ વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન અને જો જ્ઞાની પણ પર્યાયને જાણે છે, જો જ્ઞાની પણ પર્યાયને જાણે છે, જો જ્ઞાની પણ પર્યાયને જાણે છે. એ જ્ઞાનીને પણ પર્યાયને જાણવાનો પક્ષ આવે તો મિથ્યાદષ્ટિ થઇ જાય છે. ખરેખર બારમું છે.

એ તો કામચલાઉ જ્યાં સુધી નિર્વિકલ્પધ્યાનમાં ન જાય, કાંતાબેન! સવિકલ્પદશા હોય ત્યાં સુધી જ્ઞાની પરિણામ જે હોય. જેવા હોય પરિણામ. જ્ઞાન મધ્યસ્થ થઇ ગયું છે. રાગને રાગરૂપે જાણે. વીતરાગભાવને વીતરાગભાવરૂપે જાણે. જાણવામાં પરિણામમાં હજી દોષ છે તે બરાબર છે. પણ એ ક્યાં સુધી જાણે કે એ ફરી નિર્વિકલ્પ ન થાય ત્યાં સુધી. પણ જો જાણવાના વિષયમાં રોકાઇ ગયો. આહાહા!

કોઇ વખતે શબ્દ લખ્યો છે. નિરંતર વ્યવહારને જાણવો એમ લખ્યું છે? શોભના! શું લખ્યું છે? કોઇ વખતે એટલે સવિકલ્પનો કાળ હોય ત્યારે જ. અન્ય કાળે નહીં. આહાહા! આવી રહસ્યવાળી વાત ગુરુદેવ કહી ગયા છે. બધું ખુલ્લમ ખુલ્લા કહી ગયા છે. કાંઇ બાકી રાખ્યું નથી. પણ ટાઇમ કાઢીને એના માટે પ્રયત્ન કરવો જોઇએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



મુમુક્ષુ :- જ્ઞાનીને સહજ હોય છે .

ઉત્તર :- સહજ જ. નિશ્ચયપૂર્વક વ્યવહાર હોય છે. વ્યવહાર છે પણ વ્યવહારનો પક્ષ નથી. વ્યવહારનો પક્ષ છૂટી ગયો છે એટલે થોડો ટાઇમ જાણે છે પછી ફટ ત્યાંથી ખસીને ભેદમાંથી ખસીને અભેદમાં ચાલ્યો જાય છે. ભેદને જાણે. આહાહા! ભેદને જાણે છે પણ ભેદને જાણવાની ભાવના નથી. શું કહ્યું? ભેદને સવિકલ્પદશામાં જાણે છે. વાત સાચી છે. પણ ભેદને જાણવાની ભાવના ન હોય. ભાવના તો અભેદને જાણવાની હોય. પણ અભેદમાં જઇ શકાતું નથી એટલે ભેદ જાણેલો પ્રયોજનવાન છે. એ પણ કોઇ વખતે થોડા ટાઇમ માટે.

એવો એક પ્રશ્ન થયો હતો. એક ભાઇએ કહ્યું કે પ્રમાણથી તો બે ને જાણે ને? દ્રવ્યને જાણે અને પર્યાયને જાણે. ૧૧મી અને ૧૨મી ગાથા છે ને બેય? હં.. બરાબર છે કહ્યું. પણ ધ્યાન રાખજો એ બારમું છે. જો ભેદને જાણવા રોકાઇ ગયો અને તેમાં ઉત્સાહ આવી ગયો, તો વ્યવહારનો પક્ષ આવી જશે. પક્ષ આવતાં નિશ્ચય છૂટી જશે. વ્યવહાર હોય પણ વ્યવહારનો પક્ષ ન હોય. થોડા ટાઇમ માટે છે. અંદરમાં ઠરાતું નથી. સવિકલ્પદશા આવે છે. સાતમામાંથી છઠ્ઠું આવે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. પણ કોઇ વખતે. સર્વકાળ શબ્દ નથી લખ્યો. સર્વકાળે તો જાણવાનો વિષય (જાણનાર છે.) આહાહા! એ સર્વકાળ. કોઇ વખતે નહીં. કોઇ વખતે આત્માને જાણવો અને કોઇ વખતે પર્યાયને જાણવી (એમ નહીં).

મુમુક્ષુ :- છઠ્ઠી ગાથામાં લખ્યું છે ને કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જ જણાય છે.

ઉત્તર :- જ્ઞાયક જ જણાય છે. નિરંતર. નિરંતર. આહાહા! પરિણતિ અને ઉપયોગ ગૌણ કરો તો નિરંતર જ્ઞાયક જણાય છે. પણ નિરંતર જાણવાનો વિષય આત્મા છે. અને સવિકલ્પદશામાં કોઇ વખતે બારમું આવી જાય તો જાણી લેવું બસ પર્યાયને. પણ છે બારમું ધ્યાન રાખજો. બારમું અપશુકન છે. શબ્દ સારો નથી.

મુમુક્ષુ :- સંધ્યાબહેન પૂછે છે કે બારમું એટલે શું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



ઉત્તર :- અપશુકન છે. આ કોઇ મરી જાય ને નથી કહેતાં કે બારમું છે. બારમે વિધિ કરે ને? એ અપશુકન છે. સંતોએ કોઇ શાસ્ત્ર લખ્યા છે! કોઇ કોઇને કોઇ વખતે ટેમ્પરરી. કાયમ માટે પરિણામને જાણવા રોકાઇશ નહીં હોં! આહાહા! કેમકે પરિણામને જાણતાં શુધ્ધિની વૃધ્ધિ થતી નથી. પરિણામને જાણતાં સમ્યગ્દર્શન તો થાય નહીં. એનાથી સૂક્ષ્મ. પરિણામને જાણતાં નિર્જરા થતી નથી. અપરિણામી અભેદને જાણે છે માટે નિર્જરા થાય છે. માટે પરિણામને જાણવું છોડી અને અપરિણામી એવા જ્ઞાયકને જાણવા ફરીથી ઉપયોગ અંદરમાં આવી જાય છે ત્યારે ગુણસ્થાન વધી જાય છે. ચોથામાંથી પાંચમું, પાંચમાંમાંથી સાતમું.

આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ આત્માને જાણવું. ભેદને જાણવું નહીં. આવી જાય. ભેદને જાણવાનો પ્રકાર આવી જાય છે. એ દોષ છે. ગુણ નથી. શુધ્ધઉપયોગ છૂટી ગયો. શુધ્ધપરિણતિ રહી ગઇ. શુધ્ધપરિણતિમાં સાધકને સંતોષ નથી. આહાહા! પોણો કલાક થયો. આ બે બોલ. આજ થોડીક તબિયત ઠીક હતી એટલે આ ચાલ્યું.

મુમુક્ષુ :- સોગાનીજીએ એક વાત કરી હતી કે શુધ્ધપર્યાય આત્માનું ધ્યાન કરે છે એ વાત પણ અમને ખૂંચે છે.

ઉત્તર :- શુધ્ધપર્યાય આત્માનું ધ્યાન કરે તો શુધ્ધતા વધે એમ નથી. શુધ્ધતા વધે ત્યારે તેનું લક્ષ આત્મા ઉપર હોય. આત્માનું ધ્યાન કરતાં શુધ્ધતા વધી એમ કહેવામાં આવે છે. એ શુધ્ધતા વધવાનો એનો સ્વતઃ કાળ સ્વ છે. સત્ અહેતુક પર્યાય છે. આહાહા! એ પર્યાયનું સત્ જયાં સુધી નહીં બેસે ત્યાં સુધી કર્તાબુધ્ધિ નહીં છૂટે. જયસુખભાઇ! પર્યાય સત્ ન બેસે ત્યાં સુધી કર્તાબુધ્ધિ ન છૂટે. જેવી પર્યાય સત્ છે, ગુરુદેવે તો દાંડી પીટીને કહ્યું છે. પર્યાયનો કર્તા પર્યાય એના ષટ્કારકથી થાય છેસ્વયમેવ થાય છે. આત્મા તેનો કર્તા નથી. ઉપાદાન (ત્રિકાળી દ્રવ્ય)પણ કર્તા નથી અને નિમિત્ત (કર્મ-પર)પણ કર્તા નથી. નિમિત્તથી પર્યાય ન થાય અને ઉપાદાનથી પણ ન થાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



એક યોગસાર શાસ્ત્ર છે એમાં લખ્યું છે કે સમ્યગ્દર્શનનો દાતા ગુરુ તો નથી. શ્રી ગુરુ તો દાતા નથી. પણ આત્મા પણ તેનો દાતા નથી. આવી વાતો તો શાસ્ત્રોમાં કોહીનૂરના હીરા પડયા છે, ખૂણે ખાંચરે. પણ જો નિશ્ચયની આંખ ઉઘાડે તો દેખાય અને નિશ્ચયની આંખ બંધ કરી અને વ્યવહારની આંખથી જુએ તો પાસ ઓન થઇ જાય. (ખ્યાલમાંથી નીકળી જાય) દેખાય નહીં એને. અને જયાં પોતાની ગમતી વાત આવે તો આ વાત વ્યવહારની બરાબર હા.. જો અમે કહેતા હતા તે આવ્યું. અરે! તારું મોત આવ્યું. જાણવાના વિષયમાં તને ઉત્સાહ શેનો છે પ્રભુ! હો. હો તો હો. જાણી લે કોણ ના પાડે છે. એની અધિકતા શું? વ્યવહારનો પક્ષ છૂટવો બહુ મુશ્કેલ છે. છૂટી શકે છે. અશકય નથી. દુર્લભ છે પણ અશકય નથી.

આત્મા તો પરિપૂર્ણ જ્ઞાનથી ભરેલો પરમાત્મા છે. વધઘટ થાય છે એ પર્યાયમાં થાય છે. ખરેખર પરદ્રવ્યમાં થાય છે મારામાં થતી નથી. એ પરદ્રવ્ય છે. ભેદ કર્યો એટલે પરદ્રવ્ય થઇ ગયું. પર્યાયથી અભેદ કહો તો જ્ઞેય થાય પણ ધ્યેય ન થાય. ધ્યેય તો પર્યાયથી રહિત છે. આ ચાકડો (સૂત્ર લખેલું કપડું)છે ને? એ અમે ગયા હતા 'શ્રવણ બેલગોલા' બે મહિના રહ્યા. ત્યાંના ભટ્ટારક છે ને. નરમ માણસ છે. અને તત્ત્વને સમજવાની જિજ્ઞાસા છે. અને અધ્યાત્મ શાસ્ત્રનો પોતે ઘરે પણ અધ્યયન કરે છે. આ વાંચીને ખૂબ ખુશ થઇ ગયા. મને આવું બનાવી દયો. નિલમબેનને કહ્યું મારે આ જોઇએ છે. બનાવીને આપ્યું. બહુ ખુશ થયા.

આ બે મૂળ વાત છે. મૂળ વાત છે. દ્રવ્યનો નિશ્ચય અને પર્યાયનો નિશ્ચય. બે નિશ્ચય આમાં છે. શું કહ્યું? કનુભાઇ મેં શું કહ્યું? દ્રવ્યનો નિશ્ચય અને પર્યાયનો નિશ્ચય. દ્રવ્યનો નિશ્ચય એટલે શું એ તમે વાંચો એટલે ખબર પડી જાય.

મુમુક્ષુ :- આત્મા અકર્તા છે.

ઉત્તર :- એ દ્રવ્યનો નિશ્ચય છે. અને જ્ઞાન આત્માને જાણે છે. પરને નહીં. એ જ્ઞાનની પર્યાયનો નિશ્ચય. બે નિશ્ચય ભેગા થાય ત્યારે એક અનુભવ થાય. એક નિશ્ચયમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અનુભવ ન થાય. એક નિશ્ચયમાં પક્ષ રહે છે. એક નિશ્ચયમાં પક્ષ રહે છે. બે નિશ્ચયમાં પક્ષાતિક્રાંત થવાય છે.

મુમુક્ષુ :- જે વસ્તુ સદાય જ્ઞાનમય છે, આનંદમય, સુખમય છે, ધ્યાનમય છે. સદાય ટંકોત્કીર્ણ એકરૂપ છે. એને જાણવું શું અને દેખવું શું. જે સદાય છે જ એને કરવું શું. જાણવું છે જ વસ્તુ. ટંકોત્કીર્ણ એકરૂપ એમ ને એમ રહે છે.

ઉત્તર :- એમ કોણ જાણે છે?

મુમુક્ષુ :- પર્યાય જાણે છે.

ઉત્તર :- તો એ શુધ્ધ થઇ જાય. એમ જો જાણે જેવો સ્વભાવ પોતાનો છે એમ જાણે તો સમ્યગ્દર્શન થાય. એનાથી વિપરીત જાણે તો સમ્યગ્દર્શન ન થાય. એને એનામાં જાણવાની ક્રિયા નથી. એને કોઇ જાણે કે ન જાણે એની એને પરવાહ પણ નથી. પણ એની દશામાં દુ:ખ છે ને? એ દુ:ખની નિવૃત્તિ માટે પર્યાય આત્માનું અવલંબન લ્યે છે. આહાહા! શરણ તો એક આત્માનું છે પર્યાયને. દ્રવ્યને કોનું શરણ છે? એ તો પરમાત્મા છે. પરિણામમાં થાક લાગે ને? થાક ઉતારવા માટે એ આત્માનું જ્ઞાન અને આત્માનું શ્રધ્ધાન કરવા આવે છે. આત્મા તરત જ દર્શન દયે છે. ના નથી પાડતો. તૈયાર છે. દર્શન લેવા જાય એને દર્શન દયે. કોઇને બોલાવે નહીં. આ પ્રતિમા કોઇને બોલાવે છે? એમ આ પ્રતિમા છે. એ પર્યાયને બોલાવે નહીં કે મારા દર્શન લે. તું થાક ત્યારે મારી પાસે આવજે. બાકી ત્યાં સુધી ભટકી લે. અહીંથી સુખ, અહીંથી સુખ, કયાંયથી સુખ આવવાનું નથી. થાકે ત્યારે અંદરમાં પરિણામ આવે છે. અને શાંતિનો અનુભવ થાય છે.

મુમુક્ષુ :- જ્ઞાન વધારે કોનામાં લાલચંદભાઇમાં કે સંધ્યાબેનમાં?

ઉત્તર :- કોઇમાં જ્ઞાન વધારે નહીં. બધામાં જ્ઞાન સરખું. જ્ઞાન બધામાં સરખું. તમારામાં પણ સરખું અને તિર્યંચમાં પણ સરખું. દેવમાં પણ સરખું. જ્ઞાનમય આત્મા બધા પરિપૂર્ણ છે. એ જે વધારે જ્ઞાન અને ઓછું જ્ઞાન એ પર્યાયના ભેદો છે. એ પરદ્રવ્ય છે. કોનું જ્ઞાન વધારે અને કોનું જ્ઞાન ઓછું, નજર તમારી પર ઉપર ગઇ. પ્રમાણની

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



બહાર જાવું નહીં અને પ્રમાણમાં અટકવું નહીં. એ પ્રમાણની બહાર ચાલ્યા ગયા તમે. તમારે શું એમાં લેવા દેવા? આનું જ્ઞાન ઓછું અને આનું જ્ઞાન વધારે એમાં કાંઇ લેવા દેવા નથી. પરને જાણવાનું તો સર્વથા બંધ કરી દે. અને પરિણામને જાણવાનું સર્વથા બંધ કરી દે.

મુમુક્ષુ :- પ્રવચન સાંભળીને બહાર નીકળીએ ત્યારે લોકો આમ જ પૂછે છે.

ઉત્તર :- મારા જ્ઞાનમાં લાલચંદભાઇ અને સંઘ્યા જણાય છે. એ દોષ છે. ગુણ નથી. એ જાણવાનો વિષય છે? આ પરપદાર્થ કાંઇ જાણવાનો વિષય છે? જાણવાનો વિષય તો આ (આત્મા) છે. એ તો વાત થઇ. બધી વિકલ્પની જાળ છે. પરની ઉપર લક્ષ જતાં ઇન્દ્રિયજ્ઞાન ઊભું થાય છે અને ઇન્દ્રિયજ્ઞાન જેને જાણે છે એમાં મમતા કર્યા વગર રહેતું નથી. માટે ઇન્દ્રિયજ્ઞાન જીતવા જેવું છે. ચોથા બોલમાં આવ્યું ને? ભાવઇન્દ્રિયવાળો પરને જાણતો નથી, રસને ચાખતો નથી. આવ્યું ને? આ અધ્યાત્મની વાત છે ને એ તો કોઇ અલૌકિક વાત છે. બીજાની સાથે આત્માને લેવા દેવા શું?

'નાસ્તિ સર્વોપિ સંબંધ પરદ્રવ્ય આત્મતત્ત્વયોઃ' કાંઇ લેવા દેવા નહીં. ૬૦૮ જીવ (૬ મહિનાને ૮ સમયમાં) મોક્ષમાં જાય છે. આપણે શું લેવા દેવા? આપણે શું ફાયદો એમાં ? આપણે ફાયદો ખરો એમાં? આ કનુભાઇ કમાય કે આ કિશોરભાઇ કમાય એમાં કોઇને ભાગ છે? લેવા દેવા શું એમાં? હેં? અચ્છા! બીજો કોઇ નુકસાન કરતો હોય તોપણ આપણે શું લેવા દેવા? પાર્ટનરશીપડીડનો અભાવ છે. ક્યાંય પાર્ટનરશીપડીડ છે જ નહીં. આહાહા! જે સમજે તે પામે. સમજનો પિંડ છે આત્મા. સમજાય એવી વસ્તુ છે. તમે બેંક બેલેંસ પૂછવા જાવ તો તમારી બેંક બેલેંસની વાત કરે પણ કનુભાઇની પૂછશો તો જવાબ દેશે? આહાહા!

મુમુક્ષુ :- સર્વ જીવ છે સિધ્ધસમ જે સમજે તે થાય.

ઉત્તર :- વર્તમાન એની પાસે ઉપયોગ પણ છે. પ્રત્યેક જીવને પ્રત્યેક સમયે જ્ઞાન પ્રગટ થાય છે. એ જ્ઞાનમાં બાળ ગોપાળ સૌને ભગવાનઆત્મા જણાય રહ્યો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates



આહાહા! એ જ્ઞાન એવું ઉત્પન્ન થાય છે કે આત્મા જણાય છે એવું જ ઉત્પન્ન થાય છે. આત્માને પ્રસિદ્ધ કરીને પછી જ પર્યાય વ્યય થાય છે. જયારે ઉપયોગ ઉત્પન્ન થાય છે ત્યારે તેમાં આત્મા જણાય જ છે. પ્રતિભાસે છે. પણ એને આ (પર) જણાય છે આ (પર) જણાય છે. બહિર્મુખતા કરે છે. જ્ઞાનઉપયોગનો દૂરઉપયોગ. ઉપયોગનો દૂરઉપયોગ.

મુમુક્ષુ :- જાણનારને માન નહીં કહીએ કેવું જ્ઞાન?

ઉત્તર :- ઘટપટાદિને જાણ તું તેથી તેને માન

જાણનારને માન નહીં કહીએ કેવું જ્ઞાન.

આ છે, આ છે, આ છે. આહાહા! પાછા પાંચ જણા સલાહ લેવા આવે. મર્યો એમાં. પૂછવા આવે. આહાહા! કનુભાઇને પૂછવા આવે. શેરનું શું? બેંકનું શું? એમાં કાંઇ વાતમાં માલ નથી. ઇન્દ્રિયજ્ઞાન છે. એ તો હેય છે. ભાઇ! ઉપાદેય નથી. જે એકાંત પરને પ્રસિદ્ધ કરે અને સ્વને તિરોભૂત કરે એ જ્ઞાન ન કહેવાય. એ અજ્ઞાન કહેવાય. અજ્ઞાન છે. જ્ઞાન જ નથી. થઇ ગયો વખત લ્યો.

બોલો પરમ ઉપકારી શ્રી સદગુરુદેવનો જય હો.

卐

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: check http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates

